અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ ૮ | અંક : ૯૧ | અમદાવાદ | પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૬૯૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### નાસભાગમાં ૪૧ના મોત મામલે પોલીસનો આરોપ

# વિજય જાણીજોઇને રેલીમાં મોડા આવ્યા જેથી ભીડ ભેગી થાય

## વિજય સાંજે ૪.૪૫ વાગ્યે કરૂર જિલ્લામાં પહોંચી ગયા હતા, પરંતુ રેલી સ્થળ પર જાણીજોઈને મોડા પહોંચ્યા તેમજ પરવાનગી વિના રોડ શો કર્યા

। (એજન્સી) કરૂર, તા.૨૯ ।

તમિલનાડુના કરૂરમાં ૨૭ સપ્ટેમ્બરની રાત્રે અભિનેતામાંથી નેતા બનેલા વિજયની ચૂંટણી રેલીમાં સર્જાયેલી નાસભાગ મામલે એફઆઈઆર નોંધાઈ છે. આ દુર્ઘટનામાં ૪૧ લોકોના મોત થયા હતા, અને ૮૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. એફઆઈઆરમાં ટીવીકે ચીફ વિજય અને તેમના પક્ષના ત્રણ અન્ય નેતાઓને આ દુર્ઘટનામાં જવાબદાર ઠેરવ્યા છે.

પોલીસે ટીવીકેના જિલ્લા સચિવ મથિયાઝગન, રાજ્ય મહાસચિવ બુશી આનંદ અને રાજ્ય સંયુક્ત સચિવ સીટીઆર નિર્મલ કુમાર વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫, ૧૧૦, ૧૨૫ (બી), ૨૨૩ અને તમિલનાડુ જાહેર સંપત્તિ અધિનિયમની કલમ ૩ હેઠળ કેસ નોંધ્યો છે. એફઆઈઆરમાં આરોપ મૂકાયો છે કે, વિજયની રેલી માટે અગિયાર શરતો નક્કી કરવામાં આવી હતી, સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાપન માટે ૫૦૦ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. બપોરે ૧૨ વાગ્યે વિજયના રેલીમાં આગમનની જાહેરાત થતાં સવારે ૧૦ વાગ્યાથી જ સ્થળ પર ભીડ એકઠી થવા લાગી હતી. મથિયાઝગને ૧૦,૦૦૦ લોકોની ભીડ માટે પરવાનગી માંગી હતી, પરંતુ આ નાની જગ્યામાં ૨૫,૦૦૦થી વધુ લોકો ઉપસ્થિત હતાં. એફઆઈઆરમાં વધુમાં જણાવ્યું કે, વિજય સાંજે ૪.૪૫ વાગ્યે કરૂર જિલ્લામાં પહોંચી ગયા હતા. પરંતુ રેલી સ્થળ પર જાણીજોઈને મોડા પહોંચ્યા. તેમજ પરવાનગી વિના રોડ શો કર્યો. વહીવટીતંત્ર દ્વારા રેલી માટે નક્કી કરાયેલી શરતોનું પાલન કરવામાં આવ્યું ન હતું, જેના કારણે જનતા અને ટ્રાફિક વ્યવસ્થાપનમાં પોલીસને અસુવિધા થઈ. વિજયની બસ સાંજે ૭ વાગ્યે વેલુચમીપુરમ પહોંચી, પરંતુ રેલીમાં પહોંચવામાં જાણી જોઈને વિલંબ કરતાં ભીડ સતત વધી રહી હતી. પોલીસ અધિકારીઓએ મથિયાઝગન, બુશી આનંદ, અને સીટીઆર નિર્મલ કુમારને એલર્ટ આપ્યું હતું કે, ભીડના કારણે સ્થિતિ અંકુશ બહાર થઈ રહી છે, જેનાથી લોકોના શ્વાસ રૂંધાવા, શારીરિક જોખમ વધ્યું છે. પરંતુ ટીવીકેના નેતાઓએ આ ચેતવણીને અવગણી. એફઆઈઆર મુજબ, ટીવીકે નેતાઓના કાર્યકરોએ યોગ્ય રીતે વ્યવસ્થા કરી ન હતી. જેથી સ્થિતિ વણસી હતી. લોકો ઝાડની ડાળીઓ અને રસ્તાની બાજુમાં આવેલી દુકાનોના શેડ પર ચઢી ગયા. ઘણા ઝાડ પરથી નીચે પડ્યા હતા. ભીડમાં ફસાઈ ગયા હતા, જેના લીધે નાસભાગ થઈ હતી.

FIR માં એમ પણ કહેવામાં આવ્યું છે કે વિજયને બપોરે ૩ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી કાર્યક્રમ યોજવાની પરવાનગી હતી, પરંતુ તે કરુર જિલ્લાની સરહદમાં ચાર કલાક મોડા પ્રવેશ્યો હતો. આ વિલંબ જાણી જોઈને મોટી ભીડને રેલીમાં આકર્ષવા અને તેને રાજકીય બળ તરીકે રજૂ કરવા માટે કરવામાં આવ્યો હતો. હજારો લોકો વિજયની રાહ જોતા તડકામાં ઉભા હતા, જેના કારણે ઘણા લોકો ડિહાઈડ્રેટ અને બેભાન થયા હતાં. આ નાસભાગમાં ૪૧ લોકોના મોત થયા હતા, જ્યારે ૮૦ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.



**આ નાની જગ્યામાં ૨૫,૦૦૦થી વધુ લોકો ઉપસ્થિત હતાં**

મથિયાઝગને ૧૦,૦૦૦ લોકોની ભીડ માટે પરવાનગી માંગી હતી, પરંતુ આ નાની જગ્યામાં ૨૫,૦૦૦થી વધુ લોકો ઉપસ્થિત હતાં. એફઆઈઆરમાં વધુમાં જણાવ્યું કે, વિજય સાંજે ૪.૪૫ વાગ્યે કરૂર જિલ્લામાં પહોંચી ગયા હતા. પરંતુ રેલી સ્થળ પર જાણીજોઈને મોડા પહોંચ્યા. તેમજ પરવાનગી વિના રોડ શો કર્યો. વહીવટીતંત્ર દ્વારા રેલી માટે નક્કી કરાયેલી શરતોનું પાલન કરવામાં આવ્યું ન હતું, જેના કારણે જનતા અને ટ્રાફિક વ્યવસ્થાપનમાં પોલીસને અસુવિધા થઈ. વિજયની બસ સાંજે ૭ વાગ્યે વેલુચમીપુરમ પહોંચી, પરંતુ રેલીમાં પહોંચવામાં જાણી જોઈને વિલંબ કરતાં ભીડ સતત વધી રહી હતી.

### ભીડના કારણે સ્થિતિ અંકુશ બહાર થઈ

વહીવટીતંત્ર દ્વારા રેલી માટે નક્કી કરાયેલી શરતોનું પાલન કરવામાં આવ્યું ન હતું, જેના કારણે જનતા અને ટ્રાફિક વ્યવસ્થાપનમાં પોલીસને અસુવિધા થઈ. વિજયની બસ સાંજે ૭ વાગ્યે વેલુચમીપુરમ પહોંચી, પરંતુ રેલીમાં પહોંચવામાં જાણી જોઈને વિલંબ કરતાં ભીડ સતત વધી રહી હતી. પોલીસ અધિકારીઓએ મથિયાઝગન, બુશી આનંદ, અને સીટીઆર નિર્મલ કુમારને એલર્ટ આપ્યું હતું કે, ભીડના કારણે સ્થિતિ અંકુશ બહાર થઈ રહી છે, જેનાથી લોકોના શ્વાસ રૂંધાવા, શારીરિક જોખમ વધ્યું છે. પરંતુ ટીવીકેના નેતાઓએ આ ચેતવણીને અવગણી. એફઆઈઆર મુજબ, ટીવીકે નેતાઓના કાર્યકરોએ યોગ્ય રીતે વ્યવસ્થા કરી ન હતી. જેથી સ્થિતિ વણસી હતી. લોકો ઝાડની ડાળીઓ અને રસ્તાની બાજુમાં આવેલી દુકાનોના શેડ પર ચઢી ગયા. ઘણા ઝાડ પરથી નીચે પડ્યા હતા. ભીડમાં ફસાઈ ગયા હતા, જેના લીધે નાસભાગ થઈ હતી. FIR માં એમ પણ કહેવામાં આવ્યું છે કે વિજયને બપોરે ૩ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી કાર્યક્રમ યોજવાની પરવાનગી હતી, પરંતુ તે કરુર જિલ્લાની સરહદમાં ચાર કલાક મોડા પ્રવેશ્યો હતો. આ વિલંબ જાણી જોઈને મોટી ભીડને રેલીમાં આકર્ષવા અને તેને રાજકીય બળ તરીકે રજૂ કરવા માટે કરવામાં આવ્યો હતો. હજારો લોકો વિજયની રાહ જોતા તડકામાં ઉભા હતા, જેના કારણે ઘણા લોકો ડિહાઈડ્રેટ અને બેભાન થયા હતાં. આ નાસભાગમાં ૪૧ લોકોના મોત થયા હતા, જ્યારે ૮૦ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

### તિલક વર્માની જોરદાર લડાયક અડધી સદી

# એશિયા કપમાં પાકિસ્તાન સામે ભારતનું વર્ચસ્વ કાયમ રહ્યું

## દુબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ફાઇનલમાં પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાન તેની ૨૦ ઓવર પૂરી કરી શક્યું ન હતું



। (એજન્સી) દુબઈ, તા.૨૯ ।

ડાબેરી બેટર તિલક વર્માએ શાનદાર બેટિંગ કરીને અડધી સદી ફટકારતાં ભારતે એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં પાકિસ્તાન સામે જોરદાર લડત આપીને ભારતને પાંચ વિકેટે રોમાંચક વિજય અપાવ્યો હતો. ભારત એક સમયે નબળી સ્થિતિમાં આવી ગયું હતું પરંતુ તિલક વર્માએ છેક સુધી હિંમત હાર્યા વિના બેટિંગ કરી હતી. આ સાથે એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારતે પોતાના આ કટ્ટર હરીફ સામે વર્ચસ્વ કાયમ રાખ્યું હતું. પાકિસ્તાનને આ ટુર્નામેન્ટમાં સળંગ ત્રીજા રવિવારે ભારત સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આમ આ ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સામે ભારતે વિજયની હેટ્રિક નોંધાવી હતી.અહીંના દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ફાઈનલમાં પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાન તેની ૨૦ ઓવર પૂરી કરી શક્યું ન હતું અને ૧૯.૧ ઓવરમાં ૧૪૬ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગયું હતું જેના જવાબમાં ભારતે ૧૯.૪ ઓવરમાં પાંચ વિકેટે ૧૫૦ રન કર્યા હતા. તિલક વર્મા ૫૩ બોલમાં ચાર સિક્સર સાથે ૬૯ રન ફટકારીને અણનમ રહ્યો હતો.મેચ જીતવા માટે ૧૪૭ રનના ટારગેટ સામે રમતાં ભારતે પણ કંગાળ પ્રારંભ કર્યો હતો. જે રીતે પાકિસ્તાને અંતમાં વિકેટો ગુમાવી હતી તે રીતે ભારતે શરૂઆતમાં વિકેટો ગુમાવી હતી. ટુર્નામેન્ટના સર્વશ્રેષ્ઠ બેટર અભિષેક શર્માનું નુકસાન ભારતને ભારે પડ્યું હતું તે બીજી ઓવરના પહેલા બોલે ફહીમ અશરફના બોલે આઉટ થઈ ગયો હતો તો શુભમન ગિલ ૧૨ અને કેપ્ટન સૂર્યકુમાર યાદવે માત્ર એક રન કરીને આઉટ થઈ જતાં ભારતે ચોથી ઓવરના અંતે ૨૦ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. તિલક વર્મા અને સંજુ સેમસને સ્કોર ૭૭ સુધી પહોંચાડ્યો ત્યારે સેમસન મક્કમ રીતે રમી રહ્યો હતો પરંતુ પ્રતિભાશાળી સ્પિનર અબરાર અહેમદે તેને આઉટ કરી દીધો હતો. સંજુએ ૨૧ બોલમાં ૨૪ રન ફટકાર્યા હતા.તિલક વર્મા અને શિવમ દૂબેએ શાનદાર લડત આપીને ટીમનો સ્કોર ૭૭થી ૧૩૭ સુધી પહોંચાડ્યો હતો. ૧૯મી ઓવરના છેલ્લા બોલે શિવમ દૂબે ૨૨ બોલમાં બે સિક્સર સાથે ૩૩ રન ફટકારીને આઉટ થયો હતો. તે સમયે ભારતને જીતવા માટે દસ રનની જરૂર હતી. અગાઉ ભારતે ટોસ જીતીને પાકિસ્તાનને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. જે રીતે સાહિબજાદા ફરહાન અને ફખર ઝમાને પાકિસ્તાન માટે ઝડપી પ્રારંભ કર્યો હતો તે જોતાં સૂર્યકુમારનો આ નિર્ણય યોગ્ય જણાતો ન હતો. પાકિસ્તાની ઓપનિંગ જોડીએ દસમી ઓવર સુધીમાં જ ૮૪ રન ફટકારી દીધા હતા.

### પોલીસે ગાડીઓની બ્લેક ફિલ્મ ઉતારતા ભાજપના દિગ્ગજ નેતા ભડકી ઉઠ્યા

। મુઝફ્ફરનગર, તા.૨૯ ।

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી સંજીવ બાલિયાન અને પોલીસ વચ્ચે તણાવ વધી રહ્યો છે. રવિવારે હિન્દુ મજદૂર કિસાન સમિતિના કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચેલા સંજીવ બાલિયા સાથે પોલીસ ભારે બોલાચાલી થઈ હતી. જેમાં તેમણે ભાજપ નેતાઓની ગાડીમાં ઝંડા અને કાળી ફિલ્મ ઉતારવા પર નારાજગી વ્યક્ત કરી હતી. પોલીસ પર ભડકેલા બાલિયાને કહ્યું કે, જે અધિકારી બીજાની ગાડીની ફિલ્મ ઉતરાવી રહ્યા છે તેમની પોતાની ગાડી પર કાળી ફિલ્મ લાગેલી છે. જો કે આ મામલે હજુ પોલીસ-વહીવટીતંત્ર તરફથી કોઈ પ્રતિક્રિયા નથી આવી, પરંતુ સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે એવું કહેવાય છે કે, આ વિવાદ હજુ પણ વધશે. મુઝફ્ફરનગરના બૂઢાણા વિધાનસભા વિસ્તારના ખેડા મસ્તાન ગામમાં રવિવારના રોજ હિન્દુ મજદૂર કિસાન સમિતિ દ્વારા આયોજીત એક કાર્યક્રમમાં પહોંચેલા સંજીવ બાલિયાનનો ગુસ્સો આ વખતે પોલીસ પર ઉતર્યો હતો. કાર્યક્રમનો હેતુ નળ બચાવો અને જાતિવિહીન સમાજ બનાવો હતો, પરંતુ મંચ પર પહોંચેલા પૂર્વ મંત્રી પોલીસ પર ભડક્યા હતા. હકીકતમાં થોડા સમય અગાઉ ભાજપના નેતાઓની ગાડીઓ પરથી ઝંડા અને કાળી ફિલ્મ હોવા પર પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### આ ધમકીના પગલે, ચેન્નાઈ પોલીસે વિજય અને નીલાંકરઈ સ્થિત તેમના ઘરની સુરક્ષા સઘન બનાવી દીધી છે

# અભિનેતા વિજય થલપતિને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, પોલીસ ધમકી આપનાર વ્યક્તિને શોધી રહી છે

। (એજન્સી) કરૂર, તા.૨૯ ।

તમિલનાડુના કરૂરમાં તમિલગા વેત્રી કઝગમ (TVK)ની રેલીમાં ભાગદોડ થયાના બીજા જ દિવસે, પાર્ટીના વડા અને અભિનેતામાંથી નેતા બનેલા વિજય થલપતિના ચેન્નઈ સ્થિત નિવાસસ્થાનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી. આ ધમકીના પગલે, ચેન્નઈ પોલીસે વિજય અને નીલાંકરઈ સ્થિત તેમના ઘરની સુરક્ષા સઘન બનાવી દીધી છે. હાલમાં, પોલીસ ધમકી આપનાર વ્યક્તિને શોધી રહી છે અને તેનો ઈરાદો શું હતો તે જાણવા માટે તપાસ કરી રહી છે. કરૂરમાં ભાગદોડની ઘટના બાદ વિજય ચેન્નઈ પાછા ફર્યા હતા. ત્યારથી જ પોલીસે તેમના નિવાસસ્થાને સુરક્ષા વધારી દીધી હતી, પરંતુ બોમ્બની ધમકી મળ્યા બાદ ત્યાં ચેન્નઈ પોલીસ અને CRPFના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. બોમ્બની ધમકી મળતા જ, બોમ્બ નિરોધક દળ ખોજી શ્વાન સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયું અને TVK



પ્રમુખના ઘરની ચારે બાજુ સઘન સુરક્ષા તપાસ કરવામાં આવી. જોકે, સર્ચ ઓપરેશનમાં કશું જ શંકાસ્પદ મળ્યું નથી. આ દરમિયાન, પોલીસે વિજયના સમર્થકો અને સામાન્ય લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે. બીજી બાજુ, ભાગદોડની ઘટનાને કારણે વિવિધ ક્ષેત્રોમાંથી ટીકાઓનો સામનો કરી રહેલા વિજયે આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે અને પીડિત પરિવારોને ૨૦ લાખનું વળતર આપવાની જાહેરાત પણ કરી છે. શનિવારે, તમિલનાડુના કરુરમાં અભિનેતા અને તમિલગા વેત્રી કઝગમ (TVK)ના પ્રમુખ વિજયની ચૂંટણી રેલી દરમિયાન થયેલી ભાગદોડમાં ૪૦ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ, આ મૃત્યુ પામેલા લોકોમાં ૧૦ બાળકો, ૧૭ મહિલાઓ અને ૧૩ પુરુષોનો સમાવેશ થાય છે. આ ઘટનામાં ૬૦થી વધુ લોકોની સારવાર ચાલી રહી છે, જેમાંથી ૨ લોકોની હાલત ગંભીર છે. મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન, ઉપમુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિન, વિપક્ષના નેતા એડાપ્પાદી કે. પલાનીસ્વામી, ભાજપના નેતાઓ નૈનાર નાગેન્દ્રન અને કે. અન્નામલાઈ, VCKના વડા થોલ થિરુમાવલવન, PMKના ટોચના નેતા અંબુમણિ રામદાસ સહિત ઘણા રાજકીય પક્ષોના નેતાઓએ હોસ્પિટલની મુલાકાત લીધી. રજનીકાંત અને મક્કલ નિધિ મય્યમ (MNM)ના વડા કમલ હાસન સહિત અનેક હસ્તીઓએ આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું.

### ૧૧૮૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા

# મહારાષ્ટ્રમાં વરસાદનો કહેર જારી : ૧૦ લોકોના મોત

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

મહારાષ્ટ્ર, ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં ફરી વરસાદે માઝા મૂકી છે. મહારાષ્ટ્રમાં પણ છેલ્લા ૨૪ કલાકથી વરસી રહેલા વરસાદમાં દસ લોકોના મોત થયા છે. અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે ભારે વરસાદના કારણે રાજ્યના વિવિધ ભાગોમાંથી ૧૧,૮૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, નાસિક જિલ્લામાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ચાર લોકોના



મોત થયા છે, જેમાંથી ત્રણનું મૃત્યુ ઘર ધરાશાયી થતાં થયું છે, ધારાશિવ અને અહિલ્યાનગરમાં બે-બે અને જાલના અને યવતમાલમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે. મરાઠાવાડા ક્ષેત્રમાં ગોદાવરી નદી પર બનેલા જયકવાડી ડેમમાં પાણીનું સ્તર વધ્યું છે, જેના કારણે તેના તમામ દરવાજા ખોલવાની ફરજ પડી હતી. પરિણામે નીચાણવાળા વિસ્તારમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. જિલ્લાના હરસુલ વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૬ મીમી વરસાદ નોંધાયો છે. બીડ, નાંદેડ અને પરભણી સહિત મરાઠવાડા ક્ષેત્રના અન્ય જિલ્લાઓમાં પણ ભારે વરસાદ પડ્યો છે. ગોદાવરી નદીના ઉપરના ભાગમાં આવેલા નાસિકમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે સોમવારે રેડ એલર્ટ જારી કર્યું હતું, જેમાં જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી.

### ભાઈએ પણ ગુમાવ્યો જીવ

# વીર હનુમાનમાં જોવા મળેલા બાળકનું આગમાં બળીને મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ટીવીની દુનિયામાં ઘણીવાર નાની ઉંમરના કલાકાર પોતાની નિર્દોષતા અને શાનદાર અભિનયથી દર્શકોના દિલ પર રાજ કરે છે. આવો એક પ્રતિભાશાળી બાળ કલાકાર હતો, ૧૦ વર્ષનો વીર શર્મા, જેને પૌરાણિક ધારાવાહિક વીર હનુમાનમાં લક્ષ્મણનું પાત્ર ભજવવા માટે ખાસ ઓળખ મળી. પરંતુ તાજેતરમાં બનેલી એક દુખદ ઘટનાએ ન માત્ર તેના પરિવાર પરંતુ તેના ચાહકોને પણ દુખમાં ડૂબાડી દીધા છે. વીર શર્મા આ દુનિયામાં રહ્યો નથી. એક દુખદ દુર્ઘટનામાં તેનું અને તેના ભાઈનું મોત થયું છે. રાજસ્થાનના કોટા જિલ્લાના અનંતપુરા ક્ષેત્રમાં સ્થિત દીપ શ્રી ઈમારતમાં શનિવારે મોડી રાત્રે ભીષણ આગ લાગી હતી. આ આગની ઝપેટમાં આવી ૧૦ વર્ષીય વીર શર્મા અને તેના ૧૫ વર્ષીય મોટા ભાઈ શૌર્ય શર્માનું મોત થયું છે. જાણવા મળ્યું કે આગ ચોથા ફ્લોર પર લાગી હતી, જ્યાં બંને બાળકો તે સમયે એકલા હતા. પોલીસ અનુસાર ધૂમાડાને કારણે શ્વાસ રૂંધાતા બંને બાળકોના મોત થયા. પાડોશીઓએ જ્યારે ફ્લેટમાંથી ધૂમાડો નીકળતો જોયો તો મદદ માટે પહોંચ્યા અને દરવાજો તોડી અંદર ગયા.

### મિશિગનના મોર્મન ચર્ચમાં ફાયરિંગ, એક વ્યક્તિનું મોત

। નવી દિલ્હી, તા.૨૯ ।

અમેરિકાના મિશિગન પ્રાંતમાં આવેલ મોમ્રમ ચર્ચમાં ફાયરિંગની ઘટના સામે આવી છે. પોલીસ દ્વારા આ મામલે હુમલાખોર સામે જવાબી કાર્યવાહી કરવામાં આવી જેમાં પોલીસે હુમલાખોરને ઠાર કર્યો છે. સમગ્ર મામલે પોલીસે સામેથી જાણકારી છે. સાથેજ આ ફાયરિંગની એક વ્યક્તિનું મોત પણ નિપજ્યું છે. સ્થાનિક પોલીસ દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવવામાં આવ્યું કે ફાયરિંગ ડેટ્રોઈટથી લગભગ ૫૦ મીલ ઉત્તરમાં ગ્રેડ બ્લેંક સ્થિત ચર્ચ ઓફ જીસસ ક્રાઈસ્ટ ઓફ લેટર-ડે સેંટ્સમાં થઈ છે.

### ઈઝરાયેલ ઉપરાંત અમેરિકા પણ ઈરાન સામેના યુદ્ધમાં જોડાય તો આગામી સમયમાં ઈરાનનું સંકટ વધી શકે

# ઈરાન પર યુનાઈટેડ નેશન્સના આકરા પ્રતિબંધો યથાવત

। (એજન્સી) દુબઈ, તા.૨૯ ।

પરમાણુ કાર્યક્રમો ચાલુ રાખવા બદલ ઈરાન પર યુનાઈટેડ નેશન્સ દ્વારા આકરા પ્રતિબંધો યથાવત રાખવામાં આવ્યા છે. જેના પગલે છેલ્લા ઘણા સમયથી ભૂખમરા અને મોંઘવારીથી પીડાઈ રહેલા ઈરાનવાસીઓ માટે જીવન વધારે દોહ્યલું બનવાની ભીતિ છે. યુએનમાં છેલ્લી ઘડી સુધી રાજદ્વારી પ્રયાસો નિષ્ફળ રહેતા રવિવાર મધ્યરાત્રિથી જ ઈરાન પર પ્રતિબંધો અમલી કરાયા છે. આ પ્રતિબંધના પગલે ઈરાનવાસીઓ વિદેશમાં સંપત્તિ વસાવી શકશે નહીં. આ સાથે ઈરાન સાથે થયેલા દરેક શસ્ત્ર કરાર પૂરા થઈ જશે અને ઈરાનના બેલાસ્ટિક મિસાઈલમાં સાથ આપવા બદલ દંડ લાગુ થશે. યુએન દ્વારા ‘સ્નેપબેક’ વ્યવસ્થા હેઠળ આ પ્રતિબંધો લાગુ કરાયા છે. ઈરાને અગાઉ વર્ષ ૨૦૧૫માં વિશ્વની મહાસત્તાઓ સાથે કરેલા પરમાણુ કરારો પણ આ પ્રતિબંધ હેઠળ આવી ગયા છે. ઈરાનનું ચલણ (રિયાલ) હાલ ઐતિહાસિક નીચલા સ્તરે છે અને અનિવાર્ય ખાદ્ય ચીજોની કિંમત આસમાને પહોંચી છે. ચોખા, માંસ તથા અનાજ જેવી પાયાની વસ્તુઓ રોજિંદી થાળીથી દૂર થઈ રહી છે. યુએન દ્વારા યથાવત રખાયેલા પ્રતિબંધોના પગલે ઈઝરાયેલ વાસીઓને આગામી સમયમાં ભયંકર યુદ્ધની ચિંતા સતાવી રહી છે. અગાઉ જૂન મહિનામાં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ૧૨ દિવસ મિસાઈલ યુદ્ધ થયુ હતું.

### એર અરેબિયાની ૧૦ લાખ સીટ માટે અર્લી બર્ડ પ્રમોશનલ ઓફર

। નવી દિલ્હી, તા.૨૯ ।

મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકામાં અગ્રણી બજેટ કેરિયર એર અરેબિયાએ ૧૦ લાખ સીટનું ‘સુપર સીટ સેલ’ શરૂ કર્યું છે. આ એક અર્લી બર્ડ પ્રમોશનલ ઓફર છે. આ ઓફર હેઠળ ભારતથી યુએઈ (શારજાહ, અબુ ધાબી અને રાસ અલ ખૈમાહ)ના ત્રણ એરપોર્ટ તેમજ યુરોપમાં મ્યુનિક, પ્રાગ, મિલાન, વિયેના, વોર્સો, એથેન્સ, મોસ્કો, બાકુ, તિબિલિસી, નૈરોબી, કૈરો સહિતના અનેક સ્થળે નોન-સ્ટોપ ફ્લાઈટ્સ સામેલ છે.

## ન્યૂઝ બ્રિફ

### ૨ ટ્રક સાથે ૧ કાર અને બે બાઈક વચ્ચે સર્જાયો અકસ્માત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે. ત્યારે અમદાવાદમાં ફરી એક વખત અકસ્માતની ઘટના બની છે. એલિસબ્રિજ પાસે બે ટ્રક સાથે ૧ કાર અને બે બાઈક અથડાતા અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે જઈ રહેલી ટ્રકે અચાનક બ્રેક મારતા અકસ્માતની ઘટના બની હતી. પાછળ આવી રહેલો ટ્રક બેકાબૂ બનતા અન્ય વાહનને અડફેટે લીધા હતા. અકસ્માતમાં ત્રણ લોકોને ઈજા થઈ છે. ત્યારે મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે. મળતી માહિતી અનુસાર બંન્ને ટ્રક એક જ કંપનીના હોવાનું સામે આવ્યું છે. અકસ્માત બાદ ડ્રાઈવર ફરાર થયો છે. જો કે પોલીસે ક્લીનરની અટકાયત કરી છે. એલિસબ્રિજ ચાર રસ્તા નજીક પોલીસ સ્ટેશન સામે મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો.

### ભારે પવનથી અનેક ઘરોના ઉડ્યા પતરા, પાંચ ઇજાગ્રસ્ત

। (એજન્સી) નવસારી, તા.૨૯ ।

દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે નવસારીમાં પણ ગત રાતથી જિલ્લામાં મેઘરાજાની ધડબડાટી જોવા મળી છે. ચીખલી, વાંસદા અને ખેરગામમાં વરસાદ સાથે મિની વાવાઝોડું ફૂંકાયું હતુ. ચીખલીના તલાવચોરા અને વાંસદા શીણગઈમાં પણ ભારે નુકસાન થયું છે. ભારે પવનથી ૨૦થી વધુ ઘરોના પતરા ઉડ્યા છે. જેના પ ગલે ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. કેટલાક વિસ્તારોમાં અનેક વૃક્ષો ધરાશાયી થયા છે. વાવાઝોડા બાદ વહીવટી તંત્રની ટીમ કામે લાગી છે. ગણદેવીના સ્ન્છ નરેશ પટેલે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. ગત રાતથી આજના સવારે ૬ વાગે સુધી નવસારી-જલાલપોર અને વાંસદામાં અડધો અંચ વરસાદ પડ્યો છે. તો, ગણદેવીમાં એક ઇંચ, ચીખલીમાં દોઢ ઇંચ અને ખેરગામમાં અઢી ઇંચ વરસાદ પડ્યો છે. તેમજ વાવાઝોડા સાથે વરસાદ હોવાથી તારાજી સર્જાઇ હતી. ચોમાસુ અંતિમ ચરણોમાં પહોંચ્યું છે. ત્યારે ગતરોજથી દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી, સુરત, વલસાડ અને નવસારી જિલ્લાઓમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. વરસાદની સાથે નવસારીના ચીખલી અને વાંસદા તાલુકામાં મિની વાવાઝોડા જેવી સ્થિતિ નિર્માણ થઈ હતી. ચીખલીના તળાવ ચોરા અને વાંસદાના શીણધઈ ગામે વાવાઝોડાના કારણે ૨૦થી વધુ ઘરોના પતરા ઉડ્યા છે. જેના કારણે પથી વધુ લોકોને ઈજા થઈ છે. હાલ, આ સ્થિતિને લઈને તંત્રએ સર્વેની કામગીરી હાથ ધરી છે.

# સુરતમાં રત્નકલાકારોની ૪૭૫૯૯ અરજી મંજૂર, ૬૫.૫૦ કરોડ સ્કૂલ ફી ચૂકવાશે

## રત્નકલાકારોના બાળકોને સ્કૂલ ફી પેટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂ.૧૩,૫૦૦ સુધીની સ્કૂલ ફી રાજ્ય સરકારે ચૂકવવાનું નક્કી કર્યુ છે

। સુરત,તા.૨૯ ।

હીરા ઉદ્યોગના એકમો અને રત્નકલાકારો માટે ખાસ સહાય પેકેજ-૨૦૨૫ અંતર્ગત સુરતમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને સૌથી વધુ ૪૭,૫૯૯ અરજીઓ મળી હતી. જે અરજીઓ પૈકી ૪૭,૫૯૯ અરજીઓ મંજૂર થતાં લ ૫૦,૨૪૧ બાળકોને સ્કૂલ ફી પેટે રૂ.૬૫.૫૦ કરોડની સહાય આપવામાં આવશે. ડાયમંડ ઉદ્યોગની મંદીમાં અસરગ્રસ્ત રત્નકલાકારોના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે એક વર્ષ માટે શાળાની ફી રાજ્ય સરકાર ચૂકવશે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપ ેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ હીરા ઉદ્યોગ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિષમ પ રિસ્થિતિના કારણે અસરગ્રસ્ત રત્નકલાકારો માટે સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. રત્નકલાકારોના બાળકોને સ્કૂલ ફી પેટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં



રૂ.૧૩,૫૦૦ સુધીની સ્કૂલ ફી રાજ્ય સરકારે ચૂકવવાનું નક્કી કર્યું છે તેમજ અસરગ્રસ્ત હીરાના સૂક્ષ્મ એકમોના પ ુનઃસ્થાપન માટે વ્યાજ સહાય જાહેર કરી છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર અને સંયુક્ત ઉદ્યોગ કમિશનર જે.બી. દવેએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે સુરતમાં અસરગ્રસ્ત રત્નકલાકારો બહોળી સંખ્યામાં આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુસર જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પ ારઘીની અધ્યક્ષતામાં મળેલી કમિટીએ સ્કૂલો દ્વારા રત્નકલાકારોને સમજ અપ ાઈ હતી, ઉપરાંત રત્નકલાકારોને સુરત ડાયમંડ એસો. પાસેથી ભલામણપત્ર મેળવવા જરૂરી હતા. જેથી રત્નકલાકારોએ ડાયમંડ એસો.માં પણ જવાની જરૂર ન રહે તે હેતુસર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ડાયમંડ એસો. પાસેથી ભલામણ પત્રો મેળવવાનું કમિટીએ નક્કી કર્યુ હતું.ઠરાવ મુજબ તારીખ ૩૧-૦૩-૨૦૨૪ બાદ કારખાનામાંથી છુટા થયા હોય અને હાલ હીરા ઉદ્યોગ ક્ષેત્રની રોજગારીથી વંચિત હોય તેવા રત્નકલાકારોના બાળકોને એક વર્ષ માટે ફીના સો ટકા લેખે પ્રતિ બાળક ભરવામાં આવેલ સ્કૂલ ફી માટે મહત્તમ રૂ.૧૩,૫૦૦ની મર્યાદામાં સહાય જાહેર કરાઈ છે.

**તમામ મહેમાનોની વિગતો પોલીસને મળી રહેશે**

## શહેરના પીજીને પણ પથિક એપ્લિકેશન સાથે સાંકળી લેવાની કવાયત શરૂ



। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદમાં ચાલતા પેઈંગ ગેસ્ટ સર્વિસ (પીજી) માટે પોલીસ વેરિફિકેશન અને સોસાયટીનું એનઓસી ફરજિયાત છે. હવે જે પીજી પાસે પોલીસ વેરિફિકેશન કે સોસાયટીનું એનઓસી ન હોય એવા સંખ્યાબંધ પીજીને નોટિસ ફટકારવામાં આવી છે. વર્તમાન સમયમાં દેશ વિરોધી તત્ત્વો કે અસામાન્ય લોકો કોઈ પીજી કે ડોર્મેટરીમાં રોકાણ કરીને રેકી કે અન્ય કોઈ કાંડ કરે તેવી શક્યતા જોતાં પોલીસ દ્વારા શહેરના પીજી અને ડોર્મેટરીને પણ પથિક સોફ્ટવેર સાથે કનેક્ટ કરી દેવાની કવાયત ચાલી રહી છે. આ માટે સિનિયર ઓફિસરો અને પીજી એસોસિએશનના હોદ્દેદારો દ્વારા થોડા મહિનાઓ પહેલા મીટિંગ પણ થઈ હતી. આ બાબતે બન્ને પક્ષે પોતાની રજૂઆતો કરવામાં આવી છે. તેને પગલે આગામી દિવસોમાં ઠોસ નિર્ણય લેવાશે.થોડા દિવસો પહેલાં જ અમદાવાદની એક હોટલમાં નાઈજિરિયાના શંકાસ્પદ લોકો રોકાયા હતા. તેઓ ગાઝા પટ્ટીમાં થઈ રહેલા હુમલામાં જે લોકોને સમસ્યા થઈ છે, તેમના માટે ડોનેશન ઉઘરાવી રહ્યા હતા. આવા તત્ત્વો અમદાવાદ શહેર કે અન્ય વિસ્તારોમાં રોકાયા હોય અને કોઈ ષડયંત્ર કરી રહ્યા હોત તો તેમના પર વોચ રાખી શકાય તે માટે ગુજરાત પોલીસે પ થિક નામના સોફ્ટવેર સાથે તમામ હોટલ અને ગેસ્ટહાઉસને જોડી દીધા છે. તેના પગલે જે મહેમાન હોટલ-ગેસ્ટહાઉસમાં રોકાય અને તેની વિગતો ભરે તથા ફોટો આધાર કાર્ડ જમા કરાવે તે તરત જ પ થિક એપ્લિકેશન પર અપલોડ થઈ જાય છે. જેના પગલે પોલીસ તેમના પર વોચ રાખી શકે.ચોક્કસ વિસ્તાર કે પ્રદેશમાંથી આવેલા અથવા તો શંકાસ્પદ લોકોની મૂવમેન્ટ પર પોલીસ નજર રાખીને તેમને ગુનાખોરી કરતા અટકાવતા પણ હોય છે. ઘણા કિસ્સામાં તો આવા લોકોને તેઓ કોઈ કાંડ કરે તે પહેલા જ પોલીસે ઊઠાવી લીધા હોવાના કિસ્સા પણ નોંધાયા છે. હવે ચાલાક ગુનેગારો પીજી કે ડોર્મેટરીમાં રોકાણ કરીને પોતાનું કામ કરતા હોય છે. તેથી જ સિનિયર પોલીસ અધિકારીઓ દ્વારા પીજી અને ડોર્મેટરીને પણ પથિક સોફ્ટવેર સાથે કનેક્ટ કરી દેવાની કવાયત કરવામાં આવી રહી છે.

**આરોપીને ૫૫ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારાયો**

## ભુજમાં પોક્સોના ગુનામાં ૭૦ વર્ષીય વૃદ્ધને ૨૦ વર્ષની કેદ

। (એજન્સી) ભુજ, તા.૨૯ ।

પોક્સોના એક ગંભીર ગુનામાં ભુજની કોર્ટે ઝડપી કાર્યવાહી કરીને ધાક બેસાડતો ચુકાદો આપ્યો છે. કોર્ટે ૭૦ વર્ષીય વૃદ્ધ આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા અને ૫૫ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.આ બનાવ ગત સપ્ટેમ્બર ૨૦૨૪માં ભુજ નજીકના મિરઝાપર ગામના છપરી વાંઢમાં બન્યો હતો. મિરઝાપરના રહેવાસી ઈશાક અલીભાઈ કુંભાર, જે પાપેતાની દુકાન ચલાવે છે, તેની પાસે રાશન લેવા આવેલી એક સગીર પીડિતાને આરોપી પ ાછળ પોતાના મકાનમાં લઈ ગયો હતો. ત્યાં તેણે સગીરા સાથે બળજબરીપૂર્વક બદકામ કરવાનો પ્રયાસ કર્યો હતો.ડરી ગયેલી સગીરાએ બૂમાબૂમ કરતાં તેનો ભાઈ ત્યાં આવી પહોંચ્યો હતો. આરોપી વૃદ્ધે બંને ભાઈ-બહેનને જાનથી મારી નાખવાની ધમકી આપી ડરાવ્યા હતા. ત્યારબાદ બંનેએ પ રિવારને જાણ કરતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો અને આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.ભુજની પોક્સો કોર્ટમાં આ કેસ ચાલ્યો હતો. કોર્ટે ૧૫ દસ્તાવેજી પુરાવાઓ અને ૬ સાક્ષીઓની જુબાનીને ધ્યાનમાં લઈને આરોપીને તકસીરવાન ઠેરવ્યો હતો. પોક્સો કોર્ટે પોક્સો કાયદાની વિવિધ કલમો હેઠળ આ વૃદ્ધ આરોપીને ૨૦ વર્ષની જેલ અને ૫૫ હજાર રૂપિયા દંડની સજા સંભળાવી ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો.આ સાથે, કોર્ટે ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટીને ભોગ બનનાર સગીર પીડિતાને ૪ લાખ રૂપિયાનું વળતર આપવાનો પણ હુકમ કર્યો છે.

**ગરબા આયોજકોમાં ચિંતાનો માહોલ**

## ડભોઈ સહિતના આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ

। (એજન્સી) વડોદરા, તા.૨૯ ।

વડોદરામાં પણ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. ત્યારે ડભોઈ શહેર અને તાલુકામાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. જેમાં શિનોર ચોક, નવીનગરી, જનતાનગરમાં પણ વરસાદ વરસ્યો છે.

આ ઉપરાંત મહુડી ભાગોળ, અંતિકાનગર, દયારામનગર, રેલવે સ્ટેશન, ડેપો, સાઠોદ અને વઢવાણા વિસ્તારમાં પણ મેઘરાજાએ ધડબડાટી બોલાવી છે. સમગ્ર પંથકમાં ધોધમાર વરસાદ ખાબકતા રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. મુશળધાર વરસાદ વરસવાથી ગરબા આયોજકો અને ખેલૈયાઓમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. તો ખેડૂતોએ વાવેતર કરેલા ડાંગર અને કપાસ માટે આ વરસાદ આશીર્વાદ સ્વરૂપ બન્યો છે. વરસાદને કારણે વાતાવરણમાં પણ ઠંડક છે. ઉલ્લેખનીય છે કે વડોદરા સહિત આસપાસના વિસ્તારોમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી. તેથી ગરબા આયોજકોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. આયોજકોને ભારે નુકસાન થાય તેવી શક્યતા છે. તો બીજી તરફ ખેડૂતોએ વાવેતર કરેલા ડાંગર અને કપાસ માટે આ વરસાદ આશીર્વાદ સ્વરૂપ બન્યો છે. ઉલ્લેખનીય છે કે વડોદરા સહિત આસપાસના વિસ્તારોમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી. તેથી ગરબા આયોજકોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. આયોજકોને ભારે નુકસાન થાય તેવી શક્યતા છે. તો બીજી તરફ ખેડૂતોએ વાવેતર કરેલા ડાંગર અને કપાસ માટે આ વરસાદ આશીર્વાદ સ્વરૂપ બન્યો છે.

## યુવકોના મોત માટે જવાબદાર કોન્ટ્રાક્ટર અને મૃતકોના મિત્ર વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો

**સુરક્ષા વગર રાખેલી હોડી લઇને કોઇ પણ વ્યક્તિ પાણીમાં જવાથી કોઇ ઘટના બની શકે તેમ જાણવા છતાં બેદરકારી દાખવામાં આવી હતી**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

શહેરના સરખેજ વિસ્તારમાં આવેલા શકરી તળાવમાં થોડા દિવસ પહેલા હોડી લઈને ગયેલા ચાર પૈકી ત્રણ યુવકોના મોત નિપજ્યા હતા. આ બનાવને લઈને પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેમાં તપાસ દરમિયાન સામે આવ્યુ કે અહીં દોઢ વર્ષથી સુધારાનું કામ ચાલતુ હતું. તળાવમાંથી કચરો અને લીલ સાફ કરવા માટે એએમસીએ દિનેશ પટેલને કોન્ટ્રાક્ટ આપ્યો હતો. કોન્ટ્રાક્ટરે તળાવ ખાતે સફાઈ માટે સુરક્ષા રાખ્યા વગર હોડી ખુલ્લામાં રાખી હતી. સુરક્ષા વગર રાખેલી હોડી લઈને કોઈ પણ વ્યક્તિ પાણીમાં જવાથી કોઈ ઘટના બની શકે તેમ જાણવા છતાં બેદરકારી દાખવતા પોલીસે કોન્ટ્રાક્ટર અને મૃતકોના મિત્ર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સરખેજ શકરી તળાવમાં ગત તા. ૨ ઓક્ટોબરના રોજ ચાર યુવકો હોડી લઈને ગયા હતા. જેમાં વિશાલ સોલંકી, પ્રદિપ ચાવડા અને જીત ઉર્ફે રાધે પરમાર નામના યુવકો હોડી ઉંધી થઈ જતા ડુબી જવાના કારણે મોતને ભેટ્યા હતા. સરખેજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. ઘટના બાદ પોલીસને બનાવ પહેલાનો એક વિડીયો મળ્યો હતો. જેમાં મૃ ત્યુ પામેલા ત્રણ યુવકોની સાથે કેશવ ઉર્ફે કાળુ ઉર્ફે રાકેશ ગોહિલ નામનો યુવક પણ સાથે હતો. વિડીયો મુજબ વિશાલ સોલંકી વાંસના લાકડાથી હલેસા મારતો હતો. બાદમાં વિશાલ હોડીના ખુણા પર બેસે છે અને જીત ઉર્ફે રાધે વચ્ચે બેસે છે જ્યારે કેશવ ઉર્ફે કાળુ હોડીની વચ્ચે ઉભો હતો. જ્યારે પ્રદિપ હોડીના બીજા છેડે બેઠો હતો. આ દરમિયાનમાં કેશવ ઉર્ફે કાળુ બંને હાથ હોડીની એક ધારે અને પગ બીજી ધારે મૂકીને જોરજોરથી ઝુકાવતા હોડી અચાનક એક બાજુ નમી ગઈ અને હોડીમાં પાણી ભરાઈ ગયુ હતું.

**કારંજ પોલીસે કમરૂદ્દીન અન્સારી સામે તપાસ હાથ ધરી**

## જામીનદારે મામલતદારના સહી-સિક્કાવાળું બોગસ સર્ટિ. રજૂ કર્યું

। (એજન્સી) અમદાવાદ,તા.૨૯ ।

ઘી કાંટા કોર્ટમાં એક કેસમાં એક જામીનદારે આરોપીના જામીન માટે મામલતદારના સહી-સિક્કાવાળું બનાવટી સર્ટિફિકેટ કોર્ટમાં રજૂ કર્યુ હતું. રજૂ કરેલું સર્ટિફિકેટ તો વર્ષ ૨૦૧૭ બાદથી ઓનલાઈન નીકળતું હોવાથી શંકા ઉપજતા આ મામલે તપાસ કરાઈ હતી. જેમાં જામીનદારે ખોટા સહી-સિક્કાવાળુ સર્ટિફિકેટ રજૂ કર્યુ હોવાનું સામે આવતા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. કારંજ પ ોલીસે આરોપી કમરૂદ્દીન અન્સારી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ત્યારે આ મામલે કેટલાક મળતિયાઓ અને એજન્ટોની પણ સંડોવણી હોવાની પોલીસે શંકા વ્યક્ત કરી છે. ઘી કાંટામાં આવેલી ચીફ જ્યુડિશિયલ કોર્ટમાં કામના ભારણના બહાના હેઠળ જામીનદારોના રજિસ્ટર નહિ નિભાવવાના, ખોટા જામીનદારો રજૂ કરવા, ખોટા સોગંદનામા રજૂ કરવા જેવી અનેક ગંભીર બાબતો ચાલી રહી છે. સાથે જામીનગીરીની રકમ વસુલાત દરમિયાન જામીનખત દર્શાવવામાં આવેલી મિલકતો જામીનદારના નામે નહી હોવાની ગંભીર બાબતો પણ કોર્ટના ધ્યાને આવી હતી. આ સંદર્ભમાં રાશીદખાન રાનુ ઉર્ફે ફોરમેન ફિરોઝખાનના કેસમાં તેને ૨૦ હજારના જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ માટે જામીનદાર કમરૂદ્દીન અન્સારી(રહે. વટવા)એ જામીનખત રજૂ કર્યુ હતું. નિયમ પ્રમાણે ૧૫ હજારથી વધારાની કિંમતના જામીનના કિસ્સામાં સોલવન્સી સર્ટિફિકેટ રજૂ કરવાનું રહે છે. જેથી કમરૂદ્દીન અન્સારીએ સર્કલ સિટી ઓફિસર વટવાની સહી અને સિક્કાવાળું સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. ટ્રાયલમાં આરોપી હાજર થતો ન હોવાથી તેનું ધરપકડ વોરંટ ઈશ્યૂ કરવાથી માંડીને જામીનદાર વિરૂદ્ધ કાર્યવાહી કરવાની હતી, પરંતુ જામીનદાર મળી ન આવ્યો નહોતો.

**વિશેષ** | અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ-૨૦૨૫ આગામી પાંચમી ડિસેમ્બરથી ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી યોજાશે

# મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ-૨૦૨૫-૨૬ના આયોજન માટે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક સંપન્ન

। (માહિતી) અમદાવાદ, તા.૨૯ ।

રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી આ વર્ષે આગામી પાંચમી ડિસેમ્બરથી ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ યોજાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી આ શોપિંગ ફેસ્ટિવલના આયોજન અંગેની ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત દેશના નવયુવાનોની મહેનત અને દીકરા-દીકરીઓના પ રિશ્રમના પરસેવાથી બનેલી સ્વદેશી વસ્તુઓના વધુને વધુ ઉપયોગના કરેલા આહવાનને સાકાર કરવા અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં આ વર્ષે સ્વદેશી પ્રોડક્ટ્સને ગ્લોબલ અપીલ સાથે પ્રમોટ કરવામાં આવશે એમ પણ આ બેઠકમાં નિર્ધારિત કરવામાં આવ્યું હતું.અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલે દેશમાં સૌથી મોટા શોપિંગ ફેસ્ટિવલ તરીકે જે ઈમેજ ઉભી કરી છે તેને વિવિધ થીમ સાથેના બજારો ઉભા કરીને વધુ વ્યાપક બનાવવાના આયોજનની ચર્ચા-પરામર્શ આ બેઠકમાં થયા હતા.સહકાર અને ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, મુખ્ય સચિવ શ્રી પ ંકજ જોશી, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, નાણાં અગ્ર સચિવ શ્રી ટી.નટરાજન, જી.એસ.ટી. કમિશનર શ્રી રાજીવ ટોપનો, શહેરી વિકાસ અગ્ર સચિવ શ્રી થેન્નારસન, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની અને સચિવ ડૉ. વિક્રાંત પાંડે સહિત સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવ આ બેઠકમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષનો શોપિંગ ફેસ્ટિવલ બહોળા પ્રમાણમાં લોકોને આકર્ષે અને અહીં બધુ મળે છે તેવી ઈમેજ લોકોમાં ઉભી થાય તે પ્રકારની પ્રોડક્ટ્સના વેચાણ માટે બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. આ વર્ષે સંભવતઃ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડમાં વેડિંગ ડેસ્ટિનેશન ઝોન સહિત અલગ-અલગ ઝોન ઊભા કરીને શોપિંગ ફેસ્ટિવલમાં એક જ સ્થળેથી વિવિધ ચીજવસ્તુઓ અન્ડર વન અમ્બ્રેલા મળી રહે તેવા આયોજન માટે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. ફેસ્ટિવલમાં ખાસ કરીને એન.આર.આઈ. - એન.આર.જી. અને વિદેશી પ્રવાસીઓ પણ ઉત્સાહથી સહભાગી થાય તે માટે સ્વદેશી ચીજ વસ્તુઓ સાથે પરંપરાગત ખાનપ ાન, હેરિટેજ વોક, સાંસ્કૃતિક પ્રસ્તુતિની પણ સુચારું વ્યવસ્થા કરવા સંદર્ભમાં બેઠકમાં ફળદાયી વિચાર વિમર્શ થયો હતો. આ સમગ્ર આયોજનને આખરી ઓપ આપવા રચવામાં આવેલી એડવાઈઝરી કમિટી અમદાવાદ શોપિં ગ ફેસ્ટિવલના સર્વગ્રાહી પાસાંઓને સાંકળી લઈને વિસ્તૃ ત પ્લાનિંગ કરે તેવું પ્રેરક સૂચન મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં કર્યું હતું. તેમણે ગત વર્ષના શોપિંગ ફેસ્ટિવલની પણ સમીક્ષા કરી હતી અને આ વર્ષનો શોપિંગ ફેસ્ટિવલ ફુલ પ્રુફ આયોજન સાથે વોકલ ફોર લોકલને વેગ આપનારો બને તે માટે અનુરોધ કર્યો હતો. ફેસ્ટિવલમાં ખાસ કરીને એન.આર.આઈ. - એન.આર.જી. અને વિદેશી પ્રવાસીઓ પણ ઉત્સાહથી સહભાગી થાય તે માટે સ્વદેશી ચીજ વસ્તુઓ સાથે પરંપ રાગત ખાનપાન, હેરિટેજ વોક, સાંસ્કૃતિક પ્રસ્તુતિની પણ સુચારું વ્યવસ્થા કરવા સંદર્ભમાં બેઠકમાં ફળદાયી વિચાર વિમર્શ થયો હતો. આ સમગ્ર આયોજનને આખરી ઓપ આપવા રચવામાં આવેલી એડવાઈઝરી કમિટી અમદાવાદ શોપિં ગ ફેસ્ટિવલના સર્વગ્રાહી પાસાંઓને સાંકળી લઈને વિસ્તૃત પ્લાનિંગ કરે તેવું પ્રેરક સૂચન મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં કર્યું હતું. તેમણે ગત વર્ષના શોપિંગ ફેસ્ટિવલની પણ સમીક્ષા કરી હતી અને આ વર્ષનો શોપિંગ ફેસ્ટિવલ ફુલ પ્રુફ આયોજન સાથે વોકલ ફોર લોકલને વેગ આપનારો બને તે માટે અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રી સમક્ષ અગાઉના વર્ષના અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલની સફળતાનું પ્રેઝન્ટેશન કરતા જણાવવામાં આવ્યું હતું કે, ગત વર્ષે ૨૫ લાખથી વધુ લોકોએ આ ફેસ્ટિવલનો લાભ લીધો હતો. વિવિધ બ્રાન્ડ્સની ૫૧૧૨ શોપ્સ ફેસ્ટિવલમાં જોડાઈ હતી અને માતબર વેચાણ થયુ હતું. આ શોપિં ગ ફેસ્ટિવલમાં ડેકોરેટીવ લાઈટીંગ, ફેસ્ટિવલના સ્થળોએ જવા-આવવા વિના મૂલ્યે બસ સેવા, પાર્કિંગ તેમજ મેડીકલ ઈમરજન્સી સહિત અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવેલી હતી. તેની વિગતો પણ પ્રેઝન્ટેશનમાં પ્રસ્તુત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષના અમદાવાદ શોપિં ગ ફેસ્ટિવલમાં પણ વધુ સંગીન સુવિધાઓ માટે અમદાવાદ મહાનગરપ ાલિકાને સૂચનો કર્યા હતા. આ અયોજન બેઠકમાં પ્રવાસન સચિવશ્રી ડૉ. રાજેન્દ્ર કુમાર, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર શ્રી આલોક પાંડે, ડાયરેક્ટર મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશન સુશ્રી રમ્યા મોહન સહિતના સચિવો અને વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા. મુખ્યમંત્રી સમક્ષ અગાઉના વર્ષના અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલની સફળતાનું પ્રેઝન્ટેશન કરતા જણાવવામાં આવ્યું હતું કે, ગત વર્ષે ૨૫ લાખથી વધુ લોકોએ આ ફેસ્ટિવલનો લાભ લીધો હતો. વિવિધ બ્રાન્ડ્સની ૫૧૧૨ શોપ્સ ફેસ્ટિવલમાં જોડાઈ હતી અને માતબર વેચાણ થયુ હતું. આ શોપિં ગ ફેસ્ટિવલમાં ડેકોરેટીવ લાઈટીંગ, ફેસ્ટિવલના સ્થળોએ જવા-આવવા વિના મૂલ્યે બસ સેવા, પાર્કિંગ તેમજ મેડીકલ ઈમરજન્સી સહિત અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવેલી હતી. તેની વિગતો પણ પ્રેઝન્ટેશનમાં પ્રસ્તુત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષના અમદાવાદ શોપિં ગ ફેસ્ટિવલમાં પણ વધુ સંગીન સુવિધાઓ માટે અમદાવાદ મહાનગરપ ાલિકાને સૂચનો કર્યા હતા. આ અયોજન બેઠકમાં પ્રવાસન સચિવશ્રી ડૉ. રાજેન્દ્ર કુમાર, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર શ્રી આલોક પાંડે, ડાયરેક્ટર મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશન સુશ્રી રમ્યા મોહન સહિતના સચિવો અને વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, સંયુક્ત આરબ અમીરાત ખાતે પાકિસ્તાન સામે એશિયા કપ ક્રિકેટ ફાઇનલ જીત્યા બાદ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ ટ્રોફી પકડીને ઉજવણી કરે છે. ભારતે પાકિસ્તાન સામે એશિયા કપ ક્રિકેટ ફાઇનલમાં જીત મેળવ્યા બાદ એક અધિકારી પ્રેઝન્ટેશન એરિયામાંથી વિજેતાઓની ટ્રોફી દૂર કરી રહ્યા છે.

## પડોશી દેશ ઘડી રહ્યો છે કાવતરું, ૫૦ લાખ યુવાનો છે તૈયાર

। (એજન્સી) ઢાકા, તા.૨૯ ।

બાંગ્લાદેશમાં શેખ હસીનાને સત્તા પરથી હટાવ્યા પછી, ઈસ્લામિક કટ્ટરપંથીઓએ પોતાનું શાસન સ્થાપિત કર્યું છે. આ પછી, કટ્ટરપંથી સરકાર અને પાકિસ્તાનના ખોળામાં રહેલી જમાત-એ-ઈસ્લામી, ભારત વિરુદ્ધ સતત ઝેર ઓકતા રહ્યા છે. જમાત-એ-ઈસ્લામીના નાયબ અમીર, સૈયદ અબ્દુલ્લા મોહમ્મદ તાહિર કહે છે કે ૫૦ લાખ યોદ્ધાઓ ગઝવા-એ-હિંદ માટે તૈયાર છે. ગઝવા-એ-હિંદનો અર્થ ભારત પર ઈસ્લામિક સેનાનો વિજય છે. જમાત-એ-ઈસ્લામીના નાયબ અમીર, સૈયદ અબ્દુલ્લા મોહમ્મદ તાહિરે, ન્યુ યોર્ક શહેરમાં બાંગ્લાદેશ-અમેરિકન એસોસિએશન દ્વારા આયોજિત એક જાહેર કાર્યક્રમમાં આ ઝેર ઓક્યું હતું. ૨૭ સપ્ટેમ્બરના રોજ યોજાનાર આ કાર્યક્રમમાં, તાહિરે જણાવ્યું હતું કે ૫૦ લાખ યુવાનો યુદ્ધમાં ભાગ લેશે, ગોરીલા યુદ્ધ દ્વારા ફેલાઈને વોર લડશે. તાહિર કહે છે કે તેમનો ધ્યેય ૧૯૭૧ના યુદ્ધમાં પાકિસ્તાનને ટેકો આપવા બદલ જમાત-એ-ઈસ્લામી સાથે જોડાયેલા કલંકને સાફ કરવાનો છે. તેમણે એમ પણ કહ્યું કે ઘણા લોકો કહે છે કે જો જમાત-એ-ઈસ્લામી સત્તામાં આવે છે, તો ભારત પર હુમલો થઈ શકે છે. હું પ્રાર્થના કરું છું કે તેઓ પ્રવેશ કરે જેથી ૧૯૭૧ માં આપણા પર લાગેલું કલંક ભૂંસી શકાય. આનાથી આપણને પોતાને સાચા સ્વાતંત્ર્ય સેનાની તરીકે સાબિત કરવાની તક મળશે. તેમણે કહ્યું કે આપણા ૫૦ લાખ યુવાનો આ માટે તૈયાર છે અને જૂથોમાં વહેંચાઈ જશે. એક જૂથ ગોરીલા યુદ્ધમાં જોડાશે, જ્યારે બીજો જૂથ ભારતના મોટા ભાગમાં ફેલાઈ જશે અને લડશે. આશ્ચર્યજનક રીતે, તાહિરે પોતાના ઝેરી ભાષણમાં પયગંબર મુહમ્મદનો પણ ઉલ્લેખ કર્યો અને હદીસનો ઉલ્લેખ કર્યો,

## સુરક્ષા દળોએ ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો

। (એજન્સી) જમ્મુ, તા.૨૯ ।

જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં બે આતંકીઓને ઠાર કરવામાં આવ્યા છે. આતંકવાદીઓ ઉત્તર કાશ્મીરના કુપવાડાના કેરન સેનક્ટરમાંથી ન્ઝ પાર કરીને ભારતમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ દરમિયાન સુરક્ષા દળોએ ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવી દીધો છે. આતંકવાદીઓએ સુરક્ષા દળોની ટીમને પર આડેધડ ફાયરિંગ કર્યું હતું, જેમાં સુરક્ષા દળોએ તેમને અટકાવવા જવાબમાં ફાયરિંગ કરતા બે આતંકીઓ ઠાર થયા છે. રિપોર્ટ મુજબ, બંને આતંકવાદીઓને મૃતદેહ ન્ઝ પાસે પડ્યા છે, જેને કબજે લાવમાં આવશે. ત્યારબાદ આતંકવાદીઓની ઓળખ કરવાની કાર્યવાહી શરૂ કરાશે. છેલ્લા આઠ દિવસમાં જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે બીજી વખત અથડામણ થઈ છે. આ પહેલા ૨૦ સપ્ટેમ્બરે ઉધમપુરના દૂદૂ-બસંતગઢના જંગલોમાં અથડામણ થઈ હતી, જેમાં એક જવાન શહી થયા હતા. આ ઉપરાંત જીૅ સહિત બે પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ પહેલા જમ્મુ-કાશ્મીરમાં ૮ સપ્ટેમ્બરે સુરક્ષા દળોએ કુલગામમાં ઑપરેશન ગુડ્ડર ચલાવ્યું હતું, જેમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં બે જવાન શહીદ થયા હતા.

### બિહાર ચૂંટણી ટાણે જ તેજસ્વી યાદવનો દાવો

# બધાના ભ્રષ્ટાચારની લિસ્ટ છે મારી પાસે છે : તેજસ્વી યાદવ

### એવો કોઈ વિભાગ બાકી નથી, જ્યાં કૌભાંડ ન હોય. મુખ્યમંત્રીએ આગળ આવીને આ મામલે જવાબ આપવો જોઈએ : તેજસ્વી

। (એજન્સી) પટના, તા.૨૯ ।



બિહારના વિપક્ષ નેતા તેજસ્વી પ્રસાદ યાદવે નીતિશ કુમાર સરકારના મંત્રીઓ અને અધિકારીઓ પર ભ્રષ્ટાચારનો આરોપ મૂક્યો છે. તેમણે કહ્યું કે રાજ્યમાં ભ્રષ્ટાચાર ચરમસીમાએ છે. પત્રકારો સાથે વાતચીત કરતા તેજસ્વીએ કહ્યું કે એવો કોઈ વિભાગ બાકી નથી, જ્યાં કૌભાંડ ન હોય. મુખ્યમંત્રીએ આગળ આવીને આ મામલે જવાબ આપવો જોઈએ. ઉલ્લેખનીય છે, જન સૂરજના પ્રશાંત કિશોરે સરકારના મંત્રીઓ અશોક ચૌધરી, મંગલ પાંડે, સમ્રાટ ચૌધરી, ભાજપના પ્રદેશ પ્રમુખ દિલીપ જયસ્વાલ અને ભાજપના એક સાંસદ સામે ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લગાવી ચૂક્યા છે. વિપક્ષી નેતાએ કહ્યું કે બિહારમાં JDU-BJP કરતાં ભ્રષ્ટ અધિકારીઓથી વધુ ત્રસ્ત છીએ. ખાસ કરીને DK ગેંગની છત્રછાયા હેઠળ કામ કરતા લોકો ખાસ ચિંતિત છે. આ જ અધિકારીઓએ ગયા વખતે વિપક્ષને સત્તામાં આવતા અટકાવ્યો હતો. પરંતુ આ વખતે જનતા સતર્ક બની છે. મહાગઠબંધન સરકારની રચના સાથે, આવા ભ્રષ્ટ અધિકારીઓ મુશ્કેલીમાં મુકાશે. તેજસ્વી યાદવે દાવો કર્યો કે, એન્જિનિયરના ઘરેથી કરોડોની મિલકત મળી રહી છે, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. દેશ અને દુનિયાભરમાં અધિકારીઓ અને મંત્રીઓ તેમના પુત્રો, પુત્રીઓ અને સંબંધીઓના નામે રોકાણ કરી રહ્યા છે. મારી પાસે તે તમામની યાદી છે, જે આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે. વડાપ્રધાને જાહેર સભામાં ૩૧ કૌભાંડોની યાદી આપી હતી. જો તેમની પાસે ED અને CBI છે, તો કાર્યવાહી કેમ નથી કરવામાં આવી રહી? જ્યારે કોઈ ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવે, ત્યારે વિપક્ષ પર કાર્યવાહી કરવામાં આવી રહી છે. અગાઉ, પ્રશાંત કિશોરે પણ આરોપ મૂક્યો હતો કે, JDU-BJP નેતાઓ અને સરકારી મંત્રીઓએ ભ્રષ્ટાચાર કરવા માટે તેમના હોદ્દા અને પ્રભાવનો દુરુપયોગ કર્યો હતો. PKના જણાવ્યા મુજબ, મંત્રી અશોક ચૌધરીએ ૨૦૦ કરોડ રૂપિયાથી વધુની જમીન ખરીદવા માટે પોતાના પ્રભાવનો ઉપયોગ કર્યો હતો. બધી જમીન અશોક ચૌધરીની પુત્રીની સગાઈ અને લગ્ન વચ્ચે ખરીદવામાં આવી હતી. અશોક ચૌધરીએ પ્રશાંત કિશોર સામે રૂ. ૧૦૦ કરોડનો માનહાનિનો દાવો કર્યો હતો. પીકેએ સ્વાસ્થ્ય મંત્રી મંગલ પાન્ડે પર દિલીપ જયસ્વાલ પાસેથી પૈસા લઈ મેડિકલ કોલેજને માન્યતા આપવામાં મદદ કરવા અને દિલ્હીમાં પત્નીના નામે ફ્લેટ ખરીદવાનો આરોપ મૂક્યો હતો.

# ડોનાલ્ડ ટ્રમ્પના સાથીએ કહ્યું ભારત સાથે ડીલ કરવી જરૂરી

### તેમણે એમ પણ કહ્યું છે કે ભારતે પણ એવી નીતિઓ બનાવવી જોઈએ જે અમેરિકા માટે ફાયદાકારક હોય

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।



ભારત પર ભારે ટેરિફ લગાવ્યા પછી, અમેરિકા હવે કહે છે કે તે ભારત સાથેના ટ્રેડ દ્વારા આ મુદ્દાનો ઉકેલ લાવવા માંગે છે. અમેરિકાના નાણામંત્રી હોવર્ડ લુટનિકે જણાવ્યું હતું કે તેમને ભારત સહિત અનેક દેશો સાથે કરાર કરવાની જરૂર છે. થોડા દિવસ પહેલા જ તેમણે કહ્યું હતું કે ભારતને માફી માંગવાની ફરજ પડશે. વાણિજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે ભારત અને બ્રાઝિલે અમેરિકાને યોગ્ય જવાબ આપવો જોઈએ અને પોતાના બજારો ખોલવા જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે ભારતે એવી કોઈ નીતિઓ ન બનાવવી જોઈએ જે અમેરિકાને નુકસાન પહોંચાડે. તેમણે કહ્યું હતું કે, આપણે ભારત, બ્રાઝિલ અને સ્વિટ્ઝર્લેન્ડ સહિત અનેક દેશો સાથે વાત કરીને ઉકેલ શોધવાની જરૂર છે. લુટનિકે દાવો કર્યો હતો કે ભારત એક કે બે મહિનામાં વાટાઘાટોના ટેબલ પર આવશે અને માફી માંગવાની ફરજ પડશે. જોકે, ભારતે આ મુદ્દા પર કડક વલણ અપનાવ્યું છે અને અમેરિકાની ધમકીઓને અવગણી રહ્યું છે અને વિકલ્પો શોધી રહ્યું છે. આ અમેરિકા માટે સમસ્યા બની ગયું છે. લુટનિકે જણાવ્યું હતું કે અમેરિકાની નીતિઓ મોદી સરકારને અમેરિકા સાથે વ્યવહાર કરવા માટે મજબૂર કરશે. લુટનિકે કહ્યું કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદે છે તે હાસ્યાસ્પદ છે. તેમણે કહ્યું કે ભારતે નક્કી કરવું જોઈએ કે અમેરિકાનો પક્ષ લેવો કે રશિયાનો. તેમણે કહ્યું કે અમેરિકાનું ગ્રાહક બજાર વિશાળ છે. તેથી, દરેક વ્યક્તિએ પોતાના ગ્રાહકો તરફ પાછા ફરવું જોઈએ, અને ગ્રાહક હંમેશા સાચો હોય છે. શુક્રવારે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૦મા સત્ર દરમિયાન ભારતની અધ્યક્ષતામાં મળેલી બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં, સભ્યોએ વેપાર-પ્રતિબંધક પગલાંના પ્રસાર પર ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે શું આ પ્રતિબંધો ટેરિફ અને નોન-ટેરિફ પગલાંમાં આડેધડ વધારો, અથવા સંરક્ષણવાદ, ખાસ કરીને દબાણના સાધન તરીકે ઉપયોગમાં લેવાતા પગલાંનું સ્વરૂપ લે છે, તે વૈશ્વિક વેપાર ઘટાડવા, વૈશ્વિક પુરવઠા શૃંખલાઓને વિક્ષેપિત કરવા અને આંતરરાષ્ટ્રીય આર્થિક અને વેપાર પ્રવૃત્તિઓમાં અનિશ્ચિતતા ઊભી કરવાની ધમકી આપે છે.

### બીસીસાઈની નવી ટીમ...

# આરપી સિંહ અને પ્રજ્ઞાન ઓઝા બન્યા ટીમ ઈન્ડિયાના ચીફ સિલેક્ટર્સ

### પ્રજ્ઞાન ઓઝા અને આરપી સિંહને અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિમાં સામેલ કરાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ તેની ૮૪મી વાર્ષિક સામાન્ય સભામાં નવા અધ્યક્ષ તરીકે મિથુન મન્હાસની નિયુક્ત કર્યા છે. તો પૂર્વ ભારતીય ક્રિકેટરો પ્રજ્ઞાન ઓઝા અને આરપી સિંહને અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે. એસ. શરથ અને સુબ્રતો બેનર્જીના ગયા બાદ આ બે પૂર્વ ક્રિકેટરોને સમિતિમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. અમિતા શર્માને મહિલા પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા છે. મુંબઈની સુલક્ષણા નાઈક અને શ્રવંતી નાયડુ પણ મહિલા પસંદગી સમિતિમાં જોડાયા છે. પુરુષોની સિનિયર પેનલમાંથી બહાર થયા બાદ એસ. શરથને જુનિયર પસંદગી પેનલના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. પુરુષોની સિનિયર પસંદગી સમિતિમાં ઓઝા અને આરપી સિંહની નિમણૂકો માટે અરજદારોમાં પ્રવીણ કુમાર, અમય ખુરસિયા, આશિષ વિન્સ્ટન ઝૈદી અને શક્તિ સિંહ જેવા ખેલાડીઓ પણ હતા. BCCIના પાત્રતા માપદંડ મુજબ, અરજી કરવા માટે અરજદારે ઓછામાં ઓછી સાત ટેસ્ટ, ૩૦ ફર્સ્ટ-ક્લાસ મેચ, 10 ODI અને ૨૦ ફર્સ્ટ-ક્લાસ મેચ રમી હોવી જોઈએ. વધુમાં ઉમેદવારે ઓછામાં ઓછા પાંચ વર્ષ પહેલાં વ્યાવસાયિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હોવી જોઈએ. પ્રજ્ઞાન ઓઝા અને આરપી સિંહના કારકિર્દીના આંકડાઓ વિશે બંને પૂર્વ ક્રિકેટરો એક સમયે ભારતીય ટીમ માટે મુખ્ય ખેલાડીઓ હતા. તેમની કારકિર્દીમાં પ્રજ્ઞાન ઓઝાએ ભારત માટે કુલ ચાર ટેસ્ટ, 18 ODI અને A T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી, જેમાં તમામ ફોર્મેટમાં 144 વિકેટ લીધી હતી. તેણે ઘરેલુ ક્રિકેટમાં હૈદરાબાદ, બંગાળ અને બિહારનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

### સૅંકડો ઘરો થયા તબાહ

# યુક્રેનની રાજધાની પર ૬૦૦ ડ્રોન સાથે રશિયાએ કર્યો મોટો હુમલો

### આ હુમલો લગભગ ૧૨ કલાક સુધી ચાલ્યો અને આને કિવ પરના સૌથી મોટા હુમલાઓમાંનો એક માનવામાં આવે છે

। (એજન્સી) કિવ, તા.૨૯ ।



રશિયાએ રવિવારે વહેલી સવારે યુક્રેનની રાજધાની કિવ પર મોટો હુમલો કર્યો. ૬૦૦ થી વધુ ડ્રોન અને મિસાઈલો છોડવામાં આવ્યા, જેના કારણે સમગ્ર શહેરમાં અરાજકતા ફેલાઈ ગઈ. આ હુમલો લગભગ ૧૨ કલાક સુધી ચાલ્યો અને આને કિવ પરના સૌથી મોટા હુમલાઓમાંનો એક માનવામાં આવે છે. યુક્રેનિયન સૈન્યએ અહેવાલ આપ્યો છે કે, રશિયાએ ૫૯૫ ડ્રોન અને ૪૮ મિસાઈલો છોડ્યા, જેમાંથી ૫૬૮ ડ્રોન અને ૪૩ મિસાઈલો તોડી પાડવામાં આવી. રાજધાની અને અન્ય વિસ્તારોમાં નુકસાન થયું. હુમલામાં ચાર લોકો માર્યા ગયા અને ૬૭ થી વધુ લોકો ઘાયલ થયા. મૃતકોમાં ૧૨ વર્ષની એક છોકરી હોવાની આશંકા છે. હુમલાને કારણે પડોશી પોલેન્ડને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું હતું, તેના દક્ષિણપૂર્વીય શહેરો નજીક એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યું હતું અને તેના વાયુસેનાના ફાઈટર જેટે ઉડાન ભરી હતી. રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે, આ હુમલામાં રાજધાની સહિત ઉત્તર, મધ્ય અને દક્ષિણના અનેક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા. Zaporizhzhia શહેરમાં ૧૬ થી વધુ લોકો ઘાયલ થયા હતા અને અનેક ફેક્ટરીઓ તેમજ ત્યાંના ઘરોને નુકસાન થયું હતું. કિવમાં ઘણા ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા હતા અને ઘણા વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. ઝેલેન્સકીએ યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ, G-7 અને G-20 દેશોને કડક વલણ અપનાવવા વિનંતી કરી. હુમલા દરમિયાન લોકોએ કલાકો સુધી મેટ્રો સ્ટેશનોમાં આશ્રય લીધો હતો. હવાઈ હુમલાની ચેતવણી સવારે ૯:૧૩ વાગ્યે સમાપ્ત થઈ હતી.

### ગોળીબારમાં ૩ના મોત, અનેક ઈજાગ્રસ્ત

# અમેરિકામાં એક યુવકનો રેસ્ટોરન્ટમાં અંધાધૂંધ ગોળીબાર



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકામાં ગઈકાલે રાત્રે એક શૂટરે આડેધડ ફાયરિંગ કરતાં ત્રણ લોકોના મોત થયા હતાં, જ્યારે અનેક ઘાયલ થયા હતાં. નોર્થ કેરોલિનામાં આવેલી એક રેસ્ટોરન્ટમાં એક શૂટરે બોટમાંથી આડેધડ ફાયરિંગ કર્યું હતું. જેથી રેસ્ટોરન્ટમાં અફરાતફરી મચી હતી.નોર્થ કેરોલિનામાં પ્રચલિત પબ અને રેસ્ટોરન્ટ અમેરિકન ફિશ કંપનીમાં શનિવારે રાત્રે લગભગ ૯.૩૦ વાગ્યે એક શૂટર બોટમાં બેસીને આવ્યો હતો. અને તેણે બોટ પરથી જ રેસ્ટોરન્ટ પર આડેધડ ફાયરિંગ કર્યું હતું. આ રેસ્ટોરન્ટ વિલ્મિંગટનથી ૨૦ માઈલ દૂર સાઉથપોર્ટ યાટ બેસિન વિસ્તારમાં ૧૫૦ યાટ બેસિન ડ્રાઈવ પર આવેલી છે.

પોલીસે જણાવ્યા અનુસાર, આ ફાયરિંગમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે મોત થયા હતાં. જ્યારે સાત લોકો ગંભીર રૂપે ઈજાગ્રસ્ત પામ્યા હતા. ઈજાગ્રસ્તોને તુરંત નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. સીટી મેનેજર નોહ સાલ્ડો આ ઘટનાના પ્રત્યક્ષદર્શી હતા. તેમણે જણાવ્યું કે, શૂટર બોટમાંથી નીચે ઉતરી રેસ્ટોરન્ટ તરફ ધસી આવ્યો હતો. અને ભીડ પર ફાયરિંગ શરૂ કર્યું હતું. આ ઘટનામાં અનેકને ઈજા થઈ હતી. જેમાં ઘણા ગંભીર હોવાથી મોતનો આંકડો વધવાની શક્યતા છે. શહેરના વહીવટીતંત્રે રહેણાંકોને ઘટના સ્થળથી દૂર રહેવા અપીલ કરી છે. હુમલાખોર સાયકો હોવાની આશંકા સાથે લોકોને ઘરમાં જ રહેવા પણ અપીલ કરી છે. તેમજ કંઈ શંકાસ્પદ જણાય તો ૯૧૧ પર કૉલ કરવા કહ્યું છે. આરોપી ફાયરિંગ કરી ફરાર થયો હતો. પોલીસે આરોપીની શોધ શરૂ કરી છે. બ્રુન્સવિક કાઉન્ટી શેરિફની ઓફિસ સીટી ઓફ સાઉથપોર્ટ પોલીસ ડિપાર્ટમેન્ટને તપાસમાં મદદ કરી રહ્યું છે. શહેરના વહીવટીતંત્રે રહેણાંકોને ઘટના સ્થળથી દૂર રહેવા અપીલ કરી છે. હુમલાખોર સાયકો હોવાની આશંકા સાથે લોકોને ઘરમાં જ રહેવા પણ અપીલ કરી છે. તેમજ કંઈ શંકાસ્પદ જણાય તો ૯૧૧ પર કૉલ કરવા કહ્યું છે. આરોપી ફાયરિંગ કરી ફરાર થયો હતો. પોલીસે આરોપીની શોધ શરૂ કરી છે. બ્રુન્સવિક કાઉન્ટી શેરિફની ઓફિસ સીટી ઓફ સાઉથપોર્ટ પોલીસ ડિપાર્ટમેન્ટને તપાસમાં મદદ કરી રહ્યું છે.

# ભારતને UNSCમાં કાયમી સભ્યપદ મળવું જોઈએ

### બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓમાં, ભારત અને જાપાન જેવા દેશો સુરક્ષા પરિષદના કાયમી સભ્ય બનવાને લાયક છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) ના ૮૦મા સત્રમાં, ભૂટાનના પ્રધાનમંત્રી શેરિંગ ટોબગેએ સુરક્ષા પરિષદ (UNSC) માં જોરદાર હિમાયત કરી હતી. ટોબગેએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે બદલાતી વૈશ્વિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને, ભારત અને જાપાન જેવા લાયક દેશોને કાયમી સભ્યપદ મળવું જોઈએ. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભારત લાંબા સમયથી આ માંગણી ઉઠાવી રહ્યું છે, અને તાજેતરની BRICS વિદેશ મંત્રીઓની બેઠકમાં પણ આ અંગે સંમતિ સધાઈ હતી.

ભૂટાનના વડા પ્રધાને કહ્યું કે યુએનએસસી ફક્ત શોપીસ ન રહેવું જોઈએ, પરંતુ એક અસરકારક શક્તિ બનવું જોઈએ જે વિશ્વના વાસ્તવિક પડકારોનો સામનો કરે છે. તેમણે કહ્યું કે ભૂટાન યુએન સુધારાને સમર્થન આપે છે, જેમાં સુરક્ષા પરિષદના વિસ્તરણનો સમાવેશ થાય છે. સુધારેલી સુરક્ષા પરિષદમાં ભારત અને જાપાન જેવા સક્ષમ અને અગ્રણી દેશોનો સમાવેશ થવો જોઈએ.

ભૂટાનનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે બ્રિક્સ દેશોએ પણ દ્મજીઝ માં મોટી ભૂમિકા માટે ભારત અને બ્રાઝિલની માંગને સમર્થન આપ્યું છે. તાજેતરની બેઠકમાં, ચીન અને રશિયાએ પણ પુનરોચ્ચાર કર્યો હતો કે તેઓ ભારત અને બ્રાઝિલની મહત્વાકાંક્ષાઓનું સન્માન કરે છે અને તેમને સુરક્ષા પરિષદમાં મજબૂત ભૂમિકા ભજવતા જોવા માંગે છે.

ભારત લાંબા સમયથી UNSC માં સુધારા અને એશિયન અને આફ્રિકન દેશોની ભાગીદારી વધારવાની માંગ કરી રહ્યું છે, પરંતુ ચીનના વિરોધને કારણે આ અટકી ગયું છે. UNSC એ સંયુક્ત રાષ્ટ્રના છ મુખ્ય અંગોમાંથી એક છે, જેમાં પાંચ કાયમી અને દસ બિન-કાયમી સભ્યોનો સમાવેશ થાય છે. કાયમી સભ્યો, જેને P5 તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમની પાસે વીટો પાવર છે. બિન-કાયમી સભ્યો દર બે વર્ષે બદલાય છે.

## તંત્રી લેખ...

# નવરાત્રિમાં માણકોલ ગામમાં ૭૦ વર્ષથી રંગભૂમિની નાટ્ય પરંપરા

નવરાત્રિ રાતો ડિજિટલ બનીને શહેરના રસ્તાઓને હેવી ડેસિબલથી ધમરોળી રહી છે, ત્યારે સાણંદ પાસે આવેલા નાનકડા એવા માણકોલ ગામમાં નવરાત્રિ દરમિયાન સાંજ પડતા જ ગામના દરેક સભ્યો પોત-પોતાના પાથરણા લઈને ગામના ચોરે ભેગા થાય છે અને જુનવાણી નાટકો અને તેના સંગીતની અદભુત હાસ્યસભર મજા લે છે. એક દિવસ વીર માંગડાવાળો તો બીજા દિવસે ભક્ત પ્રહલાદ કે પછી એમ ખમ્મા મારા વીરા જેવા નાટકો આજના મોબાઈલ યુગમાં અહીંના બાળકો અને મહિલાઓ સહિત પરિવારો માટે એક વરદાનરૂપ પ્રવૃત્તિ છે. માણકોલ ગામમાં નવરાત્રિના ચોથાથી લઈને નવમા નવરાત્રિ સુધી ચાલતી પાંચ નાટકોની પરંપરા ૭૦ વર્ષથી ચાલે છે. આખા જિલ્લામાં દરેક ગામો નવરાત્રિમાં ગરબાના રંગે રંગાય છે ત્યારે માણકોલ ગામમાં રંગભૂમિનો રંગ ચડે છે. અહીં દર વર્ષે ૯ મીર પરિવારના કલાકારો આવીને ગામના યુવકો સાથે મળીને રિહર્સલ સાથે ચોથાથી નવમાં નોરતા સુધી પાંચ નાટકો રજૂ કરે છે. આ અંગે વર્ષો જૂની આ પરંપરા સાથે જોડાયેલા અબ્બાસ ભાઈ કાસમભાઈ મીરે જણાવ્યું કે, અમે લોકો ઘણા વર્ષોથી માણકોલ ગામ સાથે સંકળાયેલા છીએ. ભવાઈના કલાકારો સાથે ગામના યુવાનો જોડાઈને અહીં વીર માંગડાવાળો. રાણકદેવી, પુત્રએ લજવ્યા પારણા, ખમ્મા મારા વીર અને ભક્ત પ્રહલાદ જેવા નાટકો અમારા ગામની રોનક છે. અમારી પાસે પૌરાણિક રંગભૂમિની કંપની અનુસાર એક પેટી માસ્તર છે જે પ્રાચીન રીતે પગથી ચાલતું હામ-ૉનિયમ જ વગાડે છે. આ જ મંડળીના અન્ય એક કલાકાર સુરેશભાઈ મીરે જણાવ્યું કે, હું ખાસ સ્ત્રીનું પાત્ર ભજવવા માટે કટોસણથી આવું છું. ગામના અગ્રણી કિસ્મતભાઈ ગોહિલે જણાવ્યું કે, અહીં નિયમિત રીતે દર નવરાત્રિમાં છેલ્લા ૭૦ વર્ષથી નાટકો ભજવાય છે. બીજી નવાઈની વાત એ છે કે, આ નાટકોમાં શુદ્ધ મનોરંજન રહેલું છે. નાટ-કમાં પ્રાચીન પાત્રો સાથે ગામ અને સમાજના કુરિવાજો સામે માર્મિક કટાક્ષો પણ જોવા મળે છે. ગામમાં સદીઓ જૂની વસ્તુ વિનિમય પ્રમાણે દાનની પરંપરા છે, જેમાં મોટાભાગના લોકો અનાજનું દાન કરે છે. ગામમાં યુવાનોનું મંડળ આ અનાજ વેચીને તેમાંથી મળતી રકમને ગામના વિકાસ માટે ઉપયોગમાં લે છે. દર વર્ષે અંદાજે રૂપિયા ૫૦ હજાર જેટલી રકમ સરળતાથી એકઠી થઈ જાય છે જે ગામના જ વિકાસ અર્થે વાપરવામાં આવે છે. જાણીતા રંગકર્મી અને સંશોધક રમેશભાઈ પંચોટીયાએ જણાવ્યું કે, ગુજરાતમાં એવા ઘણા ગામો હતા જે નવરાત્રિમાં માતાજીના પ્રસંગોને લઈને ભજવાતા. કેટલાક જૂજ ગામોએ આ પરંપરા હજુ પણ જાળવી રાખી છે.

દર વર્ષે અંદાજે રૂપિયા ૫૦ હજાર જેટલી રકમ સરળતાથી એકઠી થઈ જાય છે જે ગામના જ વિકાસ અર્થે વાપરવામાં આવે છે. જાણીતા રંગકર્મી અને સંશોધક રમેશભાઈ પંચોટીયાએ જણાવ્યું કે, ગુજરાતમાં એવા ઘણા ગામો હતા જે નવરાત્રિમાં માતાજીના પ્રસંગોને લઈને ભજવાતા. કેટલાક જૂજ ગામોએ આ પરંપરા હજુ પણ જાળવી રાખી છે.

## અમદાવાદમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત અદાણી વિદ્યામંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રોત્સાહક ઉપસ્થિતિ

। (માહિતી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત અદાણી વિદ્યામંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, જે બાળકો નાની ઉંમરથી જ પરિશ્રમને પ્રાધાન્ય આપે છે એ જરૂરથી પોતાના જીવનકાળમાં સફળ થાય છે. એવા અનેક મહાપુરુષોના ઉદાહરણો છે જેઓને આજે દેશ જ નહીં પણ સમગ્ર દુનિયા યાદ કરે છે. રાજ્યપાલશ્રીએ મહાપુરુષોના ઉદાહરણ આપતા વિદ્યાર્થીઓને કહ્યું કે, ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામ, અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન, ભારતના વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનમાં પરિશ્રમનું ખૂબ જ મહત્વ રહ્યું છે. આ તમામ પોતાના વિદ્યાર્થીકાળમાં કરેલી મહેનત થકી સફળ બન્યા છે. તેમણે વધુમાં કહ્યુ કે, આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દુનિયાના અનેક દેશોનું સન્માન મેળવીને ભારતનું ગૌરવ વધાર્યું છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે ગરીબી અને અભાવ એ મહેનત કરનારા લોકો માટે ક્યારેય અડચણરૂપ નથી..મહાન વ્યક્તિઓ કોઈ નિશ્ચિત જગ્યાએ જન્મ લેતા નથી પરંતુ તેઓ સામાન્ય જગ્યાને તેમના કાર્યોથી મહાન બનાવવાનું કાર્ય કરે છે. આવા મહાપુરુષોના વિચારો અને દિવ્યતા લોકોમાં એક વિલક્ષણ ભાવ જગાવે છે. વિદ્યાર્થીઓને જીવનના નૈતિક મૂલ્યો અંગે રાજ્યપાલશ્રીએ કહ્યું કે વિદ્યાર્થીઓને ક્યારેય પણ કોઈ કામ પ્રત્યે ભય, લજ્જા કે પછી શંકાનો ભાવ દેખાતો હોય તો એ કામ ન કરવું જોઈએ. વિધાર્થીઓએ જીવનમાં ક્યારેય પણ ભૂલ ન કરવી જોઈએ, પણ જો કદાચ ભૂલ થઈ જાય તો એ ભૂલને છુપાવવાને બદલે પોતાના માતા- પિતા ગુરુ કે ઘરના વડીલને તેની અવશ્ય જાણ કરવી જોઈએ. વિદ્યાર્થીકાળમાં શારીરીક સ્વાસ્થય મજબૂત રહે તે માટે યોગ, પ્રાણાયમ કરવા પર ભાર મુકી જંકફૂડથી દૂર રહી ઘરનું બનાવેલ સાત્વિક ભોજન લેવાનો આગ્રહ રાખવો જોઈએ તેમજ વ્યસનથી દૂર રહેવા પણ રાજ્યપાલશ્રીએ શીખામણ આપી હતી. આ ઉપરાંત જરૂરિયામંદ વિદ્યાર્થીઓ માટે અદાણી ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવતી આવી શૈક્ષણિક સંસ્થાઓ ભારતના મજબૂત ભાવીના ઘડતરમાં અમૂલ્ય યોગદાન આપે છે તે બદલ સંસ્થાના વિવિધ સમાજ ઉપયોગી કાર્યોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ અદાણી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત અદાણી વિદ્યામંદિરના કેમ્પસની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ અને સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી પ્રવૃત્તિઓની વિગતો પણ મેળવી હતી. આ કાર્યક્રમમાં અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ.પ્રીતિ અદાણી, અદાણી ફાઉન્ડેશન તેમજ અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી વસંત ગઢવી, અદાણી ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રીમતિ શિલિન અદાણી, અદાણી વિદ્યા મંદિરના પ્રિન્સિપાલ શ્રી ડૉ. શિલ્પા ઈંદોરીયા તેમજ અદાણી ફાઉન્ડેશનના, પદાધિકારીઓ, અતિથિગણ, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**કાલિકા એટલે કે ક્રિયાનો તમસ ગુણ પકડાઈ જાય તો જ દ્રવ્યનું (રજસનું) મહત્વ સમજાય, અને બુદ્ધિ ધીરે-ધીરે કોઈની અનુગામી બને એટલે કે એમાં શ્રદ્ધાનો ઉમેરો થાય!**

# સાધકની જીંદગીમાં મહાગૌરી સ્વરૂપે સાદગીનો સફેદ રંગ ધીરેધીરે સ્થાન લેતો દેખાય છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આ કથાનકનું એક અલગ રીતે ચિંતન કરીએ તો અહીં ત્રણ વાત મુખ્ય છે, એક તો બુદ્ધિમાં કલ્યાણરૂપે શંકર સાથે હસ્તમેળાપ કરવાનો વિચાર આવે! એ માટે થઈને કોઈ ગુરુનું માર્ગદર્શન લેવું, એ બીજી વાત! અને કલ્યાણ રૂપે શંકરને પામવા ખૂબ આકરી તપ શ્ચર્યા કરવી, ત્યારે બુદ્ધિ તીવ્રમાંથી તેજોમય થાય છે. એટલે કે બુદ્ધિની તીવ્રતા ધીરે ધીરે તેજમાં રૂપાંતર થાય છે,**

સમયનું ચક્ર તેજ ગતિએ આગળ વધી રહ્યું છે, અને આજે નવરાત્રીનો આઠમો દિવસ એટલે કે મા મહાગૌરી સ્વરૂપની આરાધનાનો દિવસ. માતાએ સંપૂર્ણપણે શ્વેત વસ્ત્ર અને શ્વેત આભૂષણો ધારણ કર્યા છે, તેમનું વાહન વૃષભ છે, એટલે કે ધર્મનું વાહન છે, અને તેમનો ગૌરવર્ણો દેહ અત્યંત કાંતિ ધરાવતો તેજસ્વી દિસે છે. પૌરાણિક કથા મુજબ દક્ષ યજ્ઞમાં સતીએ પોતાના દેહને પ્રજવલિત કર્યો, અને ત્યારબાદ હિમાચલનાં ઘરે પાર્વતી તરીકે જન્મ લીધો. દેવર્ષિ નારદને પોતાના ગુરુ બનાવી પાર્વતી ભોલેનાથ શિવશંકરને પામવા માટે કઠોર તપશ્ચર્યા કરે છે, પછી તો તેમણે ખોરાક તરીકે લેવાતાં વનસ્પતિના પર્ણો પણ ત્યજી દીધાં હતાં અને આથી તેને અપર્ણા પણ કહેવાય છે. શરીરમાંથી લોહી ઉડી જાય છે, શરીર કાળુ પડી જાય છે, ત્યારે સ્વયં ભગવાન ભોળાનાથ આવી તેમને ગંગાજળથી સ્નાન કરાવે છે, અને તેઓ મહા ગૌરી સ્વરૂપે પ્રગટ થાય છે. તો બીજી કથા મુજબ શુંભ નિશુંભનો વધ કરવા માટે મહાકાળીનું સ્વરૂપ પણ ધારણ કર્યું, અને ભગવાન શંકર તેમને કાળી કહીને ચીડવે છે, આથી તેઓ બ્રહ્માની કઠિન તપસ્યા કરે છે, અને બ્રહ્માજી તેમને માન સરોવરમાં સ્નાન કરવા કહે છે, ત્યારબાદ મહાગૌરી સ્વરૂપ રૂપે પ્રગટ થાય છે, તો આ બધી વાત થઈ નવદુર્ગાના આઠમા સ્વરૂપની. પરંતુ શંકરપ્રિયા સતી અને પાર્વતી બંને વચ્ચેના તફાવતની વાત કરીએ તો સતી એટલે તીવ્ર બુદ્ધિ અને પાર્વતી એટલે તેજોમય શ્રદ્ધા. કાલિકા મહાલક્ષ્મી અને સરસ્વતી એ મુખ્ય ત્રણ સ્વરૂપના ત્રણ ત્રણ દિવસ એમ કરીને નવ દિવસની આરાધના હોય છે. કાલિકા એટલે કે ક્રિયાનો તમસ ગુણ પકડાઈ જાય તો જ દ્રવ્યનું ( રજસનું) મહત્વ સમજાય, અને બુદ્ધિ ધીરે-ધીરે કોઈની અનુગામી બને એટલે કે એમાં શ્રદ્ધાનો ઉમેરો થાય! અને પછી બુદ્ધિમાંથી સત્વ રજસ અને તમસ આ ત્રણેય ગુણનો ભેદ સમાપ્ત થાય, એટલે કે આપણી શ્રદ્ધા ત્રિગુણાતિત થાય, ત્યારે સાચું જ્ઞાન લાધે. પરંતુ કાળ ગણનાની રીતે આપણે કળિયુગમાં વસીએ છીએ, અને અહીં પહેલા ત્રણ દિવસતો તમસને ઓળખવામાં જ જાય છે, અને બીજા ત્રણ દિવસને અંતે માંડ માંડ તમસ પકડાય છે. એટલે કે આપણી યાત્રા છ દિવસ સુધી તમસનાં અંધકારની આસપાસ જ ફરતી હોવાથી, સાતમે દિવસે કાળરાત્રિ ખુદ આપણા વિકારોને ગ્રસી લે છે, વિકારોરૂપી અસુરનો વધ કરે છે, અને આપણી શ્રદ્ધા જ મહાગૌરી સ્વરૂપે અંતરમાં સ્થાપિત થાય છે, એવો અર્થ આપણને વધુ નજીક પડે છે. આ કથાનકનું એક અલગ રીતે ચિંતન કરીએ તો અહીં ત્રણ વાત મુખ્ય છે, એક તો બુદ્ધિમાં કલ્યાણરૂપે શંકર સાથે હસ્તમેળાપ કરવાનો વિચાર આવે! એ માટે થઈને કોઈ ગુરુનું માર્ગદર્શન લેવું, એ બીજી વાત! અને કલ્યાણ રૂપે શંકરને પામવા ખૂબ આકરી તપશ્ચર્યા કરવી, ત્યારે બુદ્ધિ તીવ્રમાંથી તેજોમય થાય છે. એટલે કે બુદ્ધિની તીવ્રતા ધીરે ધીરે તેજમાં રૂપાંતર થાય છે, અને બુદ્ધિ શ્રદ્ધામાં રૂપાંતરિત થાય છે. પછી તે અન્ય પ્રકારના ખેલ છોડી દે છે, એટલે કે ષડયંત્ર રચવાનું છોડી દે છે, અને પૂર્ણપણે પરમમાં શરણાગત થઈ જાય છે. આ રીતે જોઈએ તો બુદ્ધિ, વિવેક બુદ્ધિ એટલે ગીતાના ન્યાયે સ્મૃતિ લબ્ધા, શું યાદ રાખવું અને શું ન યાદ રાખવું એનો વિવેક, સ્મૃતિથી મેધા, અને મેધા થી પ્રજ્ઞા એમ ચાર કક્ષામાં પરિભ્રમણની યાત્રા કરે, એટલે કે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ રીતે એકદમ પરમ તત્વની નજીક આવે છે. પ્રજ્ઞા એટલે ત્રિગુણાતિત શ્રદ્ધા! જેને પોતાના માટેની ઈચ્છા તો ઠીક પણ પોતાની કોઈ ક્રિયા પણ રહેતી નથી, કેવળ અને કેવળ કલ્યાણ એ જ મહામંત્રની તે આનુગામી બને છે. તો આવો આપણે પણ આ શારદીય નવરાત્રિની આઠમે મા મહાગૌરીની આરાધના કરી તીવ્ર બુદ્ધિને તેજોમય બનાવવા કલ્યાણરૂપી શિવ સાથે હસ્તમેળાપ કરીએ.

★★ શક્રાદય સ્તુતિ★★

દેવા ઉચુઃ ૩૨
ભગવત્યા કૃતં સર્વન કિઞ્ચિદવશિષ્યતે
યદયં નિહતઃ શત્રુરસ્માકં મહિષાસુરઃ ૩૩

આપ ભગવતીએ બધી ઈચ્છા પૂરી કરી દીધી છે,હવે કંઈપણ બાકી રહ્યું નથી. (૩૩)

કારણકે અમારો આ શત્રુ મહિસાસુર માર્યો ગયો છે, એમ હોવા છતાં પણ હે મહેશ્વરી! તમે અમને જો કોઈ વરદાન આપવા ઈચ્છો છો.(૩૪)

યદિ ચાપિ વરોદેયસ્ત્વયાઽસ્માકં મહેશ્વરિ
સંસ્મૃતા સંસ્મૃતા ત્વં નોહિંસેથાઃ પરમાપદઃ ૩૫

તો અમે જ્યારે જ્યારે આપને યાદ કરીએ ત્યારે ત્યારે દર્શન આપીને અમારા મહાન સંકટ દૂર કરતા રહેજો.(૩૫)

યશ્ચ મર્ત્યઃ સ્તવૈરેભિસ્ત્વાં સ્તોષ્યત્યમલાનને ૩૬
ત સ્ ય વિત્તર્દ્ધિવિભવૈર્ધનદારાદિસમ્પદામ્
વૃદ્ધયેઽસ્મત્પ્રસન્ના ત્વં ભવેથાઃ સર્વદામ્બિકે ૩૭

હે પ્રસન્નવદના અંબિકા! જે મનુષ્ય આ સ્તોત્ર વડે તમારી સ્તુતિ કરે તેને ધન સમૃદ્ધિ અને વૈભવ આપવાની સાથે તેની ધન તથા સંપત્તિ વગેરે વધારવા માટે તમે હંમેશા અમારા પર પ્રસન્ન રહેજો. (૩૬-૩૭)

ઈન્દ્ર આદિ દેવતાઓ પોતાના જીવન તથા ભોગ ઈત્યાદી સુરક્ષિત કરવા દેવીની સ્તુતિ કરી રહ્યા છે. દેવી જ્યારે વરદાન માંગવા કહે છે, ત્યારે દેવતાઓ કહે છે કે, મા તમે અમારા શત્રુનો સંહાર કરીને અમને બધું જ આપી દીધું છે, હવે અમને કંઈ જોતું નથી, તેમ છતાં અમે યાદ કરીએ ત્યારે તમે અમને દર્શન આપજો.

આજે દુર્ગાષ્ટમી છે એટલે કે માતાનાં આ પરમ પાવન કલ્યાણકારી દિવસો પુરા થઈ રહ્યાં છે. ઘણાનેં ત્યાં આઠમના ઉપવાસ કરે, આઠમના યજ્ઞ થાય, આઠમના નૈવેદ્ય થાય. મહાગૌરી સ્વભાવે શાંત અને ભક્તને અભયના વરદાન દેનારી છે, તેમજ શ્વેતાંબર વસ્ત્ર ધારણ કરનારી છે. સાધનાના આઠમા શિખરે સાધકની વૃત્તિઓમાં રાગનું પ્રમાણ ઘટીને અનુરાગ પ્રસ્થાપિત થતો જોવા મળે તો, સમજવું કે નવદુર્ગાનું મહાગૌરી સ્વરૂપ હવે નિત્ય નિવાસ કરશે, અને પછી તેની જિંદગીમાં સાદગીનો એક સફેદ રંગ ધીરે-ધીરે સ્થાન લેતો દેખાય છે, અથવા તો મા મહાગૌરીની ઉપાસનાથી જીવ સાદગી ભર્યા જીવન સુધી પહોંચી શકે છે.આ ઉપરાંત માતાજી વૃષારૂઢા એટલે કે વૃષભ પર સવાર થયેલી છે. વૃષભને આપણે ત્યાં ધર્મનું પ્રતિક માનવામાં આવે છે, માતાના સાનિધ્યમાં રહેવા માટે ધર્મનો હાથ પકડીને જવાથી જલ્દી પહોંચાય છે. આઠમના મંદિરોમાં યજ્ઞ પણ થતા હોય છે, સદગુરુ કૃપા જીણું જીણું કાંતીને આપણને કેમ નિત્યાનંદ કે સચ્ચિદાનંદ સુધી પહોંચી શકાય, એ માટે સતત જહેમત ઉઠાવી રહી છે. સત્ય અનુભવવા માટે જીવનને સુધારવું પડશે, જીવનને શણગારવું પડશે, તેમજ જીવનના સંઘર્ષને સહર્ષ સ્વીકારવા પડશે! બસ આમ જીવન યજ્ઞમાં આવી આહુતિ આપવી પડશે, એ સત્ય સુધી જીવ પહોંચી જાય તો પછી મા અંબાના રખવાળા છે! અને પછી જે મસ્તી છવાય ત્યારે જ ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડના રઢિયાળી રાતનો રંગ જોજે જાય ના!; એમ ભક્તિ સાદગીની પરાકાષ્ઠાનો રાસ રમશે. જય અંબે.

**નવલાં નોરતાંની રમઝટ - ૯**

# યા દેવી સર્વભૂતેષુ મહાગૌરી રૂપેણ સંસ્થિતા!! નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ!!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**એક બીજી કથા મુજબ ત્રેતાયુગમાં ભગવાન રામે લંકા પર આક્રમણ કરતા પહેલા શક્તિ ની દેવી માં ભગવતી ની આરાધના કરી હતી. તેમણે નવ દિવસ સુધી માતાની પૂજા કરી. તેમની ભક્તિથી પ્રસન્ન થઈ સ્વયં માતા તેમના સામે પ્રગટ થઈ. તેમણે શ્રીરામને વિજય પ્રાપ્તિનો આશીર્વાદ આપ્યું દસમા દિવસે ભગવાન રામે રાવણને હરાવી તેમનો વધ કરી લંકા પર વિજય પ્રાપ્ત કરી.**

આપણે કાગળ કલમ થકી નવલાં નોરતાંની રમઝટ સૂર પુરાવીરહયા છીએ ત્યારે આજે મંગળવારે શારદીય નવ રાત્રીનો નવમો દિવસ અને આસો સુદ આઠમ છે આ દિવસે મા દુર્ગાના આઠમા સ્વરૂપ મહાગૌરીની પૂજા કરવાનો નિયમછે.મા દુર્ગાની આઠમીશક્તિ મૂળ ઘરનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમની પૂજા કરવાથી સોમ ચક્ર જાગૃત થાય છે.દેવી ભાગવત પુરાણનુસાર,નવ સ્વરૂપો અને દશ મહાવિદ્ય આદિ શક્તિના તમામ ભાગો અને સ્વરૂપો છે, પરંતુ મહાગૌરી હંમેશા મહાદેવ સાથે અર્ધાંગિનીના રૂપમાં રહે છે. તેમની શક્તિઅવિશ્વસનીય અને હંમેશા ફળદાયી છે. મહાગૌરીની કૃપાથી તમામ પરેશાનીઓ દૂર થાય છે અને દરેક અશક્ય કાર્ય પૂર્ણ થાય છે.કેટલાક ઘરોમાં,મહા અષ્ટમી તિથિ પર કન્યા પૂજા કરવામાં આવે છે,પરંતુ કેટલાક ઘરોમાં કન્યાની પૂજા મહાનવમી તિથિ પર કરવામાં આવે છે.

આજે માતાજીનું નવમું નોરતું

મંગળવારે એટલે કે આજે શારદીય નવરાત્રીનો નવમો દિવસ છે.આ વર્ષે શારદીય નવરાત્રીના બે ત્રીજ હોવાથી નવમા દિવસે આઠમે માતાના આઠમા સ્વરૂપમાં મહાગૌરીનીપૂજા કરવામાં આવેછે

પૌરાણિક કથા મુજબ કહેવામાં આવે છે કે મહિષાસુર નામક રાક્ષસ બ્રહ્માજીનું મોટો ભક્ત હતો. તેની ભક્તિ જોઈ સૃષ્ટિના રચયિતા બ્રહ્માજી ખુશ થઈ ગયા અને તેમને આ વરદાન આપીદીધું કે કોઈ દેવ-દાનવ અથવા પુરુષ તેને મારી નહીં શકે.આ વરદાનને પ્રાપ્ત કરી મહિસાસુરની અંદર અહંકારની અગ્નિ ભડકી અને તે ત્રણે લોકોમાં પોતાનું આતંક વીખેરવા માંડ્યો.આ વાતથી કંટાળી બ્રહ્મા-વિષ્ણુ- મહેશની સાથે બધા દેવતાઓએ મળીને મા શક્તિના રૂપમાં અંબે માને જન્મ આપ્યું કહેવાય છે કે માતા અંબે અને મહિષાસુર વચ્ચે નવ દિવસ સુધી ભયંકર યુદ્ધ થયું અને દસમા દિવસે અંબે મા દ્વારા મહિષાસુરનો વધ થયું આ દિવસ ને ભલાઈની બુરાઈ પર જીતના રૂપમાં ઉજવવામાં આવે છે એક બીજી કથા મુજબ ત્રેતાયુગમાં ભગવાન રામે લંકા પર આક્રમણ કરતા પહેલા શક્તિ ની દેવી માં ભગવતી ની આરાધના કરી હતી. તેમણે નવ દિવસ સુધી માતાની પૂજા કરી. તેમની ભક્તિથી પ્રસન્ન થઈ સ્વયં માતા તેમના સામે પ્રગટ થઈ.તેમણે શ્રીરામને વિજય પ્રાપ્તિનો આશીર્વાદ આપ્યું દસમા દિવસે ભગવાન રામે રાવણને હરાવી તેમનો વધ કરી લંકા પર વિજય પ્રાપ્ત કરી.તેથી આદિવસ ને વિજયાદશમીના રૂપે ઉજવવામાં આવે છે.

નવરાત્રી દરમિયાન માતાના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. નવરાત્રિનો આઠમો દિવસ ખૂબ જ મહત્વ ધરાવે છે.આ દિવસે કન્યા પૂજા પણ કરવામાં આવે છે.માં મહાગૌરીનો રંગ ખૂબ જ ગોરો છે. તેણીને ચાર હાથ છે અને માતા બળદ પર સવારી કરે છે.માતાનો સ્વભાવ શાંત હોય છે માતા મહાગૌરી પૂજાવિધિઃ શાર દીય નવરાત્રિના આઠમા દિવસે બ્રહ્મમુહૂર્તમાં ઊઠીને સ્નાન કર્યા પછી સ્વચ્છવસ્ત્રો પહેરીનેમાતાના મંત્રનો જાપ કરતાં ધ્યાન કરવું. આ પછી પૂજા સ્થાન પર હંમેશ ની જેમ ગંગા જળનો છંટકાવ કરો અને પાંચ દેશી ઘીનો દીવો પ્રગટાવો.ત્યારબાદ મા મહાગૌરી ની પૂજા શરૂ કરતા પહેલા માતા ના કલ્યાણકારી મંત્ર ઓમ દેવી મહાગૌરી નમઃ મંત્રનો જાપ કરો. આ પછી માતાને પૂજાની સામગ્રી જેમ કે ધૂપ,દીપ,ફૂલ,ફળની રોલી, અક્ષત વગેરે ચઢાવો. મહાગૌરીની પૂજામાં સફેદ ફૂલ ચઢાવો અને નારિયેળ કે નાળિયેરથી બનેલી વસ્તુઓ અર્પણ કરો. કેટલાક લોકો નવમી અને કેટલાક અષ્ટમી તિથિ પર કન્યાની પૂજા કરે છે.માતાની પૂજામાં ભક્તોએ ગુલાબી રંગના વસ્ત્રો પહેરવા જોઈએ. નવરાત્રીના નવમાદિવસે આઠમે મા મહાગૌરીની પૂજા કરવામાં આવે છે. તેમની તપસ્યાથી તેમને ગૌર વર્ણ પ્રાપ્ત થયું હતું. તેણીના જન્મ સમયે તેણીની ઉંમર આઠ વર્ષની હતી. તેથી જ નવરાત્રિના આસો સુદ આઠમ અને નવમા દિવસે તેમની પૂજા કરવામાં આવે છે.તેમના ભક્તો માટે આ અન્ન પૂર્ણા સ્વરૂપ છે.તે સંપત્તિ,વૈભવ અને સુખ અને શાંતિની પ્રમુખ દેવી છે.આ દિવસે દુર્ગા સપ્ત શતી ના મધ્યમ ચરિત્રનો પાઠ કરવો વિશેષ ફળદાયી માનવામાં આવે છે.બીજી તરફ જે લોકો આખી નવરાત્રિમાં ઉપવાસ નથી રાખતા તેઓ માત્ર પડવો અને અષ્ટમીતિથિના જ ઉપવાસ કરેછે અને નવમીતિથિએ કન્યાની પૂજા કરીને ઉપવાસનું ફળ મેળવે છે.

લૌકિક સ્વરૂપે તેમનું રૂપ ખૂબ જ તેજસ્વી,કોમળ,સફેદ અને વસ્ત્રોમાં સફેદ છે.દેવીના એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથ માં ડમરુ છે.દેવી મહાગૌરીને ગાયન અને સંગીત ગમે છે અને તે સફેદ વૃષભ એટલેકે બળદ પર સવાર છે. માતાનો જમણો હાથ અભય મુદ્રામાં છે,ડાબા હાથમાં શિવનું પ્રતીક ડમરુ છે અને નીચેના હાથમાં માતા અભય આપી રહી છે અને એક હાથમાં માતાના ત્રિશુલને શણગારી રહી છે ડમરુ હોવાથી મહાગૌરીને શિવ પણ કહેવામાં આવે છે. માતાનું કાલરાત્રી સ્વરૂપ જેટલું ઉગ્ર છે એટલું જ મહાગૌરીનું સ્વરૂપ શાંત અને દશ્યમાન છે. અષ્ટમી તિથિએ તેની પૂજા કરવાથી તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે. શિવપુરાણનુસાર,મહાગૌરીને આઠ વર્ષની ઉંમરે તેમના પછલા જન્મની ઘટનાઓ વિશે જાણ થઈ હતી. તેણે આ ઉંમરથી જ ભગવાન શિવને પોતાના પતિ તરીકે સ્વીકારી લીધા હતા અને શિવને પતિ તરીકે મેળવવા માટે તપસ્યા પણ કરી હતી અને તેનો વર્ણ સૂર્ય પ્રકાશના કાણે ગૌર થઈ ગયો હતો તેથી તેથી તે મહાગૌરી થી પૂજાયા.અષ્ટમી તિથિ પર મહાગૌરીની પૂજા કરવાનો નિયમ છે.આ દિવસે દુર્ગા સપ્તશતીના મધ્યમ ચરિત્રનો પાઠ કરવો વિશેષ ફળદાયી છે.જે લોકો ૯ દિવસ સુધી વ્રત રાખી શકતાનથી તેઓને પ્રથમ અને આઠમા દિવસે ઉપવાસ કરવાથી ૯ દિવસનું ફળ મળે છે.

દેવી ભાગવત પુરાણ અનુસાર, મહાગૌરીનો વર્ણ ગૌર છે અને તેના વસ્ત્રો અને આભૂષણો પણ સફેદ રંગના છે. માતાનું વાહન વૃષભ એટલે કે બળદ છે, જે ભગવાન શિવનું વાહન પણ છે. માતાનો જમણો હાથ અભયમુદ્રા માં છેઅને નીચેના હાથમાં દુર્ગાની શક્તિનું પ્રતીક ત્રિશૂલ છે. મહાગૌરીના ઉપરના હાથમાં શિવનું પ્રતીક ડમરુ છે.ડમરુ ધારણ કરવાને કારણે માતાને શિવ તરીકે પણ ઓળખવામાં આવે છે. માતાનો નીચેનો હાથ સિંદૂરમાં છે માતા શાંત મુદ્રામાં જોવા મળે છે.દેવીના આ સ્વરૂપ ને પ્રાર્થના કરતાં દેવતાઓ અને ઋષિઓ કહે છે. દેવીનું વાહન ક્યું છેઃહિંદુ ધર્મનાં પૌરાણિક શાસ્ત્રોમાં દર્શાવ્યા પ્રમાણે મહાગૌરીએ નવદુર્ગાનું આઠમું સ્વરૂપ છે.તેમને ચારભુજાઓ છે,તેમણે એક હાથમાંત્રિશૂળ અને બીજા હાથમાં ડમરું ધારણ કરેલું છે.ત્રીજો અને ચોથો હાથ અભયમુદ્રા અને વરદમુદ્રામાં છે. તેમનું વાહન વૃષભ છેએટલે 'વૃષારુઢા'તરીકે પણ ઓળખાય છે. નવરાત્રિની આઠમ નવ દિવસે દુર્ગાનાં આ સ્વરૂપનું પૂજન અર્ચન કરાય છે.દેવીનો વર્ણ ગૌર છે, વસ્ત્ર આભૂષણ શ્વેત છે એટલે 'શ્વેતાંબરધરા' તરીકે પણ ઓળખાય છે. માનાં દિવ્યતાનાં સ્વરૂપોઃમા દુર્ગા નું આઠમું સ્વરૂપ એટલે મહાગૌરી પૂજાના આઠમા દિવસે મહાગૌરી ની ઉપાસના થાય છે. મહાગૌરીની શક્તિ અમોઘ અને સદાય ફળ દેવાવાળી છે. તેમની ઉપાસનાથી ભક્તોનાં પાપો દૂર થાય છે.ભક્ત બધા જ પ્રકારે પવિત્ર અને અક્ષય પુણ્યનો અધિકારી બને છે.મહાગૌરીનો વર્ણ પૂર્ણતઃ ગૌર છે.આ ગૌરતાની ઉપમા શંખ, ચંદ્ર અને કુંદના ફુલ સાથે કરવામાં આવે છે. મહાગૌરીનાં વસ્ત્ર અને આભૂષણ પણ શ્વેત છે. મહાગૌરીની ચાર ભુજાઓ છે. મહાગૌરીનું વાહન વૃષભછે.મહાગૌરીના ઉપરતરફના ડાબા હાથમાં અભય મુદ્રા અને નીચેના હાથમાં ત્રિશૂળ છે.મહા ગૌરીના ઉપરના જમણા હાથમાં ડમરું અને નીચે નો હાથ વરદાન મુદ્રામાં છે.તેમની મુખમુદ્રા અત્યંત શાંત છે.મહાગૌરીએ શિવને પ્રાપ્ત કરવા ઘોર તપશ્ચર્યા કરી હતી. કઠોર તપશ્ચર્યાને કારણે મહાગૌરી નું શરીર કાળું પડી ગયું હતું.મા મહાગૌરીનું ધ્યાન,સ્મરણ પૂજન, આરાધન ભક્તો માટે કલ્યાણ કારી છે. મહાગૌરીની કૃપાથી અલૌકિક સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે.મહાગૌરી ભક્તોનાં કષ્ટ ચોક્કસ દૂર કરે છે.મહાગૌરીની ઉપાસનાથી આર્તજનોના અસંભવ કામ પણ થઈ જાય છે.

**સાઉથની અભિનેત્રી ફોર્સ ૩ દ્વારા બોલીવૂડમાં ડેબ્યુ કરશે**

# જોન અબ્રાહમ આગામી ફિલ્મમાં મિનાક્ષી ચૌધરી સાથે જોડી જમાવશે



જોન અબ્રાહમ ફોર્સ ૩ની તૈયારી કરી રહ્યો છે. આ એક પહેલાની બે ફિલ્મોની જેમ એક સુપરહિટ ફિલ્મ બનશે. અભિનેતાઓ પોતાની ફિલ્મ માટે સાઉથની અભિનેત્રી મિનાક્ષી ચૌધરીને સાઈન કરી છે. અભિનેત્રી ફોર્સ ૩ દ્વારા બોલીવૂડમાં ડેબ્યુ કરશે. આ પ્રોજેક્ટનું નવેમ્બર ૨૦૨૫માં શૂટિંગ શરૂ કરવામાં આવશે અને ઓક્ટોબર ૨૦૨૬ સુધી શૂટિંગ પૂરુ કરવાની યોજના છે. અભિનેતા રોહિત શેટ્ટી દિગ્દર્શિત કેશ મારિયાની બાયોપિક પર કામ કરી રહ્યો છે. જે પુરી થતા તરત જ ફોર્સ ૩ની તૈયારી કરશે. એક રિપોર્ટના અનુમાન મુજબ ફોર્સ ૩માં જોન અબ્રાહમની સાથે સાઉથ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી મિનાક્ષી ચૌધરી જોડી બનાવશે અને બોલીવૂડની તેની આ ડેબ્યુ ફિલ્મ બનશે. રિપોર્ટમાં વધુ જણાવામાં આવ્યું હતું કે જોન અબ્રાહમે ઘણી અભિનેત્રીઓના ઓડિશન લીધા પછી મિનાક્ષીને પસંદ કરી છે. ફિલ્મમાં અભિનેત્રીની ભૂમિકા તેમની માફક એક્શન બેસ્ડ હશે, આના માટે તેને વિશેષ તાલીમ લેવી પડશે. ફોર્સ ૩ને એક 'સોફ્ટ રીબૂટ'ની માફક તૈયાર ક રવામાં આવી રહી છે. એટલે કે ફિલ્મની વાર્તામાં નવું ટ્વિસ્ટ અને નવી શરૂઆત હશે. જો કે ફ્રેન્ચાઈઝીમાં પહેલી બે ફિલ્મોની માફક એક્શન અને રોમાંચની ફલેવર બરાબર હશે. આ ફિલ્મ પાવર-પેક એક્શન, રોમાંચક સ્ટોરી લાઈનથી દર્શકોનું મનોરંજન કરશે.જોન અબ્રાહમની ફોર્સ ૩ને ૨૦૨૬માં છ મહિનામાં રીલીઝ કરવાની યોજના છે. રિપોર્ટમાં વધુ જણાવામાં આવ્યું હતું કે જોન અબ્રાહમે ઘણી અભિનેત્રીઓના ઓડિશન લીધા પછી મિનાક્ષીને પસંદ કરી છે. ફિલ્મમાં અભિનેત્રીની ભૂમિકા તેમની માફક એક્શન બેસ્ડ હશે, આના માટે તેને વિશેષ તાલીમ લેવી પડશે. ફોર્સ ૩ને એક 'સોફ્ટ રીબૂટ'ની માફક તૈયાર ક રવામાં આવી રહી છે. એટલે કે ફિલ્મની વાર્તામાં નવું ટ્વિસ્ટ અને નવી શરૂઆત હશે. જો કે ફ્રેન્ચાઈઝીમાં પહેલી બે ફિલ્મોની માફક એક્શન અને રોમાંચની ફલેવર બરાબર હશે. આ ફિલ્મ પાવર- પેક એક્શન, રોમાંચક સ્ટોરી લાઈનથી દર્શકોનું મનોરંજન કરશે. જોન અબ્રાહમની ફોર્સ ૩ને ૨૦૨૬માં છ મહિનામાં રીલીઝ કરવાની યોજના છે.

**આ પ્રોજેક્ટનું નવેમ્બર ૨૦૨૫માં શૂટિંગ શરૂ કરવામાં આવશે અને ઓક્ટોબર ૨૦૨૬ સુધી શૂટિંગ પૂરુ કરવાની યોજના છે**

# મેડોકની ફિલ્મમાં કિઆરાને બદલે અનીતને લેવાનું કારણ બહાર આવ્યું



એક તરફ મેડોક ફિલ્મ્સ દ્વારા અનીત પડ્ડા 'શક્તિ શાલિની'માં કામ ન કરતી હોવાની જાહેરાત કરવામાં આવી હતી, બીજી તરફ એવી ચર્ચા છે કે અનીત પડ્ડાએ આ ફિલ્મમાં કિઆરા અડવાણીને રીપ્લેસ કરી છે. પહેલાં કિઆરા અડવાણી આ રોલ કરવાની હોવાની ચર્ચા હતી. પરંતુ કેટલાંક વિશ્વાસપાત્ર સુત્રોના જણાવ્યા અનુસાર, એ નક્કી છે કે અનીત પડ્ડાએ કિઆરાને રીપ્લેસ કરી છે અને તેના બે કારણ છે. પહેલું તો કિઆરાની આ ફિલ્મ સાથે તારીખો મેળ ખાતી નહોતી. સુત્રના જણાવ્યા અનુસાર, "શક્તિ શાલિની ૨૦૨૫ના અંત સુધીમાં શરૂ કરવું જ પડે એવું છે અને કિઆરાની ડાયરી ભરચક છે. હાલ તે સૌથી વ્યસ્ત એક્ટ્રેસ છે. તે ૨૦૨૬ના લગભગ શરૂઆતના છ મહિના સુધી વ્યસ્ત છે. બીજી તરફ આ ફિલ્મનું પાત્ર એવું છે કે એમાં હિરોઈનનું પાત્ર ૨૦ વર્ષની ઉંમરનું પણ બતાવવાનું છે અને કિઆરા શરૂઆતમાં થોડી મોટી છોકરીનો રોલ કરવાની હતી. આ બંને બાબતોને ધ્યાનમાં રાખીને તેણે ફિલ્મ છોડવાનું નક્કી કર્યું અને અનીત પડ્ડા માટે રસ્તો ખોલી દીધો."જોકે, આ મુદ્દે હજુ કોઈ ઓફિશિયલ જાહેરાતની રાહ જોવાઈ રહી છે, પરંતુ તેઓ હકારાત્મક સમજુતીથી હાલ અલગ થયા છે. સુત્રના જણાવ્યા અનુસાર, "કિઆરા અને દિનેશ વિજાન બંનેને એકબીજા સાથે સારું બને છે અને તેઓ ભવિષ્યમાં ચોક્કસ સાથે કામ કરશે. કિઆરાને દિનેશ વિજાને એક પાત્રનું વચન પણ આપ્યું છે, તેને એકાદ મહિનામાં નવી ફિલ્મની સ્ક્રિપ્ટ મોકલવામાં આવશે. કારણ કે મેડોક એકસાથે ઘણી ફિલ્મ પર કામ કરે છે અને તેથી તેઓ ભવિષ્યમાં તેની સાથે કામ કરશે." શક્તિ શાલિની ૨૦૨૬માં રિલીઝ થવાની શક્યતા છે. જોકે, આ મુદ્દે હજુ કોઈ ઓફિશિયલ જાહેરાતની રાહ જોવાઈ રહી છે, પરંતુ તેઓ હકારાત્મક સમજુતીથી હાલ અલગ થયા છે. સુત્રના જણાવ્યા અનુસાર, "કિઆરા અને દિનેશ વિજાન બંનેને એકબીજા સાથે સારું બને છે અને તેઓ ભવિષ્યમાં ચોક્કસ સાથે કામ કરશે. કિઆરાને દિનેશ વિજાને એક પાત્રનું વચન પણ આપ્યું છે, તેને એકાદ મહિનામાં નવી ફિલ્મની સ્ક્રિપ્ટ મોકલવામાં આવશે. કારણ કે મેડોક એકસાથે ઘણી ફિલ્મ પર કામ કરે છે અને તેથી તેઓ ભવિષ્યમાં તેની સાથે કામ કરશે." શક્તિ શાલિની ૨૦૨૬માં રિલીઝ થવાની શક્યતા છે.

**દિનેશ વિજાનના પ્રોડક્શન હાઉસે અનીત પડ્ડા આ ફિલ્મ ન કરતી હોવાનું નિવેદન જાહેર કર્યું હતું**

# તૃપ્તિ ડીમરીએ સેમ મર્ચન્ટ સાથેના સંબંધ પર સ્પષ્ટતા કરી



તૃપ્તિ ડીમરી અને સેમ મર્ચન્ટ એક બીજાને ડેટ કરી રહ્યા હોવાની ચર્ચા છે. જોકે અત્યાર સુધી તેમણે પોતાના સંબંધો બાબત ખુલાસો કર્યો નહોતો. જોકે હવે તૃપ્તિ ડિમીએ પોતાના રિલેશનશિપને લઈને ચુપકીદી તોડી છે. તૃપ્તિએ કહ્યું છે કે, સંબંધોમાં હોવું જરૂરી નથી. લોકોના વિચાર જ એવા હોય છે કે, જો કોઈ વ્યક્તિ એકલી હોય તો એ વ્યક્તિમાં જ ખોટ છે. મતલબ કે લોકો મારામાં ખોટ સમજે છે. પરંતુ સંબંધમાં હોવું ન હોવું એ વ્યક્તિની પર્સનાલિટી સાથે જોડાયેલું નથી. મને બુલબુલની દિગ્દર્શક અનવિતા દત્તે શીખવ્યું છે કે, સિંગલ હોવું એ કોઈ ખોટું કે ખરાબ નથી. જિંદગીમાં રોમાન્સ ન હોય તો કાંઈ ખોટું નથી. જિંદગીમાં કરવાનું ઘણું બધું હોય છે. ફક્ત એક ચીજ માટે દુઃખી હોવાની જરૂર નથી. ઉલ્લેખનીય છે કે, તૃપ્તિ ડિમરી એક બિઝનેસમેન અને મોડલ સેમ મર્ચન્ટ સાથે ડેટ કરી રહી છે. હવે અભિનેત્રીએ આ બાબતે સ્પષ્ટતા કરીને પોતાના વિશે જણાવી દીધું છે. તૃપ્તિએ રણબીર કપૂર સાથે અનિમલ ફિલ્મમાં કામ કરીને લોકપ્રિયતા મેળી છે. તે પોતાના બોલ્ડ અંદાજ માટે જાણીતી છે. તે સોશયલ મીડિયા પર પણ ઘણી એકટિવ રહે છે. તૃપ્તિ ડીમરી અને સેમ મર્ચન્ટ એક બીજાને ડેટ કરી રહ્યા હોવાની ચર્ચા છે. જોકે અત્યાર સુધી તેમણે પોતાના સંબંધો બાબત ખુલાસો કર્યો નહોતો. જોકે હવે તૃપ્તિ ડિમીએ પોતાના રિલેશનશિપને લઈને ચુપકીદી તોડી છે. તૃપ્તિએ કહ્યું છે કે, સંબંધોમાં હોવું જરૂરી નથી. લોકોના વિચાર જ એવા હોય છે કે, જો કોઈ વ્યક્તિ એકલી હોય તો એ વ્યક્તિમાં જ ખોટ છે. મતલબ કે લોકો મારામાં ખોટ સમજે છે. પરંતુ સંબંધમાં હોવું ન હોવું એ વ્યક્તિની પર્સનાલિટી સાથે જોડાયેલું નથી. મને બુલબુલની દિગ્દર્શક અનવિતા દત્તે શીખવ્યું છે કે, સિંગલ હોવું એ કોઈ ખોટું કે ખરાબ નથી. જિંદગીમાં રોમાન્સ ન હોય તો કાંઈ ખોટું નથી. જિંદગીમાં કરવાનું ઘણું બધું હોય છે. ફક્ત એક ચીજ માટે દુઃખી હોવાની જરૂર નથી. ઉલ્લેખનીય છે કે, તૃપ્તિ ડિમરી એક બિઝનેસમેન અને મોડલ સેમ મર્ચન્ટ સાથે ડેટ કરી રહી છે. હવે અભિનેત્રીએ આ બાબતે સ્પષ્ટતા કરીને પોતાના વિશે જણાવી દીધું છે. તૃપ્તિએ રણબીર કપૂર સાથે અનિમલ ફિલ્મમાં કામ કરીને લોકપ્રિયતા મેળી છે. તે પોતાના બોલ્ડ અંદાજ માટે જાણીતી છે. તે સોશયલ મીડિયા પર પણ ઘણી એકટિવ રહે છે.

# પુત્રીની સરખામણી કરીના કપૂર સાથે થતા રજત બેદી ખુશખુશાલ

**અભિનેતા રજત બેદીએ નેટફ્લિક્સ શો ધ બેડ્સ ઓફ બોલિવૂડમાં જયરાજ સક્સેનાની ભૂમિકામાં વાપસી કરી હતી**





અભિનેતા રજત બેદીએ નેટફ્લિક્સ શો ધ બેડ્સ ઓફ બોલિવૂડમાં જયરાજ સક્સેનાની ભૂમિકામાં વાપસી કરી હતી. તે તાજેતરમાં શોના પ્રીમિયરમાં તેના પરિવાર સાથે જોવા મળ્યો હતો. જોકે, ચાહકોનું ધ્યાન રજત બેદીની પુત્રી, વીરા બેદી પર કેન્દ્રિત હતું, જેના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. કેટલાક લોકોએ તેની સરખામણી કરીના કપૂર સાથે પણ કરી છે, જેના કારણે રજત બેદીએ સ્વીકાર્યું છે કે પરિવારનો અચાનક લાઈમલાઈટમાં વધારો તેમના માટે એક નવો અનુભવ છે. રજત બેદીએ કહ્યું, "મારો આખો પરિવાર ચર્ચામાં રહ્યો છે. હું એકલો નથી; મારા અને શોના કારણે મારા બાળકો ખુલ્લા પડી ગયા છે. તે વાયરલ થયા છે, અને તે પાગલ છે." વીરાની કરીના સાથેની સરખામણી અંગે, રજત બેદીએ કહ્યું, "તે ખૂબ જ ખુશ છે... કારણ કે આ ધ્યાન ફક્ત ભારતથી જ નહીં, પરંતુ આખી દુનિયામાંથી આવી રહ્યું છે. લોકો યુએસ, કેનેડા, લંડન, દુબઈ, દરેક જગ્યાએથી ફોન કરી રહ્યા છે. તે ખૂબ જ સરળ છે, અને તેણે પહેલાં ક્યારેય આવી કોઈ ઘટનાનો સામનો કર્યો નથી. આ તેના જીવનમાં પહેલી વાર છે જ્યારે તે તેના પિતા સાથે રેડ કાર્પેટ ઈવેન્ટમાં ગઈ છે.જે લોકો જાણતા નથી તેમના માટે, રજત બેદી બાળપણથી જ ફિલ્મ ઉદ્યોગનો ભાગ છે અને તે લાઈમલાઈટમાં રહ્યા છે, જેના કારણે તે તેના ફાયદા અને ગેરફાયદાથી વાકેફ છે. જો કે, જ્યારે પૂછવામાં આવ્યું કે શું તેણે ક્યારેય તેના બાળકો સાથે આ વિશે ચર્ચા કરી છે, ત્યારે તેણે કહ્યું, "ના." મેં હજુ સુધી તેની સાથે કેવી રીતે વ્યવહાર કરવો તે વિશે વાત કરી નથી. પરંતુ તેઓ જાણે છે કે તેઓએ દરેક સાથે નમ્રતાથી વર્તવું પડશે. મારા બાળકોને ક્યારેય કોઈના પ્રત્યે આવું વલણ જોવા નહીં મળે. આ બધું તેમના માટે નવું છે. તેઓ ખૂબ જ ખુશ છે. રજત બેદીએ કહ્યું, "મારા દીકરાની વાત કરીએ તો, અમે હાલમાં તેને લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યા છીએ. જો ભગવાન ઈચ્છશે, તો તમે ટૂંક સમયમાં કંઈક જોશો. મારી દીકરી તેના વિશે વિચારી રહી છે. તેણે ક્યારેય તેના વિશે વિચાર્યું ન હતું, પરંતુ હવે તે તેના વિશે વિચારી રહી છે.

**લોકોએ નારાજગી જતાવી**

# અવિકા ગોરના લગ્નમાં રાધે માની હાજરીથી વિવાદનો જન્મ

**અવિકા ગૌરે ઇન્સ્ટાગ્રામ પર રાધે માના આશીર્વાદ મેળવતા ફોટા શેર કર્યા છે, પરંતુ આ ફોટાએ તેને તપાસના ઘેરામાં લાવી દીધી છે**



અવિકા ગોરના લગ્ન પૂર્વેના કાર્યક્રમમાં રાધે મા જોવા મળી હતી. "ધમાલ વિથ પતિ પત્ની ઔર પંગા" ના સ્ટેજ નવરાત્રી ઊર્જા, અને હાસ્યથી ગુંજી ઉઠી રહ્યા છે કારણ કે રાધે મા શોમાં પ્રવેશ કરે છે, જે તરત જ ગ્લેમરસ વાતાવરણમાં વધારો કરે છે. પોતાની ભક્તિ માટે જાણીતા, રાધે મા દરેકને આશીર્વાદ આપે છે. અવિકા ગૌરે ઈન્સ્ટાગ્રામ પર રાધે માના આશીર્વાદ મેળવતા ફોટા શેર કર્યા છે, પરંતુ આ ફોટાએ તેને તપાસના ઘેરામાં લાવી દીધી છે. અવિકાના ચાહકો પણ રાધે માને શોમાં કેમ લાવવામાં આવ્યા તે અંગે નારાજ છે. શોમાં બોલતા, રાધે માએ કહ્યું, પતિ પત્ની ઔર પંગા સાથે ધમાલમાં આવવાથી હું ખૂબ જ ખુશ છું.જો કે, આ ફોટાઓની વ્યાપક ટીકા થઈ છે. લોકોએ નારાજગી જતાવી છે કે આ શોમાં રાધેમાંનું શું કામ છે?અગાઉ, અવિકા અને મિલિંદે ગણપતિ બાપ્પાના આશીર્વાદ મેળવવા માટે મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરની મુલાકાત લઈને તેમના લગ્ન સમારોહની શરૂઆત કરી હતી. સમારોહ વિશે બોલતા, તેણીએ કહ્યું, "મિલિંદ અને મને જાહેરાત કરતા ખૂબ જ આનંદ થાય છે કે અમે ૩૦ સપ્ટેમ્બરના રોજ નવરાત્રિના શુભ દિવસોમાં લગ્ન કરી રહ્યા છીએ. અમારા પરિવારો અને શુભેચ્છકોના પ્રેમ અને આશીર્વાદ સાથે આ સુંદર નવા અધ્યાયમાં પ્રવેશ કરવો અદ્ભુત છે. અવિકા ગૌરે ઈન્સ્ટાગ્રામ પર રાધે માના આશીર્વાદ મેળવતા ફોટા શેર કર્યા છે, પરંતુ આ ફોટાએ તેને તપાસના ઘેરામાં લાવી દીધી છે. અવિકાના ચાહકો પણ રાધે માને શોમાં કેમ લાવવામાં આવ્યા તે અંગે નારાજ છે. શોમાં બોલતા, રાધે માએ કહ્યું, પતિ પત્ની ઔર પંગા સાથે ધમાલમાં આવવાથી હું ખૂબ જ ખુશ છું.જો કે, આ ફોટાઓની વ્યાપક ટીકા થઈ છે. લોકોએ નારાજગી જતાવી છે કે આ શોમાં રાધેમાંનું શું કામ છે?અગાઉ, અવિકા અને મિલિંદે ગણપતિ બાપ્પાના આશીર્વાદ મેળવવા માટે મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરની મુલાકાત લઈને તેમના લગ્ન સમારોહની શરૂઆત કરી હતી. સમારોહ વિશે બોલતા, તેણીએ કહ્યું, "મિલિંદ અને મને જાહેરાત કરતા ખૂબ જ આનંદ થાય છે કે અમે ૩૦ સપ્ટેમ્બરના રોજ નવરાત્રિના શુભ દિવસોમાં લગ્ન કરી રહ્યા છીએ. અમારા પરિવારો અને શુભેચ્છકોના પ્રેમ અને આશીર્વાદ સાથે આ સુંદર નવા અધ્યાયમાં પ્રવેશ કરવો અદ્ભુત છે.

# દીપિકા અને રણવીર એક જ બોટમાં સવાર, બન્નેને અનેક ફિલ્મથી લેવી પડી રૂખસત


**દીપિકા પાદુકોણ પાસે ચાર મોટી ફિલ્મો છે**

**રણવીર સિંહ પાસે પ્રોજેક્ટ્સની કોઈ કમી નથી, પરંતુ તેમની ફિલ્મોમાં કંઈ સકારાત્મક થતું નથી**



એક તરફ દીપિકા પાદુકોણ છે, જેમણે પોતાની કારકિર્દીમાં અનેક બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે. પરંતુ શાહરૂખ ખાન તેનો ટેકો રહ્યો છે. બીજી તરફ તેના પતિ રણવીર સિંહ છે, જેનો અભિનય સ્વાદથી ભરપૂર છે. પરંતુ ચાહકોના દૃષ્ટિકોણથી, જૂનો રણવીર સિંહ હજુ પણ ગુમ છે, જેને તેઓ જોવા માટે ઉત્સુક છે અને તેના પાછા ફરવાની રાહ જુએ છે. અલબત્ત, દીપિકા અને રણવીર સિંહને હવે લોકો તરફથી વધુ પ્રેમ મળી રહ્યો છે. પરંતુ અભિનેતા તરીકે, બંને મજબૂત દાવેદાર છે. પરંતુ છેલ્લા કેટલાક મહિનામાં જે બન્યું છે તે તેમની આગામી ફિલ્મો માટે ખતરો ઉભો કરે છે? તે ફક્ત આપણે જ નથી, પરંતુ કેટલાક આંકડા એ પણ દર્શાવે છે કે મુશ્કેલી ક્યાંથી આવી રહી છે.દીપિકા પાદુકોણએ પોતાની કારકિર્દી શરૂ કરી ત્યારે શાહરૂખ ખાન તેનો પાર્ટનર હતો. મોટી એન્ટ્રી પછી, વસ્તુઓમાં સુધારો થયો, અને તેણીએ સારું પ્રદર્શન કરવાનું ચાલુ રાખ્યું. રણવીર સિંહે પણ સારી શરૂઆત કરી. સાથે મળીને, તેઓએ ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે. પરંતુ હવે, વસ્તુઓ તૂટી રહી હોય તેવું લાગે છે. તે ફિલ્મોના પ્રદર્શન વિશે નથી, પરંતુ તેણીની સતત ઘણી ફિલ્મો છોડી દેવા વિશે છે, જે લોકો સમક્ષ અભિનેતાની એક અલગ છબી રજૂ કરે છે.આ વર્ષના મે મહિનામાં સમાચાર આવ્યા કે દીપિકા પાદુકોણને દક્ષિણ ફિલ્મ "સ્પિરિટ" માંથી કાઢી મૂકવામાં આવી છે. તે આશ્ચર્યજનક હતું કારણ કે તે પ્રભાસની ફિલ્મ હતી, જેનું નિર્દેશન સંદીપ રેડ્ડી વાંગા દ્વારા કરવામાં આવ્યું હતું. એવું કહેવામાં આવતું હતું કે તેણીના ૮ કલાકની શિફ્ટ પર મતભેદ હતા, અને તેણીને પ્રોજેક્ટમાંથી દૂર કરવામાં આવી હતી. અત્યાર સુધી બધું બરાબર હતું, કારણ કે દીપિકાના ૮ કલાક કામ કરવાના નિર્ણયને ઘણા સ્ટાર્સનો ટેકો મળ્યો હતો.પરંતુ તે ફરી એકવાર પ્રભાસની બીજી ફિલ્મ "કલ્કી ૨૮૯૮ એડી" સાથે ચર્ચામાં આવી. આ ફિલ્મ ૨૦૨૪ માં રિલીઝ થઈ હતી અને ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુ કમાણી કરી હતી. દીપિકાએ પ્રભાસ સાથે મુખ્ય ભૂમિકા ભજવી હતી, અને હવે સિક્વલ પર કામ ચાલી રહ્યું છે. જોકે, નિર્માતાઓએ એક પોસ્ટ દ્વારા બધાને ચોંકાવી દીધા હતા જેમાં જાહેરાત કરવામાં આવી હતી કે દીપિકા હવે આ ફિલ્મનો ભાગ નથી. વાત ત્યાં જ અટકી ન હતી.

# જુના ચાકલિયામાં ઘુઘરદેવ મહાદેવ મંદિરની પાંડવકાલીન ગુફામાં ડાયનાસોરની હયાતી મળી !



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાનું જુના ચાકલીયા ગામ હાલમાં રાજ્ય સ્તરે ચર્ચામાં આવ્યું છે.અહીં આવેલું આશરે ૫ હજાર વર્ષ જૂનું પૌરાણિક ઘુઘરદેવ મહાદેવ મંદિર જેને પાંડવકાલીન માનવામાં આવે છે. તેની ગુફામાંથી અત્યંત ચોંકાવનારા અને પ્રાગૈતિહાસિક યુગના પુરાવાઓ મળી આવ્યા છે. ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની હેરિટેજ ઈમારતોની સર્વે કરતી ટીમેને સર્વે દરમિયાન ગુફાની અંદરથી ડાયનોસોરના પંજાના નિશાન હોવાનું પ્રાથમિક અનુમાન લગાવી શકાય તેવા પંજાના નિશાન મળી આવતા ધાર્મિક અને વૈજ્ઞાનિક જગતમાં ભારે ઉત્સુકતા ફેલાઈ હતી.લાંબા સમયથી સ્થાનિક લોકો ઘુઘરદેવ મહાદેવ મંદિરને પ્રવાસન ધામ યોજનામાં સમાવવા અને તેના વિકાસની માંગ કરી રહ્યા હતા.આ કાર્યવાહીના ભાગરૂપે ૧ જુલાઈ ૨૦૨૫ના રોજ ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની એક ટીમે મંદિર પરિસરનો સર્વે હાથ ધર્યો હતો. સર્વે દરમિયાન મંદિરની અંદર આવેલી સફેદ પથ્થરોની માટીની ગુફામાં ટીમને આશરે દોઢ વેંત લગભગ ૯ થી ૧૦ ઈંચ જેટલા કદના પગલાંના નિશાન મળી આવ્યા હતા.નિરીક્ષકોએ આ નિશાનોના કદ અને આકારના આધારે પ્રાથમિક અનુમાન લગાવ્યું છે કે આ નિશાન લાખો વર્ષ પૂર્વેના ડાયનોસોરના હોઈ શકે છે.પૌરાણિક મંદિરની ગુફાની અંદર ડાયનોસોરના પંજાના નિશાન હોવાની માહિતી મળતાં જ વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું. સ્થાના રિપોર્ટ બાદ દાહોદ જિલ્લા કલેક્ટર યોગેશ નિરગુડે ઝાલોદ પ્રાંત અધિકારી એ.કે ભાટિયા અને મામલતદાર શૈલેન્દ્ર પરમાર સહિત વહીવટી તંત્રની એક ઉચ્ચ સ્તરીય ટીમે મોડી સાંજે તાત્કાલિક જુના ચાકલીયા દોડી જઈ સ્થળનું નિરીક્ષણ કર્યું હતું.આ નિરીક્ષણ બાદ કલેક્ટરની અધ્યક્ષતામાં મંદિર ખાતે જ એક રાત્રી ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં જિલ્લા કલેક્ટરે પંથકના લોકોના પ્રશ્નો સાંભળ્યા હતા.ઘુઘરદેવ મહાદેવ મંદિરની ગુફામાં ડાયનોસોરના નિશાન મળવાની વાતથી સમગ્ર દાહોદ જિલ્લામાં ભારે ચર્ચા જાગી છે.

ઝાલોદ તાલુકાના ઘુઘરદેવ મહાદેવ મંદિરની ગુજરાત સરકારના યાત્રાધામ વિકાસ બોર્ડની એજન્સી દ્વારા સર્વે કરાયો હતો.જેમાં આ ટીમે ઘુઘરદેવ મહાદેવ મંદિરની ગુફામાં ડાયનોસોરના પંજાના નિશાન જણાતા હોવાનો રિપોર્ટ કર્યો હતો. ત્યાર બાદ કલેક્ટર સાહેબ દ્વારા મંદિરની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું.ડાયનોસોરના પંજાના નિશાન હોવાનો કોઈ ચોક્કસ રિપોર્ટ નથી.

એ.કે ભાટિયા પ્રાંત અધિકારી ,ઝાલોદ

ઘણા વર્ષો પહેલાના દરિયાઇ જીવોના નિશાન પણ હોઈ શકે છે

દાહોદ જિલ્લાના ઝાલોદ ઘુઘરદેવ મહાદેવ મંદિરમાં ગુજરાત સરકારના યાત્રાધામ વિકાસ બોર્ડના નેજા હેઠળ અતુલ્ય વારસો સંસ્થા અમારી ટીમ દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો.આ સર્વે દરમિયાન ગુફા માંથી પંજાના નિશાન મળ્યા હતા.જે બાબતે અમોએ રાજ્ય કક્ષાએ રિપોર્ટ કર્યો હતો.આ નિશાન ડાયનોસોરના હોવાનું જણાતું હતું પરંતુ આ નિશાનો ઘણા જ વર્ષો પહેલાના દરિયાઈ જીવોના પણ હોઈ શકે છે.

-કપિલ ઠક્કર અને રોનક રાણા , અતુલ્ય વારસો સંસ્થા ટીમ સભ્ય ,ગાંધીનગર

૧૦ થી ૧૫ કરોડ વર્ષ જૂના 'જુરાસિક યુગ'ના ફોસિલ અવશેષો મળ્યા

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના જુના ચાકલીયા ગામ પાસેની એક મંદિરની ગુફામાં 'ટીમ અતુલ્ય વારસો' દ્વારા અનાસ નદીના કિનારે સર્વેક્ષણ દરમિયાન કરોડો વર્ષ જૂના ફોસિલ (અશ્મિભૂત) અવશેષો મળી આવ્યા હતા.જેમાં પ્રાથમિક મુખ્ય તારણો પ્રમાણે આ અવશેષોનો સમયગાળો ૧૦૦ થી ૧૫૦ મિલિયન વર્ષ (૧૦ થી ૧૫ કરોડ વર્ષ) જૂના હોઈ શકે છે. જે સંભવતઃ જુરાસિક યુગના છે.અગાઉ પણ દાહોદમાંથી ડાયનાસોરના અવશેષો મળ્યા હોવાથી આ શોધ આ વિસ્તારના પ્રાચીન ઈતિહાસ અને જૈવ-વૈવિધ્યતાને સમજવા માટે સીમાચિહ્નરૂપ ગણાય છે. આ સ્થળે વધુ સંશોધન હાથ ધરવા માટે નિષ્ણાતો અને વિદ્વાનો દ્વારા ઊંડાણપૂર્વક અભ્યાસની જરૂર છે.ગુજરાત યાત્રા ધામ વિકાસ બોર્ડમાં કામ કરતી અતુલ્ય વારસો સંસ્થા દ્વારા ઘુઘરદેવ મંદિરમાં સર્વે કર્યા બાદ આ પોસ્ટ ટ્વિટ કરીને માહિતી આપી હતી.

ભૂતકાળમાં પણ ડાયનાસોરના ઈંડા મળ્યા છે

દાહોદ શહેરથી લગભગ ૮ કિલોમીટર દૂર આવેલા પાવડી ગામના એક મંદિરમાં ડાયનાસોરનું ઈંડું સિમેન્ટમાં જડેલું મળી આવ્યું હતું. આ સિવાય મીરાખેડી, વાણીયાવાવ અને ધોળીદાંતી ગામેથી પણ ભૂતકાળમાં અશ્મિઓ મળી આવ્યા હોઈ તે વિવિધ સ્થળે સંગ્રહી રખાયેલા છે.

લોકવાયકા મુજબ નાગ નીકળ્યો!

દાહોદ જિલ્લા કલેકટર સહિતની વહીવટી તંત્રની ટીમ દ્વારા ઘુઘરદેવ મહાદેવ મંદિરમાં નિરીક્ષણ કરવા માટે આવ્યા હતા.ત્યારે ગુફા પાસે કાળો નાગ નીકળ્યો હતો.લોકવાયકા મુજબ મંજૂરી વગર મંદિરમાં કોઈ તોડફોડ કે પથ્થરો હટાવવામાં આવે તો નાગદેવતાની હાજર થાય છે. ત્યારે કલેકટરના નિરીક્ષણ વખતે નાગ નીકળ્યો હતો. મંદિરમાં યોજાયેલી સભા જ્યાં સુધી પૂર્ણ ન થઇ ત્યાં સુધી નાગદેવતા તે જગ્યા છોડી ન હતી.

## ઝાલોદ નગરપાલિકા દ્વારા દશેરા રાવણ, કુંભકર્ણ અને મેઘનાથના પૂતળા બનાવવાની ચાલતી તૈયારીઓ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

આગામી ૨ ઓક્ટોબરના દિવસે વિજયા દશમીનો ઉત્સવ આવી રહેલ છે. વિજયા દશમી પર્વ અસત્ય પર સત્યના વિજય રૂપે ઉજવવામાં આવે છે. પ્રતિવર્ષ ઝાલોદ નગરપાલિકા દ્વારા દશેરા નિમિતે રાવણ દહનનો કાર્યક્રમ યોજવામાં આવતો હોય છે આ વર્ષે પણ ઝાલોદ નગરપાલિકા દ્વારા રાવણ, મેઘનાદ અને કુંભકર્ણના પૂતળા બનાવવામાં આવી રહેલ છે. આ પૂતળા બનાવવા માટે ઝાલોદ નગરપાલિકા દ્વારા દર વર્ષે ડુંગરપૂર (રાજસ્થાન) થી કારીગરો બોલાવવામા આવે છે. આ વર્ષે પણ આ કારીગરો દ્વારા નગર પાલિકાના નિર્દેશ મુજબ રાવણના પૂતળાની ઉંચાઈ ૪૦ ફૂટ તેમજ મેઘનાદ અને કુંભકર્ણના પૂતળાની સાઈઝ ૩૦-૩૦ ફૂટ રાખવામાં આવેલ છે. આ પૂતળાનુ દહન ઝલાઈ માતા મંદિર પાસે આવેલ ખુલ્લા ગ્રાઉન્ડમા સાંજે ૬ વાગ્યા પછી કરવામાં આવનાર છે.

## વેશભૂષા કાર્યક્રમ....



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૯ ।

"વરદાન સ્કાય" વસ્ત્રાલ (અમદાવાદ) ખાતે પ્રથમ નવરાત્રી મહોત્સવ-૨૦૨૫ યોજાયો. જેમાં સૌ ઉત્સાહી ભાવિકો એ ભાગ લીધો. નવ દિવસ આનંદમય વાતાવરણ માં ફ્લેટના આગેવાનોના સુચારું આયોજન થી શ્રી માતાજી ની આરાધના કરી સૌ ભાવવિભોર બન્યા. પાંચમા નોરતે વેશભૂષા નો કાર્યક્રમ ખૂબ જ રંગતમાં ઉજવાયો... સનાતન ધર્મ ની પરંપરા ને ઉજાગર કરી સૌ આનંદિત થયા.

## દેવગઢ બારીઆમા સંઘ શતાબ્દી વર્ષ રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્ય માટેના સંકલ્પ વર્ષની કરાઈ ઉજવણી



તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૯ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગર મા રાષ્ટ્રીય સંઘ સ્વયંસેવક સંઘ હિન્દુ સમાજ માં સંગઠન ની ભાવના નિર્માણ કરી વિજય વૃતિ સ્થાપિત કરવા ના શુભ હેતુ થી પ્રતિવર્ષ વિજયાદશમી ઉત્સવ ઉજવી સંઘ ના પ્રાચીન પરંપરા ને અનુસરી છે જે ભાગ રૂપે દેવગઢ બારીઆ નગર ના ના ભવન ખાતે આવેલ મેદાન મા સંઘ ના કાર્યકર્તા મોટી સંખ્યા મા એકત્રિત થયા હતા જેમાં મુખ્ય અતિથિ ગજેન્દ્રસિંહ નારાયણસિંહ ચૌહાણ તથા વક્તા શ્રી દિનેશભાઈ ડોડીયા પંચમહાલ વિભાગ પ્રચારક ની ઉપસ્થિતિ મા નાહર ભવન થી સંઘ કાર્યકર્તાઓ નું પથ સંચલન કરવા મા આવ્યું હતુ જેમાં નગર ના લોકો એ તમામ સ્વયંસેવકો પર પુષ્પ વર્ષા કરી સ્વાગત કર્યું હતું તથા શુભ આશિર્વચન આપ્યા હતા જે કાલે સ્વયંસેવકો ની ખૂબ મોટી વિશાળ સંખ્યા મા નગર મા રાષ્ટ્ર નિર્માણ અને હિંદુ સમાજ માં સંગઠન ની ભાવના જાગે તે હેતુ થી નગર મા વિજયાદશમી ના ભાગ રૂપે પથ સંચલન કરવા મા આવ્યું.

## ગોવિંદ ગુરુ લીમડી તાલુકો બનતા ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા વહીવટી કામગીરી અંગે નવીન ભવન માટે સ્થળ નિરીક્ષણ કરાયું

### લીમડી કુમાર પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં મામલતદાર અને તાલુકા પંચાયત કચેરી શરૂ કરવા નિર્ણય લેવાયો



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા સતત તાલુકાનો સર્વાંગી વિકાસ થાય અને લોકોની સુખાકારી વધે તે માટે અથાગ પ્રયત્નો કરી રહેલ છે જે અન્વયે તેઓ દ્વારા ગુજરાત સરકાર પાસે ઝાલોદ તાલુકામાં આવતા લીમડીને ગોવિંદ ગુરુ લીમડી તાલુકો બનાવવા ભલામણ કરેલ હતી. ગુજરાત સરકાર દ્વારા ગોવિંદ ગુરુ લીમડી તાલુકો બનાવવા માટે મંજૂરી આપતા ૧૩૦ વિધાનસભા ધારાસભ્ય મહેશ ભૂરીયાએ ભાજપના લોકપ્રિય નેતા તેમજ દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ,ગૃહમંત્રી અમિત શાહ સહિત ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત ભાજપના તમામ રાજકીય નેતાઓનો આભાર માન્યો હતો. ગોવિંદ ગુરુ લીમડી તાલુકો બનતા આ વિસ્તારના તમામ લોકોમાં સ્થાનિક જન સુવિધાઓ વધે તે માટે લીમડી ખાતે મામલતદાર કચેરી તેમજ તાલુકા પંચાયત કચેરી અને તેને લગતી તમામ વહીવટી કચેરીઓ માટે નવીન ભવન માટે સ્થળ નક્કી કરવા માટે ધારાસભ્ય મહેશ ભૂરીયા, મામલતદાર શૈલેન્દ્ર પરમાર, ટી.ડી.ઓ કે.એચ.ગઢવી દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવેલ હતું. ગોવિંદ ગુરુ લીમડી તાલુકો બનતા સ્થાનિક જનતાઓને જન સુવિધાઓ ત્વરિત મળી રહે તે માટે લીમડી કુમાર પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં મામલતદાર કચેરી, તાલુકા પંચાયત ઓફિસ સહિત તેને લગતી તમામ વહીવટી કામગીરી થઈ શકે તે માટે આ સ્થળ નક્કી કરવામાં આવેલ છે તેમજ ૨ ઓક્ટોબરના રોજ ધૂમધામ થી આ વહીવટી કચેરીઓ ચાલુ કરવામાં આવનાર છે.

## સંચાર-ક્રાંતિ, માહિતી ટેક્નોલોજી અને નવીનતાની ભાષા તરીકે હિન્દી નવા પરિમાણો બનાવી રહી છે - પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

। (પોસ્ટ) અમદાવાદ,તા.૨૯ ।

હિન્દી રાજભાષા હોવા સાથે ભારતની ગૌરવશાળી સાહિત્યિક પરંપરા અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધી ભાષા પણ છે. આ માત્ર સંવાદનું માધ્યમ જ નથી, પરંતુ અમારી સંવેદનાઓ, મૂલ્યો અને ઓળખની અભિવ્યક્તિ છે. વર્તમાન સમયમાં હિન્દીની પહોંચ માત્ર ભારત સુધી મર્યાદિત નથી રહી, પરંતુ આ ભાષાએ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પોતાની સશક્ત ઉપસ્થિતિ નોંધાવી છે. વિશ્વના અનેક દેશોમાં હિન્દી માત્ર બોલાતી જ નથી, પરંતુ તેને અભ્યાસ કરવામાં અને પ્રશંસા કરવામાં પણ આવે છે. આ ભાષા આપણા હૃદયની ભાવના છે, જે જીવનના દરેક રંગને સહજતાથી વ્યક્ત કરે છે. અમને હિન્દી પર ગર્વ છે, કારણ કે તે માત્ર અમારી માતૃભાષા અને રાજભાષા જ નથી, પરંતુ અમારી સંસ્કૃતિ, સભ્યતા અને આત્મસન્માનનું પ્રતિક પણ છે. તેથી હિન્દીને અપનાવવું, તેનો પ્રયોગ કરવો અને તેના વિકાસમાં સહભાગી બનવું દરેક ભારતીયનું કર્તવ્ય છે. ઉપરોક્ત વિચાર વરિષ્ઠ સાહિત્યકાર તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પોસ્ટ વિભાગ દ્વારા ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ ખાતે આયોજિત હિન્દી પખવાડિયાના સમાપન અને પુરસ્કાર વિતરણ સમારોહની અધ્યક્ષતા કરતાં વ્યક્ત કર્યા. આ અવસરે હિન્દી પખવાડિયા દરમિયાન યોજાયેલી વિવિધ સ્પર્ધાના વિજેતાઓને તેમણે પુરસ્કૃત કર્યા. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે હિન્દી પોતાની સરળતા, સુબોધતા અને વૈજ્ઞાનિકતાના કારણે વિશ્વની ત્રીજી સૌથી મોટી બોલાતી ભાષા બની ચૂકી છે. સમગ્ર વિશ્વમાં ૧ અબજ ૩૦ કરોડ લોકો હિન્દી બોલવા અને સમજવા સક્ષમ છે. હજારો વર્ષોથી લોકભાષા અને જનભાષા તરીકે હિન્દી ભારતીય સમાજના વ્યાપક હિસ્સાનું પ્રતિનિધિત્વ કરતી આવી છે. હિન્દી હવે માત્ર સાહિત્ય અને બોલચાલની ભાષા જ નહીં, પરંતુ વિજ્ઞાન-પ્રૌદ્યોગિકી, સંચાર ક્રાંતિ, માહિતી પ્રૌદ્યોગિકી અને વેપારની મહત્વપૂર્ણ ભાષા બની ગઈ છે. એ જ કારણસર ઑક્સફોર્ડ શબ્દકોશમાં ૧૮ હજારથી વધુ હિન્દી શબ્દોનો સમાવેશ થયો છે. ડિજિટલ યુગમાં વેબસાઈટ્સ, બ્લોગ્સ અને સોશિયલ મીડિયા મારફતે હિન્દીનો પ્રભાવ વધુ વધ્યો છે.

## દિવાળીના તહેવાર દરમિયાન નિગમ દ્વારા રાજ્યમાં એક્સ્ટ્રા કુલ ૨૬૦૦ ટ્રીપો સંચાલિત કરાશેઃ જેનો રાજ્યના પાંચ લાખથી વધુ મુસાફરોને મળશે લાભ

। (માહિતી) નડિયાદ, તા.૨૯ ।

રાજ્યના નાગરિકો દિવાળીના તહેવારની ઉજવણી પોતાના વતનમાં વધુ સારી રીતે કરી શકે તે માટે એસ.ટી નિગમ દ્વારા જુદા જુદા મોટા શહેરોને જોડતી દૈનિક કુલ ૨૬૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવાનું સફળ આયોજન કરવામાં આવશે .જેનો રાજ્યના અંદાજે પાંચ લાખથી વધુ મુસાફરોને લાભ મળશે તેમ, ગુજરાત રાજ્ય માર્ગ વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે. વધુમાં જણાવવામાં આવ્યું છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ અને વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં એસ.ટી નિગમ દ્વારા વર્ષ દરમિયાન આવતા વિવિધ તહેવારો અને ખાસ કરીને દિવાળીના તહેવારોમાં રાજ્યના નાગરિકોને કોઈ મુશ્કેલી ન રહે તે પ્રકારે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવે છે. આ વર્ષે દિવાળીના તહેવારો દરમિયાન ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના તમામ વિભાગ દ્વારા તા.૧૬ થી તા.૧૯ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન એક્સ્ટ્રા બસોનું સંચાલન હાથ ધરવામાં આવશે. મુસાફરોને દિવાળીના તહેવારો દરમિયાન પોતાના વતનમાં જવા માટે સુરત શહેરમાં રહેતા સૌરાષ્ટ,ઉત્તર ગુજરાતના રત્નકલાકારો ઉપરાંત દાહોદ અને પંચમહાલના શ્રમજીવીઓ માટે ૧૬૦૦ જેટલી એક્સ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર જવા માટે મુસાફરોએ સુરત શહેરના રામચોક અને મોટા વરાછા ખાતેથી એસ.ટી બસ મળશે. જ્યારે ઉત્તર ગુજરાત તથા અમદાવાદ માટે મુસાફરોને સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતેથી બસની સુવિધા પ્રાપ્ત થશે. આ ઉપરાંત દાહોદ તથા પંચમહાલના શ્રમજીવીઓ માટે સુરત સેન્ટ્રલ બસ સ્ટેશનની સામેના સુરત શહેરી બસ સ્ટેશન ખાતેથી તેમજ રામનગર રાંદેર રોડ સુરત ખાતેથી બસ મળી રહેશે. દિવાળીના તહેવારો દરમિયાન નિગમના સુરત વિભાગ ઉપરાંત અમદાવાદ, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, મહેસાણા, પાલનપુર સહિત અન્ય વિભાગો મળી મુસાફરોના ટ્રાફિકને પહોંચી વળવા અંદાજે ૧,૦૦૦ જેટલી એક્સ્ટ્રા બસો સંચાલન કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુસાફરો બસ સ્ટેશન ઉપરાંત એસ.ટી.દ્વારા નિમવામાં આવેલ બુકિંગ એજન્ટ, મોબાઈલ એપ, તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી પણ ઓનલાઈન ટિકિટનું બુકિંગ કરી શકશે. આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવનારને એસ.ટી. આપના દ્વારે યોજના અંતર્ગત મુસાફરોએ જણાવેલ જગ્યાએથી તેમના વતન સુધી પહોચાડવામાં આવશે તેમ, વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

## આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫: નડિયાદ બજાર સમિતિમાં વડાપ્રધાનશ્રીએ દેશ માટે કરેલા કાર્યોની કરી પ્રશંસા

। (માહિતી) નડિયાદ, તા.૨૯ ।

બજાર સમિતિ નડિયાદ ખાતે એક વિશિષ્ટ પત્ર લેખન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત રાજ્યભરના વિવિધ સહકારી મંડળીઓના પ્રતિનિધિઓને આમંત્રિત કરી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ દેશમાં થયેલા વિકાસલક્ષી અને પ્રગતિશીલ કાર્યો બદલ આભાર વ્યક્ત કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫ ની ઉજવણીના ભાગરૂપે યોજાયો હતો. આ પ્રસંગે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સહકારી ક્ષેત્રમાં લેવામાં આવેલા વિકાસાત્મક પગલાંઓ, નવી નીતિઓ, યોજનાઓ અને વિવિધ કાર્યક્રમો અંગે સહકારી મંડળીઓ દ્વારા પ્રધાનમંત્રીશ્રીને પત્ર લખીને આભાર અને અભિવાદન પ્રગટ કરવાનું ખાસ આયોજન હતું. બજાર સમિતિના અધ્યક્ષશ્રી અને અન્ય ઉપસ્થિત અધિકારીઓએ સહકારીતા અને વિકાસ ક્ષેત્રે સરકારની કામગીરીને વખણતા, આવનારા સમયમાં વધુ સહકારિતા અને વિકાસ માટે મંડળીઓ સાથે સંકલિત રીતે કાર્ય કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા સહકારી મંડળીઓમાં દેશપ્રેમ અને વિકાસની ભાવના વધુ પ્રગટ થવાની આશા વ્યક્ત કરવામાં આવી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું રૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે?

**કર્ક (ડ,હ) :**

આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. આજ નો દિવસ પ્રેમના રંગોમાં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે. તમે લાંબા ગાળાથી જેની કલ્પના કરી રહ્યા હતા.

**સિંહ (મ,ટ) :**

આજે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં. આજે તમે તમારા પ્રેમી સાથે ક્યાંક ફરવા જવા ની યોજના બનાવશો, પરંતુ કોઈ મહત્વપૂર્ણ કામ ના આગમન ને કારણે આ યોજના સફળ નહીં થાય.

**તુલા (ર,ત) :**

આજે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો.

**મકર (ખ,જ) :**

આજે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે જે કંઈ કરશો તેમાં ઊર્જાથી સભર હશો તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારી સ્વાસ્થ્ય તથા શક્તિ બચાવવાની આદત તમને ખૂબ જ મદદ કરશે કેમ કે તમે લાંબી મુસાફરી પર જવાની યોજના ઘડી રહ્યા છો. વ્યસ્ત સંયપત્રક છતાં તમે થાક સાથે આસાનીથી કામ પાડી શકશો. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે.

# સોનમ વાંગચુકના સંપર્કમાં હતો પાકિસ્તાનનો જાસૂસ

## લેહના પોલીસ મહાનિર્દેશક જમ્વાલે પર્યાવરણપ્રેમી સોનમ વાંગચુકને લેહ હિંસા માટે જવાબદાર ઠેરવ્યા

। (એજન્સી) લદ્દાખ, તા.૨૯ ।

લદ્દાખના પોલીસ મહાનિર્દેશક (DGP) એસ.ડી. સિંહ જમ્વાલે શનિવારે પર્યાવરણપ્રેમી સોનમ વાંગચુકને લેહ હિંસા માટે સંપૂર્ણપણે જવાબદાર ઠેરવતાં તેમના પાકિસ્તાન સાથેના સંબંધ અંગે દાવો કર્યો. તેમણે જણાવ્યું કે પોલીસએ વાંગચુકના સંપર્કમાં રહેલા પાકિસ્તાનના એક જાસૂસને થોડા સમય પહેલા જ ધરપકડ કરી હતી. તેણે વાંગચુકના વિરોધ પ્રદર્શનના વીડિયો સરહદ પાર મોકલ્યા હતા. ડીજીપીએ વાંગચુકની પાકિસ્તાન અને બાંગ્લાદેશ યાત્રાઓની પણ તપાસ થતી હોવાની માહિતી આપી. તેમણે કહ્યું કે, જોધપુર જેલમાં મોકલાયેલા સોનમે લદ્દાખમાં ચાલી રહેલા આંદોલનનો એક ખાસ એજન્ડા માટે ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો છે. વાંગચુકને પોલીસે શુક્રવારે લેહમાં હિંસા ભડકાવવાના આરોપ અને વિદેશી ફંડિંગના મામલામાં રાસુકા હેઠળ ધરપકડ કરી જોધપુર જેલમાં મોકલ્યા છે. લદ્દાખને રાજ્યનો દરજ્જો આપવા અને તેને છઠ્ઠી અનુસૂચિમાં સામેલ કરવાની માંગને લઈને ચાલી રહેલી ભૂખહડતાળનું નેતૃત્વ કરી રહ્યા હતા. આ હડતાળ દરમિયાન બુધવારે લેહમાં હિંસામાં ચાર લોકોના મોત થયા હતા અને ૯૦થી વધુ ઘાયલ થયા હતા. વાંગચુકે પોતાની ધરપકડની આશંકા વ્યક્ત કરતાં કહ્યું હતું કે- મારી ધરપકડ એક સ્વતંત્ર સોનમ વાંગચુક કરતા ઘણી વધુ ખતરનાક સાબિત થશે. લેહમાં પત્રકારો સાથેની વાતચીતમાં ડીજીપી એસ.ડી. સિંહ જમ્વાલે જણાવ્યું કે વાંગચુકના સંપર્કમાં રહેલા પાકિસ્તાની જાસૂસે લેહમાં થયેલા પ્રદર્શનના વીડિયો સરહદ પાર મોકલ્યા છે. અમારા પાસે તેનો સંપૂર્ણ રેકોર્ડ છે. તેમની પાકિસ્તાન અને બાંગ્લાદેશ યાત્રાઓની પણ તપાસ ચાલી રહી છે. તેઓ પાકિસ્તાનના એક મોટા મીડિયા સંસ્થા દ ડાન તરફથી આયોજિત કાર્યક્રમમાં ભાગ લેવા ગયા હતા. તેમના વિરુદ્ધની તપાસમાં ઘણી બાબતો સામે આવી રહી છે, જે હાલ જાહેર કરી શકાતી નથી. ડીજીપીએ દાવો કર્યો કે બુધવારની હિંસા માટે સોનમ સંપૂર્ણપણે જવાબદાર છે. તેમના સોશિયલ મીડિયા પ્રોફાઈલ અને ઈતિહાસ જુઓ, યુટ્યુબ પર તેમના વીડિયો જુઓ તો તમને સમજાશે. તેમનો પોતાનો એક એજન્ડા છે. તેમણે અરબ સ્પ્રિંગ અને નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં તાજેતરમાં થયેલી અશાંતિ અને હિંસાનો જે રીતે ઉલ્લેખ કર્યો છે, તે તેમના એજન્ડાનો જ એક ભાગ છે. તેઓ લદ્દાખમાં ચાલી રહેલા આંદોલનને વાળવી અને કેન્દ્ર તથા લદ્દાખના પ્રતિનિધિઓ વચ્ચેની વાર્તાલાપ પ્રક્રિયાને નિષ્ફળ બનાવવા કાવતરું કરી રહ્યા હતા. ડીજીપી અનુસાર, વાંગચુકે લદ્દાખમાં ચાલી રહેલા આંદોલનને પોતાના હિત માટે હાઈજેક કરવાનો પ્રયાસ કર્યો અને કેન્દ્ર-લદ્દાખ વચ્ચેની વાતચીતને ખોરવી નાખી. પોલીસ મહાનિર્દેશકે બુધવાર, ૨૪ સપ્ટેમ્બરની હિંસા અંગે જણાવ્યું કે અનશન સ્થળે અચાનક ભીડ વધી ગઈ, જેમાં અનેક અસામાજિક તત્ત્વો સામેલ હતા. લગભગ પાંચ-છ હજાર પ્રદર્શનકારીઓએ શહેરમાં પ્રદર્શન શરૂ કરી દીધા અને હિંસા પર ઉતરી આવ્યા. જે ઈમારતને સળગાવવામાં આવી હતી, ત્યાં ત્રણ મહિલા પોલીસ અધિકારી પણ ફસાઈ ગયા હતા. એટલા મોટા હુમલાથી પોતાને બચાવવા માટે સુરક્ષાબળને આત્મરક્ષામાં ગોળી ચલાવવી પડી.

## ન્યુઝ બોક્ષ

### પાકિસ્તાને હવે અર્શદીપ સિંહ સામે ICCમાં નોંધાવી ફરિયાદ

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૯ ।

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ભારતીય ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ સામે ICCમાં ફરિયાદ નોંધાવી છે. PCBનો આરોપ છે કે, અર્શદીપે દર્શકો તરફ વાંધાજનક ઈશારા કર્યા હતા. પાકિસ્તાન ન્યૂઝ વેબસાઈટ જિઓ ટીવીએ તેને લઈને એક રિપોર્ટ પ્રકાશિત કર્યો છે. રિપોર્ટમાં એ વાતનો દાવો કરવામાં આવ્યો છે કે, આ ઘટના ૨૧ સપ્ટેમ્બરની છે. જેમાં એશિયા કપ ૨૦૨૫ની ભારત અને પાકિસ્તાનની સુપર ચાર મેચ પૂરી થયા પછી અર્શદીપે દર્શકો સામે વાંધાજનક ઈશારા કર્યા હતા. પોતાની ફરિયાદમાં PCBએ કહ્યું કે, અર્શદીપ સિંહે ICCના કોડ ઓફ કન્ડકટનો ભંગ કર્યો છે. ફરિયાદ અનુસાર અર્શદીપનું વર્તન અનૈતિક હતું અને તેનાથી રમતની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું. PCBએ ભારતના ફાસ્ટ બોલર સામે કોડ ઓફ કંડક્ટનું ઉલ્લંઘન કરવા પર કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. હાલમાં જ ભારત અને પાકિસ્તાન વચ્ચે મેદાન પર થયેલા વિવાદ બાદ ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને હારિસ રઉફ ICCના કોડ ઓફ કન્ડકટના દોષી સાબિત થયા હતા. સૂર્યકુમાર યાદવ અને હારિસ રઉફ બંને પર ૩૦ ટકા દંડ ફટકારાયો હતો. તેને લઈને BCCI અને PCB બંનેએ નિર્ણયને પડકાર્યો હતો. નોંધનીય છે કે, એશિયા કપ ૨૦૨૫માં સૂર્યકુમાર યાદવે પાકિસ્તાન સામે ગ્રુપ સ્ટેજમાં મળેલી જીત પહલગામ હુમલાના પીડિતો અને ભારતીય સેનાને સમર્પિત કરી હતી. આ દરમિયાન સૂર્યા અને ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાનના ખેલાડીઓ સામે કોઈપણ મેચમાં હાથ મિલાવ્યો નહોતો.

### ઘણાં મૌલાના ભાજપ સાથે મળેલા છે : કોંગ્રેસ નેતા

। (એજન્સી) બરેલી, તા.૨૯ ।

કોંગ્રેસના નેતા ઉદિત રાજે ઉત્તર પ્રદેશના બરેલીમાં હિંસા પર થયેલા લાઠીચાર્જની નિંદા કરી છે. તેમણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના આ નિવેદનની પણ આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, ઘણાં મૌલાના ભાજપ સાથે જોડાયેલા છે અને ભાજપની મિલીભગતથી હિંસા થઈ રહી છે. ભાજપ પર પ્રહાર કરતા કોંગ્રેસના નેતા ઉદિત રાજે કહ્યું, ઘણા મૌલવીઓએ ભાજપ સાથે હાથ મિલાવ્યા છે અને દેશને હિન્દુ-મુસ્લિમ રાખવો તેમના હિતમાં છે. આઈ લવ મોહમ્મદએ બજરંગ બલીની જય અને જય શ્રી રામ જેવા નારા જેવું જ છે. આ અંગે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. બરેલી ઘટનાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. દોષિતોને સજા થવી જોઈએ. ઉત્તર પ્રદેશ સરકાર પર નિશાન સાધતા ઉદિત રાજે કહ્યું કે, યોગી સરકાર તપાસમાં દોષિતો સામે કાર્યવાહી નહીં કરે, પરંતુ તપાસને આગળ વધારશે. એ પણ શક્ય છે કે જે નિર્દોષ છે તેની ધરપકડ કરવામાં આવે. આ ઘટના મિલીભગતનું પરિણામ હોઈ શકે છે, તેથી કોઈ પણ ઘટનાને નકારી શકાય નહીં. આઈ લવ યોગી આદિત્યનાથ અને આઈ લવ અખિલેશ યાદવ પોસ્ટર પર ઉદિત રાજે કહ્યું કે, આ લાગણીઓ વ્યક્ત કરવાની એક રીત છે અને કોઈને પણ તેનાથી કોઈ સમસ્યા ન હોવી જોઈએ. પરંતુ આઈ લવ મોહમ્મદ પોસ્ટર લઈને ચાલનારાઓએ કંઈ ખોટું ન કરવાની કાળજી રાખવી જોઈએ. ભારત-પાકિસ્તાન એશિયા કપ ફાઈનલ અંગે કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા ઉદિત રાજે કહ્યું કે, વિદેશ મંત્રીએ બીજા દેશમાં નિવેદન આપ્યું હતું કે પાકિસ્તાન આતંકવાદનું કેન્દ્ર છે.

### ચોરને પકડવા ગયેલી પોલીસ પર પથ્થરમારો અને ફાયરિંગ

। (એજન્સી) નૂંહ, તા.૨૯ ।

હરિયાણાના નૂંહમાં રવિવારે હિંસા થઈ હતી. ચોર પકડવા માટે આવેલી પોલીસ પર પથ્થરમારો થયો હતો. આ ટોળાએ આટલેથી જ ન અટકતાં પોલીસ પર ગોળીબાર કર્યો હોવાના પણ અહેવાલ મળ્યા છે. જેનાથી નૂંહમાં તણાવ સર્જાયો હતો. પથ્થરમારો કરનારા આરોપીના સમર્થક હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત લાગુ કર્યો છે. આરોપીના સમર્થકોએ પોલીસ પર ગેરકાયદે રાઈફલ્સ વડે ગોળીઓ ચલાવી હતી. આ ઘટનામાં અનેક પોલીસકર્મી ઘાયલ થયા હોવાના અહેવાલ છે. પોલીસે જવાબી કાર્યવાહી હાથ ધરી હોવાના પણ અહેવાલ છે. પોલીસે આશરે ૭-૮ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ મામલે ૧૩ આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ૯૦થી વધુ લોકો વિરૂદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. જેમાંથી ૩૦ની ઓળખ થઈ છે. આ ઘટના નૂંહના બિછૌરા ગામની છે. બિછૌરા ગામમાં પોલીસ એક ચોરને પકડવા માટે પહોંચી હતી. જ્યાં સ્થાનિક લોકોએ ઘરમાંથી બહાર નીકળી પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. બાદમાં ગોળીબાર પણ ચાલુ કર્યો હતો. પોલીસે પણ સામે કાર્યવાહી હાથ ધરતાં ૮ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

## સોનમ વાંગચુકની ધરપકડ પર બોલ્યા રાહુલ ગાંધી

# લદાખની સંસ્કૃતિ પર હુમલો કરી રહ્યા છે ભાજપ-RSS

### હત્યા બંધ કરો, ડરાવવાનું અને ધમકાવવનું બંધ કરો, લદાખને તેમનો અવાજ આપો : રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।




લદાખમાં થયેલા હિંસક પ્રદર્શનો અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકની ગેરકાયદે પ્રવૃત્તિઓ હેઠળ થયેલી ધરપકડને લઈને રાજકારણ ગરમાયું છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરીને હિંસા માટે ભાજપ-આરએસએસને જવાબદાર ઠેરવ્યા છે. બીજી તરફ, આ મુદ્દે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે શાબ્દિક યુદ્ધ છેડાયું છે.

રાહુલ ગાંધીએ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું કે, 'લદાખની અદ્ભુત જનતા, સંસ્કૃતિ અને પરંપરાઓ ભાજપ અને આરએસએસના નિશાના પર છે. લદાખના લોકોએ માત્ર પોતાનો અવાજ ઉઠાવ્યો, જેના જવાબમાં ભાજપે ચાર યુવકોની હત્યા કરી અને સોનમ વાંગચુકને જેલમાં પૂરી દીધા. હત્યા બંધ કરો, ડરાવવાનું અને ધમકાવવનું બંધ કરો, લદાખને તેમનો અવાજ આપો, તેમને છઠ્ઠી અનુસૂચિનો અધિકાર આપો. રાહુલ ગાંધીના નિવેદન પહેલાં AAPએ વાંગચુકની ધરપકડ પર તેમની ચૂપકીદી પર સવાલ ઉઠાવ્યો હતો. AAPએ રાહુલ ગાંધી દ્વારા PM મોદીને ગળે ગાવવાની તસવીર શેર કરીને નિશાન સાધ્યું છે. આપે કહ્યું કે 'પ્રખ્યાત સમાજસેવી વાંગચુક પર દેશદ્રોહનો ખોટો કેસ કરીને નરેન્દ્ર મોદીની તાનાશાહી સરકારે તેમને જેલમાં પૂરી દીધા, જોકે આ મામલે રાહુલ ગાંધીએ કથિત રીતે મૌન ધારણ કર્યું છે. આ પહેલા રાહુલ ગાંધીએ ભારત-પાકિસ્તાન મેચ યોજવા મામલે મૌન ધારણ કર્યું હતું.' આપે રાહુલને પૂછ્યું છે કે, 'આપણે ઓપરેશન સિંદૂરમાં કેટલા વિમાનો ગુમાવ્યા, તેઓ વાંગચુક મામલે ચુપ કેમ છે? શું રાહુલ ગાંધી ભાજપના એજન્ટ છે? આના પરથી એવું લાગી રહ્યું છે કે, રાહુલ ગાંધી માત્ર કેમેરા સામે જ કેટલાક મુદ્દાઓ પર ભાજપનો વિરોધ કરે છે. જ્યારે દેશભરમાં કોઈ મુદ્દો ભાજપ વિરુદ્ધ ચાલતો હોય છે, ત્યારે રાહુલ ગાયબ થઈ જાય છે.' કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ કેન્દ્ર સરકારની ટીકા કરીને વાંગચુકની ધરપકડનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'લદાખમાં સરકારની શરમજનક નિષ્ફળતા અને વાંગચુકની NSA હેઠળ ધરપકડનો કોંગ્રેસ વિરોધ કરે છે.

## રાજીવ શુક્લા ઉપપ્રમુખ તરીકે ચાલુ રહેશે

# મિથુન મનહાસને BCCIના નવા પ્રમુખ તરીકે નિયુક્ત કરાયા




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

મિથુન મનહાસને બીસીસીઆઈના નવા પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજીવ શુક્લા ઉપપ્રમુખ તરીકે ચાલુ રહેશે. કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશન (KSCA)ના વર્તમાન પ્રમુખ અને ભૂતપૂર્વ ભારતીય સ્પિનર રઘુરામ ભટ ખજાનચી રહેશે. KSCA ના પ્રમુખ તરીકેનો તેમનો કાર્યકાળ ૩૦ સપ્ટેમ્બરના રોજ સમાપ્ત થાય છે. દેવજીત સૈકિયા સચિવ તરીકે ચાલુ રહેશે, જ્યારે પ્રભતેજ ભાટિયાને સંયુક્ત સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ દરમિયાન, BCCI માં અન્ય હોદ્દાઓ પર પણ મહત્વ પૂર્ણ નિમણૂકો કરવામાં આવી છે. જયદેવ નિરંજન શાહને એપેક્સ કાઉન્સિલમાં ચૂંટવામાં આવ્યા છે. અરુણ સિંહ ધુમલ અને એમ. ખૈરુલ જમાલ મજરૂમદારને ગવર્નિંગ કાઉન્સિલમાં ચૂંટવામાં આવ્યા છે. આ રીતે, BCCI ની નવી કાર્યકારી સમિતિ આગામી કાર્યકાળ માટે કાર્યભાર સંભાળશે અને ભારતીય ક્રિકેટની કાર્યપ્રણાલી અને નીતિઓ સંબંધિત મહત્વ પૂર્ણ નિર્ણયો લેશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ નવી કારોબારી સમિતિની રચના કરી છે. ચૂંટણી અધિકારીએ ૨૮ સપ્ટેમ્બર, શુક્રવારના રોજ મુંબઈમાં યોજાયેલી વાર્ષિક સામાન્ય સભા (AGM)માં નવા પદાધિકારીઓના નામ જાહેર કર્યા. આ બેઠક બાદ, ભારતીય ક્રિકેટની કમાન હવે નવા હાથમાં સોંપાઈ ગઈ છે.




દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, સંયુક્ત આરબ અમીરાત ખાતે પાકિસ્તાન સામે એશિયા કપ ક્રિકેટ ફાઇનલમાં ભારતની જીત બાદ, ડાબેથી ભારતના અર્શદીપ સિંહ, સાથી ખેલાડીઓ તિલક વર્મા, હાર્દિક પંડ્યા અને અભિષેક શર્મા સાથે સેલ્ફી લે છે.

## સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ ચૂટણી પંચ સામે બે લાખનો દંડ ફટકાર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ રાજ્ય ચૂંટણી પંચ સામે કડક કાર્યવાહી કરી છે. કોર્ટે ઉત્તરાખંડ હાઈકોર્ટ દ્વારા કમિશનના ગેરબંધારણીય સ્પષ્ટીકરણ પરના સ્ટેને પડકારતી અરજીને ફગાવવા સાથે તેમના પર બે લાખનો દંડ ફટકાર્યો છે.ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદિપ મહેતાની બેન્ચે પ્રશ્ન ઉઠાવ્યો કે કમિશન બંધારણીય જોગવાઈનું ઉલ્લંઘન કેવી રીતે કરી શકે. હાઈકોર્ટે કમિશનના સ્પષ્ટીકરણ પર સ્ટે મુક્યો હતો,

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**ખામીયુક્ત/વધુ પડતા ટેલિકોમ ગિયર્સ અને ઉપકરણોની સુરક્ષા અને વિશ્વસનીયતામાં સુધારો અને ફેરબદલ**

ટેન્ડર નંબર ૩૧-૨૦૨૫

પશ્ચિમ રેલ્વે, ભાવનગરના ડિવિઝનલ રેલ્વે, મેનેજર (એસ એન્ડ ટી) નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

કાર્યનું નામ:ભાવનગર વિભાગઃ સલામતી અને વિશ્વસનીયતા ખામીયુક્ત/વધુ જૂના ટેલિકોમ ગિયર્સમાં સુધારો અને ફેરબદલ અને સાધનો

અંદાજિત કિંમતઃ ₹૨૧૯૨૭૧૩૭.૮૯/- (રૂ. બે કરોડ ઓગણીસ લાખ સત્તાવીસ હજાર એકસો સાતત્રીસ રૂપિયા અને ઓગણચાસી પૈસા માત્ર)

બોલી લગાવનારાઓએ ફક્ત www.ireps.gov.in લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૭/૧૦/૨૦૨૫ ૧૫.૦૦ કલાક સુધી.

BVP 145

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે તાજેતરમાં કહ્યું

# બુલેટ ટ્રેનનું ભાડું એસી ફર્સ્ટ-ક્લાસ ભાડાની આસપાસ હશે

### દેશની પ્રથમ બુલેટ ટ્રેન ટૂંક સમયમાં કાર્યરત થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।



છેલ્લા કેટલાક વર્ષોથી, દેશની પ્રથમ બુલેટ ટ્રેન શરૂ કરવા માટે કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. જ્યારે પણ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ચર્ચા થાય છે, ત્યારે લોકો વારંવાર પૂછે છે કે, બુલેટ ટ્રેન આખરે ક્યારે શરૂ થશે? રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે તાજેતરમાં આ પ્રશ્નનો જવાબ આપ્યો હતો. મંત્રીએ જણાવ્યું હતું કે દેશની પ્રથમ બુલેટ ટ્રેન ટૂંક સમયમાં કાર્યરત થશે.

તેમણે જણાવ્યું હતું કે મુંબઈ અને અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેનનો પહેલો ભાગ જાન્યુઆરી ૨૦૨૭માં કાર્યરત થશે. બીજા ભાગમાં મુસાફરી કરવા માટે બે વર્ષ રાહ જોવી પડશે. હા, જો તમે મુંબઈથી અમદાવાદ મુસાફરી કરવા માંગતા હો, તો તમારે ૨૦૨૯ સુધી રાહ જોવી પડશે. વર્તમાન આયોજન મુજબ, તમે ૨૦૨૯માં મુંબઈથી અમદાવાદ સીધા બુલેટ ટ્રેન દ્વારા મુસાફરી કરી શકો છો.

નેશનલ હાઈ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ મુંબઈ અને અમદાવાદ વચ્ચે ૫૦૮ કિમીના હાઈ-સ્પીડ રેલ કોરિડોર પર ઝડપથી કામ કરી રહી છે. દેશની પ્રથમ બુલેટ ટ્રેન ગુજરાત, મહારાષ્ટ્ર અને દાદરા નગર હવેલીમાંથી પસાર થશે. રેલવે મંત્રીના જણાવ્યા મુજબ, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનનો પહેલો ભાગ સુરત અને બિલીમોરા વચ્ચે હશે, જે ૨૦૨૭માં કાર્યરત થવાનો છે. તેમણે જણાવ્યું હતું કે કામ ઝડપથી ચાલી રહ્યું છે. સુરત-બિલીમોરા સેક્શન ૨૦૨૭માં કાર્યરત થશે. ત્યારબાદ, ટ્રેન સેવા ૨૦૨૮ સુધીમાં થાણે અને ૨૦૨૯ સુધીમાં મુંબઈ પહોંચશે. ટ્રેનની લોન્ચ તારીખ વિશે માહિતી મળ્યા પછી, લોકો હવે તેના ભાડા વિશે પૂછી રહ્યા છે. રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને બુલેટ ટ્રેનના ભાડા સસ્તા રાખવામાં આવશે. તેમણે કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે સામાન્ય લોકો પણ આ ટ્રેનની મુસાફરીનો આનંદ માણી શકે. આનાથી મુસાફરોને ઝડપી અને આરામદાયક મુસાફરી મળશે. તાજેતરમાં, જ્યારે રેલવે મંત્રીને બુલેટ ટ્રેનના ભાડા વિશે વિગતવાર પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે તે ફર્સ્ટ-ક્લાસ ટ્રેનના ભાડા કરતા વધારે અને હવાઈ મુસાફરી કરતા ઓછું હશે. આ નિવેદનથી સ્પષ્ટ થયું કે બુલેટ ટ્રેનનું ભાડું એસી ફર્સ્ટ-ક્લાસ ભાડાની આસપાસ હશે. તાજેતરમાં, જ્યારે રેલવે મંત્રીને બુલેટ ટ્રેનના ભાડા વિશે વિગતવાર પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે તે ફર્સ્ટ-ક્લાસ ટ્રેનના ભાડા કરતા વધારે અને હવાઈ મુસાફરી કરતા ઓછું હશે. આ નિવેદનથી સ્પષ્ટ થયું કે બુલેટ ટ્રેનનું ભાડું એસી ફર્સ્ટ-ક્લાસ ભાડાની આસપાસ હશે.

## દબાણ કરતા અમેરિકાને રશિયાનો સણસણતો જવાબ

# ભારત અમારું ગાઢ મિત્ર, તેમની વિદેશ નીતિનું સન્માન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।



સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સંબોધન બાદ રશિયાએ ભારતના ભરપૂર વખાણ કરીને, અમેરિકાને સણસણતો જવાબ આપ્યો છે. વાસ્તવમાં યુક્રેન સાથે યુદ્ધ કરી રહેલા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ન ખરીદવા અમેરિકા ભારત પર દબાણ કરી રહ્યું છે. ત્યારે રશિયાએ સ્પષ્ટ કહ્યું છે કે, તેઓ ભારતની વિદેશ નીતિ અને રાષ્ટ્રીય હિતોને સંપૂર્ણ સ્વિકારે છે અને ભારત-રશિયાના સંબંધો વચ્ચે કોઈ ત્રીજા દેશના દબાણને નહીં આવવા દે.' સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં રશિયન વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે કહ્યું કે, 'ભારત-રશિયા વચ્ચે વિશેષ ભાગીદારી છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અપનાવાયેલી સ્વતંત્ર વિદેશ નીતિનું અમે સન્માન કરીએ છીએ. બંને દેશો વચ્ચે સતત ઉચ્ચ સ્તરીય વાતચીત થતી રહે છે.' તેમણે ચીનના શાંઘાઈ સહકાર સંગઠનમાં પીએમ મોદી અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે થયેલી મુલાકાતનો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'પુતિન ડિસેમ્બરમાં ભારત પ્રવાસે જઈ શકે છે.' અમેરિકા અનેક દેશો પર દબાણ કરીને રશિયા પાસેથી તેલ ખરીદી ઘટાડવા કહી રહ્યું છે, પરંતુ ભારત અમેરિકાની વાત માનતું નથી, તેવું પૂછવામાં આવતા લાવરોવે કહ્યું કે, 'અમે ભારતના રાષ્ટ્ર હિતનું અને મોદીજીની વિદેશ નીતિનું સન્માન કરીએ છીએ. ભારત પોતાની જરૂરીયાત મુજબ નિર્ણય લેવામાં સક્ષમ છે અને આ માટે રશિયા કોઈપણ પ્રકારનું દબાણ કરતું નથી.' તેમણે એમ પણ કહ્યું કે, ભારત અને રશિયા વચ્ચે વેપાર, સૈન્ય, ટેકનોલોજી ભાગીદારી, નાણાંકીય, માનવીય મામલા, આરોગ્ય સેવાઓ, ઉચ્ચ ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિ સહિત અનેક સેક્ટરોમાં ભાગીદારી છે. એટલું જ નહીં એસસીઓ અને બ્રિક્સ જેવા આંતરરાષ્ટ્રીય મંચો પર પણ ભારત-રશિયા વચ્ચે ખાસ ભાગીદારી કાયમ છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્ર દરમિયાન લાવરોવે વિદેશ મંત્રી એસ.જયશંકર સાથે પણ મુલાકાત કરી હતી. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા કરી હીત અને બ્રિક્સ દેશોના વિદેશ મંત્રીઓની વાર્ષિક બેઠકમાં પણ ભાગ લીધો હતો.

### લોકો ગભરાઈને ઘરમાં સંતાયા તો માથે સંકટ આવ્યું!

# વાવાઝોડાએ નવસારીમાં વિનાશ વેર્યો, ૩૫૦ જેટલા ઘરની છત ઉડી

## નવસારીમાં વાવોઝાડા અને વરસાદથી ચીખલી-વાંસદામાં ભારે નુકસાની સર્જાઈ : ૨૨ ગામોમાં તારાજીના દ્રશ્યો સર્જાઈ

**। (એજન્સી) નવસારી, તા.૨૯ ।**

નવસારીમાં ગત રાત્રે ત્રાટકેલા વાવાઝોડામાં ચીખલી અને વાંસદા તાલુકાના ગામડાઓમાં ભારે તારાજી, ચીખલીના તલાવચોરા ગામે વાવાઝોડા જેવા તોફાની વંટોળને કારણે અનેક ઘરોના પતરા ઉડ્યા, વાવાઝોડામાં ઘરોના પતરા ઉડતા ઘરમાં બાળકો સાથે સુતેલા લોકો જીવ બચાવી ભાગ્યા હતા. વાવાઝોડામાં અનેક લોકોએ ખુલ્લા આકાશમાં રહેવાની નોબત, વાવાઝોડાને કારણે ગામડાઓની સ્થિતિનો તાગ મેળવવા જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રેએ તલાવચોરા સહિતના ગામડાઓમાં કરી મુલાકાત, ગણદેવીના ધારાસભ્ય નરેશ પટેલ અને જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાલાલ શાહ સહિત ભાજપ અગ્રણીઓ પણ તલાવચોરા પહોંચ્યા. કલેક્ટર સાથે પ્રથમ લોકોને છત આપવા સાથે તેમના રહેવા અને ખાવાની વ્યવસ્થા કરવા ધારાસભ્યે ભાર આપ્યો, ગામમાં વીજળી નહીં હોવાથી પ્રથમ લોકોને પીવાનું પાણી મળે એવી માંગ, કલેક્ટર દ્વારા નવસારી મહાનગર પાલિકાની ટીમોને સ્થળ ઉપર ઉતારવાની કરી તૈયારી, લોકોને તાત્કાલિક જરૂરી મદદ મળી રહે એની કલેક્ટરે આપી ખાતરી. સીણધઈના સ્થાનિક સોમલીબેન કહ્યું કે, નવસારી જિલ્લામાં વરસાદ અને વંટોળ સાથે આવેલા વાવાઝોડાને કારણે ચીખલી તાલુકાના તલાવચોરા ગામે સૌથી વધુ તારાજી સર્જાય હતી. જેમાં પણ તલાવચોરા રાજા ફળિયા, શામળા ફળિયામાં અંદાજે ૧૦૦ થી વધુ ઘરોના પતરા ઉડ્યા હતા. રાતે અચાનક વંટોળમાં વાહનો પણ અટવાયા હતા. વંટોળ અને વરસાદથી બચવા ઘરમાં સૂતેલા પટેલ પરિવાર બાળકો સાથે પોતાનો જીવ બચાવી ઘરમાંથી બહાર નીકળી નજીકના ઘરમાં આસરો લીધો હતો. પરંતુ થોડા સમય માટે વાયેલા વાવાઝોડામાં ઘરના પતરા ઉડી જવાથી ઘરનું ફર્નિચર, અનાજ, ગાદલા, ગોદલા સહિતનો સામાન પલળી જતા પરિવારને ભારે નુકશાન થયુ હતું. જ્યારે ઘરના ૬૦ પતરા ઉડી જતા સામાન્ય પગાર મેળવતો પરિવાર કેવી રીતે ઘરની છત મેળવશે એની ચિતામાં મુકાયો છે. અન્ય સ્થાનિક રહેવાસી રમેસભાઈએ કહ્યું કે, નવસારીમાં ગધરાતે આવેલા તોફાની વાવાઝોડાએ વાંસદા તાલુકાના સીણધઈ ગામને તહેસનહેસ કરી નાખ્યું છે. ગત રાતે દસ વાગ્યા આસપાસ અચાનક તોફાની પવનો સાથે ઉઠેલા વંટોળે ગામના લોકોને માથેથી છત છીનવી લીધી છે. તોફાની વાવાઝોડામાં ૧૫૦ થી વધુ ઘરોના પતરા તેમજ નડ્યા ઉડી ગયા. લોકો ગભરાઈને પોતાના ઘરમાં સંતાયા પણ પત્ર અને નળિયા ઉડીને નીચે પડતા કેટલાક લોકો ઘાયલ પણ થયા હતા. થોડી મિનિટો માટે આવેલા વાવાઝોડાય કુદરતનો પ્રકોપ બતાવી દીધો હતો. આખા સીણધઈ ગામમાં તારાજી સરજી દીધી હતી. જોકે વાવાઝોડું શમ્યા બાદ લોકોની સ્થિતિ વિકટ બની હતી. કારણ ગામના તમામ વીજળીના થાંભલાઓ તૂટી પડ્યા હતા, જેના કારણે વીજળી ગુલ થઈ હતી. સાથે જ ઝાડ ઘરો ઉપર પડવાને કારણે દીવાલો પણ તૂટી પડી હતી.

### લાખો મુસાફરોને મળશે લાભ

# દિવાળીના તહેવારમાં ૨૬૦૦ એક્સ્ટ્રા બસ દોડાવશે ST વિભાગ

## દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે, દિવાળી પર મોટી સંખ્યામાં લોકો પોતાના વનતમાં જતા હોય છે

**।(એજન્સી) ગાંધીનગર, તા.૨૯।**

રાજ્યના નાગરિકો દિવાળીના તહેવારની ઉજવણી પોતાના વતનમાં વધુ સારી રીતે કરી શકે તે માટે એસ.ટી નિગમ દ્વારા જુદા જુદા મોટા શહેરોને જોડતી દૈનિક કુલ ૨૬૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવાનું સફળ આયોજન કરવામાં આવશે .જેનો રાજ્યના અંદાજે પાંચ લાખથી વધુ મુસાફરોને લાભ મળશે તેમ, ગુજરાત રાજ્ય માર્ગ વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે. વધુમાં જણાવવામાં આવ્યું છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં એસ.ટી નિગમ દ્વારા વર્ષ દરમિયાન આવતા વિવિધ તહેવારો અને ખાસ કરીને દિવાળીના તહેવારોમાં રાજ્યના નાગરિકોને કોઈ મુશ્કેલી ન રહે તે પ્રકારે આ વર્ષે દિવાળીના તહેવારો દરમિયાન ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના તમામ વિભાગ દ્વારા તા.૧૬ થી તા.૧૯ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન એક્સ્ટ્રા બસોનું સંચાલન હાથ ધરવામાં આવશે. મુસાફરોને દિવાળીના તહેવારો દરમિયાન પોતાના વતનમાં જવા માટે સુરત શહેરમાં રહેતા સૌરાષ્ટ,ઉત્તર ગુજરાતના રત્નકલાકારો ઉપરાંત દાહોદ અને પંચમહાલના શ્રમજીવીઓ માટે ૧૬૦૦ જેટલી એક્સ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર જવા માટે મુસાફરોએ સુરત શહેરના રામચોક અને મોટા વરાછા ખાતેથી એસ.ટી બસ મળશે. જ્યારે ઉત્તર ગુજરાત તથા અમદાવાદ માટે મુસાફરોને સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતેથી બસની સુવિધા પ્રાપ્ત થશે.

આ ઉપરાંત દાહોદ તથા પંચમહાલના શ્રમજીવીઓ માટે સુરત સેન્ટ્રલ બસ સ્ટેશનની સામેના સુરત શહેરી બસ સ્ટેશન ખાતેથી તેમજ રામનગર રાંદેર રોડ સુરત ખાતેથી બસ મળી રહેશે.

દિવાળીના તહેવારો દરમિયાન નિગમના સુરત વિભાગ ઉપરાંત અમદાવાદ, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, મહેસાણા, પાલનપુર સહિત અન્ય વિભાગો મળી મુસાફરોના ટ્રાફિકને પહોંચી વળવા અંદાજે ૧,૦૦૦ જેટલી એક્સ્ટ્રા બસો સંચાલન કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુસાફરો બસ સ્ટેશન ઉપરાંત એસ.ટી.દ્વારા નિમવામાં આવેલ બુકિંગ એજન્ટ, મોબાઈલ એપ, તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી પણ ઓનલાઈન ટિકિટનું બુકિંગ કરી શકશે. આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવનારને ‘‘એસ.ટી. આપના દ્વારે’’ યોજના અંતર્ગત મુસાફરોએ જણાવેલ જગ્યાએથી તેમના વતન સુધી પહોચાડવામાં આવશે તેમ, વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

## ગરબા પતાવીને પરત ફરતી ગાયિકાની કાર પર હુમલો

**। અરવલ્લી, તા.૨૯ ।**

અરવલ્લીમાં ગુજરાતની ગાયક કલાકાર શીતલ ઠાકોર પર હુમલાનો પ્રયાસ કરાયો હતો. શીતલ ઠાકોરની કારને અન્ય કાર ચાલકો દ્વારા ટક્કર મારવામાં આવી હતી. જેનો પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ધનસુરા પોલીસ સ્ટેશન નજીક આ બનાવ બન્યો હતો. ગરબા પૂરા કરીને પરત ફરી રહેલી યુવા ગાયિકા શીતલ ઠાકોરની કારની પાછળ કોઈએ ટક્કર મારી હતી. શીતલ ઠાકોરની કારને અન્ય કાર ચાલકો ટક્કર મારીને ભાગી છૂટ્યા હતા. શીતલ ઠાકોરની કારને નુકસાન થયાની તસવીરો સાથેની પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે. શીતલ ઠાકોર મોડાસા ખાતે નવરાત્રિનો પ્રોગ્રામ પતાવી પરત ફરી રહી હતી, તે સમયે આ બનાવ બન્યો હતો. આ મામલે ધનસુરા પોલીસે ઘટના અંગે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજની તપાસ શરૂ કરી છે. તેમજ શીતલ ઠાકોરે પણ સોશિયલ મીડિયા પર પોતાની સલામતી અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરી છે.

## પશુ ચરાવવા ગયેલા વૃદ્ધ સહિત બેના નદીમાં ડૂબવાથી મોત

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।**

અમદાવાદમાં લાંભા પાસે આવેલા કમોડ ગામના રબારી પરિવારના વૃદ્ધ સાબરમતી નદીના કિનારે પશુઓ ચરાવતા હતા. દરમિયાન પાણીમાં ડૂબી વૃદ્ધ અને એક યુવકનું મોત થયું હતું. આ બનાવ અંગે નારોલ પોલીસે અકસ્માતે મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.કમોડમાં તરવૈયા વૃદ્ધનો મૃતદેહ કાઢતા હતા અન્ય એક યુવક ડૂબ્યાની જાણ થઈ : નારોલ પોલીસે તપાસ હાથ ધરીઅમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના લાંભા વોર્ડમાં આવેલા કમોડ ગામના સર્કલ પાસે સાબરમતી નદીમાં આજે સવારે ૧૧ વાગે એક વ્યક્તિની લાશ પાણીમાં તરતી સ્થાનિક લોકોએ જોઈ હતી. જેની જાણ ફાયર બ્રિગેડ વિભાગને કરતા ફાયરની તરવૈયાની ટીમે કમોડના ૬૦ વર્ષનો મૃતદેહ બહાર કાઢ્યો હતો પૂછપરછ કરતાં તેઓ નદી કિનારે પશુ ચરાવવા ગયા હતા નદીમાં ડૂબી જવાથી મોત થયું હતું.દરમિયાન બીજી વ્યકિત પણ નદીના પાણીમાં ડૂબી ગઈ હોવાની જાણ થતાં ફાયર બ્રિગ્રેડેની ટીમ સાંજે ૬ વાગે યુવકની લાશ બહાર કાઢી હતી તે પણ કમોડમાં રહેતા ૩૫ વર્ષના યુવકનો હોવાનું બહાર આવ્યું હતું.

### નવરાત્રિમાં ગરબામાં જવા બદલ

## પત્નીને ઠપકો આપી હત્યા કરનાર પતિ સામેની અપીલ રદ

**। અમદાવાદ, તા.૨૯ ।**

નવરાત્રિ ઉત્સવ દરમિયાન ગરબા રમવા માટે જવા બદલ પત્નીને ઠપકો બાદ હત્યાના ગુનાના કેસમાં પતિને નિર્દોષ છોડવાના હુકમ સામેની અપીલ હાઈકોર્ટે રદબાતલ કરી છે. આરોપી પતિને સુરતની કોર્ટે નિર્દોષ ઠેરવ્યો હતો અને તેની સામે સરકારે અપીલ દાખલ કરી હતી. આ કેસમાં એવી હકીકત જણાઈ હતી કે આરોપીએ એક મહિલા સાથે લગ્ન કર્યા હોવા છતાંય તે બીજી એક મહિલા સાથે અલગ રીતે રહેતો હતો. એ વખતે વર્ષ ૧૯૯૨માં સુરત ખાતે તેઓ રહેતા હતા ત્યારે તેણે મહિલા (બીજી પત્ની)ના માથામાં મારતા તેનું મૃત્યુ થયું હતું. એટલું જ નહીં, તે અવારનવાર તેની બીજી પત્નીને માનસિક અને શારીરિક ત્રાસ આપતો હતો. ખાસ કરીને નવરાત્રિના તહેવાર દરમિયાન ગરબા રમવા માટે જવાનો વિરોધ કરતો હતો અને આ રીતે તે ઘરેલૂ હિંસા પણ કરતો હતો. મૃતક મહિલાના પિતાએ આ ગુનાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં એવા આક્ષેપો કર્યા હતા કે, આરોપી પરણેલો હોવા છતાંય તેણે તેમની પુત્રી સાથે બીજા લગ્ન કર્યા હતા. એટલું જ નહીં, એક સમયે ત્રણેય જણ એક સાથે રહેતા હતા. જોકે બંને પત્ની વચ્ચે ઝઘડા થતા હતા અને આરોપી માત્ર તેમની પુત્રી સાથે જ ઝઘડતો હતો. તેથી એકવાર તો તેમની પુત્રીને ઝેર પી લીધું હતું અને તેની સારવાર કરાવવી પડી હતી. ત્રણેય વચ્ચે સતત થતી માથાકૂટના પગલે તેમની પુત્રી અને આરોપી જુદાં રહેવા લાગ્યા હતા. પરંતુ તેના એક સપ્તાહ બાદ જ તે પહેલી પત્ની જોડે રહેવા જતો રહ્યો હતો. તેમની પુત્રીએ તેની માતાને કહ્યું હતું કે તે ઘરમાંથી સહેજ પણ બહાર નીકળે અથવા કોઈ એને મળવા આવે તો આરોપી તેને મારતો હતો. તેથી તેના પિતાએ તેના ઘરે જવાનું બંધ કર્યુ હતું. નવરાત્રિના તહેવારમાં તેમની પુત્રી ગરબા રમવા બહાર ગઈ હતી અને એકવાર તેમના ઘરે કંઈક સામાન આપવા આવી હતી. જેની જાણ થતાં આરોપીએ તેમની પુત્રીને ભયંકર ત્રાસ આપ્યો હતો. ફરિયાદીની હકીકત મુજબ ૭.૧૦.૧૯૯૨ના રોજ તેઓ જ્યારે કામ પર હતા ત્યારે તેમના પત્નીએ તેમને ફોન કરી પુત્રીના ઘરે તાત્કાલીક જવા કહ્યું હતું. કેમ કે તેને કંઈક થઈ ગયાની માહિતી મળી હતી. તેથી તેઓ પુત્રીના ઘરે દોડી ગયા હતા અને ત્યાં ટોળું જોઈને તેમને ધ્રાસકો પડ્યો હતો. અંદર જઈને જોયું પુત્રી પથારી પર મૃત અવસ્થામાં પડી હતી. આ સમગ્ર મામલે તેમણે ફરિયાદ નોંધાવતાં ટ્રાયલ ચાલી હતી અને સુરતની કોર્ટે પતિને નિર્દોષ જાહેર કર્યો હતો કેમ કે ફરિયાદી પક્ષ ‘બિયોન્ડ રિઝનેબલ ડાઉટ’ કેસ પુરવાર કરી શક્યા નહોતા. તેથી હાઈકોર્ટે પણ નીચલી કોર્ટના ચુકાદાને યોગ્ય ઠરાવી એને બહાલી આપી હતી અને નોંધ્યું હતું કે,‘નીચલી કોર્ટના ચુકાદામાં હસ્તક્ષેપ કરવાનું ઉચિત જણાતું નથી. તેથી સરકારની અપીલ રદ કરવામાં આવે છે.’

## ગીર સોમનાથમાં ભારે વરસાદ બાદ સ્થાનિક નદીઓમાં પૂર આવ્યું

**। (એજન્સી) ગીર-સોમનાથ, તા.૨૯ ।**

ગીર સોમનાથ જિલ્લા અને ઉપરવાસ ગીરના જંગલ વિસ્તારમાં વરસી રહેલા અવિરત વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. ભારે વરસાદને પગલે ગીર જંગલમાં આવેલો હિરણ-૨ ડેમ તેની સંપૂર્ણ સંગ્રહ સપાટીએ ભરાઈ ગયો છે. ડેમમાં પાણીની સતત આવકને નિયંત્રિત કરવા અને ડેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને, તંત્ર દ્વારા ડેમના ૫ દરવાજા ૦.૧૦ મીટર ખોલવામાં આવ્યા છે. જરૂર પડ્યે સુરક્ષિત સ્થળે ખસી જવા માટે પણ તૈયાર રહેવા સૂચના આપવામાં આવી છે. હજુ પણ ભારે વરસાદની આગાહીના કારણે તંત્ર એલર્ટ પર છે. ડેમમાંથી પાણી છોડવામાં આવતા તેની સીધી અસર વેરાવળની દેવકા નદી પર જોવા મળી છે. નદીમાં પાણીનું સ્તર અચાનક વધી જતાં પૂરની સ્થિતિ સર્જાઈ છે અને નદી બે કાંઠે વહેતી જોવા મળી રહી છે. વહીવટી તંત્ર દ્વારા સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, જો ગીરના જંગલ વિસ્તારમાં વરસાદનું જોર યથાવત રહેશે તો ડેમમાંથી વધુ પાણી છોડવાની ફરજ પડી શકે છે. આ સંજોગોમાં, વેરાવળ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની પ્રબળ આશંકા છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને, તંત્ર દ્વારા નદી કિનારાના અને શહેરના અન્ય નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા અને સાવચેતીના તમામ પગલાં લેવા માટે અપીલ કરવામાં આવી છે.

### બાળકોના શિક્ષણ માટે પુરસ્કાર કર્યો સમર્પિત

## પત્રકાર અને પદ્મભૂષણ સન્માનિત રજત શર્માને અપાયું આચાર્ય તુલસી સન્માન

### રજત શર્માએ એક લાખ રૂપિયાના પુરસ્કારને, બાળકોના શિક્ષણ માટે કાર્યરત ઇંડિયા ટીવીના ટ્રસ્ટમાં આપવાની જાહેરાત કરી હતી

**। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।**

મુખ્યમંત્રીએ તેરાપંથી જૈન સમાજના આચાર્ય શ્રમણજીના દર્શન કરી - આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રીએ સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રવિકાઓને વંદન કરી સૌનું દિલ જીતી લીધું હતું. આ પ્રસંગે રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ઈન્ડિયા ટીવીના મુખ્ય સંપાદક અને પદ્મભૂષણ રજત શર્માને તેમના સ્વચ્છ, સંયમિત તેમજ સકારાત્મક પત્રકારત્વના યોગદાન માટે ૧૬માં ‘‘આચાર્ય તુલસી સન્માન’’થી સન્માનિત કરવામાં આવ્યા હતા. રજત શર્માને સન્માન પત્ર, મોમેન્ટો અને એક લાખ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવ્યું હતું. રજત શર્માએ એક લાખ રૂપિયાના પુરસ્કારને, બાળકોના શિક્ષણ માટે કાર્યરત ઈંડિયા ટીવીના ટ્રસ્ટમાં આપવાની જાહેરાત કરી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, ભગવાને રચેલા સૃષ્ટિના નિયમોનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ક્યારેય સુખી નથી થઈ શકતી. કાર્ય અને કારણ વચ્ચે અવિભાજ્ય સંબંધ હોય છે, કારણ વગર કોઈ કાર્ય થતું નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભગવાન મહાવીર સ્વામીએ સ્થાપેલી જૈન પરંપરામાં અહિંસા એ મુખ્ય આધારશીલા છે. જ્યાં હિંસા છે ત્યાં દુઃખ છે, અને જ્યાં અહિંસા છે ત્યાં આનંદ જ આનંદ છે. સત્ય, અહિંસા, સંયમ, અપરિગ્રહ અને અસ્તેયને જીવનમાં સ્થાન આપનારા વ્યક્તિ જ સાચા અર્થમાં શાંતિ અને સુખ અનુભવે છે, જ્યારે આ સિદ્ધાંતોને ત્યજી દેવામાં આવે ત્યારે જીવનમાં દુઃખોનો આરંભ થાય છે. આ દુનિયાના અવિનાશી સિદ્ધાંતો છે. રાજ્યપાલે વધુમાં જણાવ્યું કે, આપણે આવ્યા એ પહેલા પણ આ દુનિયા હતી અને આપણે ગયા પછી પણ દુનિયા યથાવત્ રહેશે. જે આપણું નથી તેને છોડી દેવું એ જ ઋષિ-મુનિઓની પરંપરા છે. દુનિયામાં કોઈપણ પ્રાણી દુઃખ ઈચ્છતું નથી, દરેક જીવ માત્ર સુખની ઈચ્છા રાખે છે. પરંતુ અનુકૂળતા અને પ્રતિકૂળતા વચ્ચેના સંઘર્ષથી જ દુઃખ પેદા થાય છે. અનુકૂળતા સુખનું કારણ છે જ્યારે ઈચ્છા વિરુદ્ધ મળેલું પરિણામ દુઃખનું કારણ બને છે. આ શાશ્વત સિદ્ધાંતો આપણને ઋષિ-મુનિઓ તથા જૈન સંતોએ આપેલા છે. તેમણે શાસ્ત્રોક્ત સિદ્ધાંતોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, જે કાર્ય કરતા ભય લાગે, જે કાર્ય કરતા લજ્જા અનુભવાય અને જે કાર્ય કરતા શંકા થાય તેવું કાર્ય કરવું ન જોઈએ. આ જ શાસ્ત્રોનું અમૂલ્ય માર્ગદર્શન છે. આચાર્ય તુલસીએ આવા સિદ્ધાંતોના પ્રચાર-પ્રસાર માટે અવિરત પ્રયત્નો કર્યા હતા અને આજે આચાર્ય મહાશ્રમણજી પણ સમાજહિતનું કાર્ય કરી રહ્યા છે.

## રીક્ષા ચલાવીને ગુજરાન ચલાવતા વ્યક્તિને આવી ઈન્કમટેક્સની નોટિસ

**। (એજન્સી) પાટણ, તા.૨૯ ।**

હારીજના જુનામાંકા ગામે રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ચાલકને ઈન્કમટેક્સ વિભાગની નોટિસ આવતા હોબાળો મચી ગયો છે. વાત એમ છે કે, રીક્ષા ચાલક રોહિત પરમારને દવાખાના માટે રૂપિયાની જરૂર હોઈ તેના ગામના જ પરિચિત વ્યક્તિ શંકરભાઈ દેસાઈ પાસે ઉછીના રૂપિયા માંગ્યા હતા. શંકરભાઈને અમદાવાદ ખાતે રહેતા તેના એક મિત્ર બેંકમાં નોકરી કરે છે, જે ‘જિલ્લા ઉદ્યોગમાંથી તમને સબસીડીવાળી લોન કરી આપશે’ તેવું જણાવ્યું હતું, ત્યાર બાદ રીક્ષા ચાલક રોહિતભાઈને લોન બાબતે ફોન કરી અમદાવાદ આવવાનું કહી ડોક્યુમેન્ટ મંગાવ્યા હતા. બાદમાં ત્રણ ચાર ઈસમોને બોલાવી કાગળો પર રોહિતભાઈની સહીઓ કરાવી હતી અને અન્ય ઠક્કર ભાઈ નામનો વ્યક્તિ આવે એટલે રોહિતભાઈને બોલાવશું તેમ જણાવ્યું હતું. ત્યાર બાદ ચેક બુક આવી ગઈ હોવાનું કહી રોહિતભાઈને અમદાવાદ બોલાવી સહીઓ કરાવી હવે લોન પાસ થઈ જશે તેમ જણાવ્યું હતું. સમય વીતી ગયા બાદ પણ લોન અંગે કોઈ જવાબ ન મળતા રોહિતભાઈએ ડોક્યુમેન્ટ પાછા માંગ્યા હતા, જેમાં કેટલાક ડોકયુમેન્ટ પરત આપ્યા હતા અને બીજા ડોક્યુમેન્ટ આપ્યા ન હતા. ૪જૂન ના રોજ રોહિતભાઈના મોબાઈલ પર ઈન્કમટેક્સ વિભાગમાંથી નોટિસ અંગેનો ફોન આવ્યો હતો.

## ટ્રક પાછળ લક્ઝરી બસ ઘૂસતાં ૩ના મોત, ૨૦થી વધુ ઇજાગ્રસ્ત

**। (એજન્સી) બોટાદ, તા.૨૯ ।**

બોટાદ જિલ્લાના પાળીયાદથી સાકરડી ગામના માર્ગ પર ૨૯ સપ્ટેમ્બર વહેલી સવારે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. એક ટ્રક અને ખાનગી લક્ઝરી બસ વચ્ચે થયેલા આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત થયા હતા, જ્યારે ૨૦થી વધુ લોકોને ગંભીર અને સામાન્ય ઈજાઓ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.પ્રાથમિક માહિતી અનુસાર, અકસ્માતનો ભોગ બનેલી લક્ઝરી બસમાં આશરે ૫૦થી ૬૦ જેટલા લોકો સવાર હતા. આ બસમાં રાણપુર તાલુકાના ઉમરાળા ગામની રત્નકલાકાર મહિલાઓ બે દિવસના ધાર્મિક પ્રવાસ સ્થળની મુલાકાત લઈને પરત ફરતી વેળાએ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં રાણપુર તાલુકાના ઉમરાળા ગામના વલ્લભભાઈ વશરામભાઈ ગોહિલ, અલ્પેશભાઈ બચુભાઈ વસાણી અને મુકેશભાઈ બુધાભાઈ સહિત ત્રણના મોત નીપજ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અકસ્માત સાકરડી રોડ પર થયો હતો. રોડ પર ઉભેલા એક ટ્રકની પાછળ પૂરઝડપે આવી રહેલી ખાનગી લક્ઝરી બસ ધડાકાભેર ઘૂસી જતાં આ ગમખ્વાર બનાવ બન્યો હતો.ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી.

